પૂ-ભા. શ્રી- જયંતીલાલ ત્રિભુવનદાસ
(કલકત્તા)
તરફથી- સપ્રેમ
સર્વે વૈષ્ણવોને
સદૈન્ય-ભગવદ્સ્મરણ
સહ
સપ્રેમ-જયશ્રીકૃષ્ણ

॥ यज्ञभोक्त्रे नमः । यज्ञकर्त्रे नमः ॥
ઉજ્જેન કુંભપર્વ અને સોમયજ્ઞની સ્મૃતિમાં

સોમયજ્ઞ-સ્મૃતિ

(ઉજ્જૈન : સં. ૨૦૩૬)

સંપતભાઈ
જેઠાલાલને
કુકરસ્ડી
ઘાટકોપર

લેખક–સંપાદક
પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'
તંત્રી : 'વૈશ્વાનર'
ઝવેરી બજાર, પોરબંદર–૩૬૦ ૫૭૫

* પ્રકાશક *

અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
(કલકત્તા શાખા)
૩૫/૧૧ પદ્મપુકુર રોડ, ભવાનીપુર, કલકત્તા–૨૦

લેખક – સંપાદક
પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'
તંત્રી : વૈશ્વાનર'
ઝવેરી બજાર, પોરબંદર – ૩૬૦ ૫૭૫

•

આવૃત્તિ
પ્રથમ

•

સંવત
૨૦૩૭

•

પ્રત
૨૦૦૦

•

નોછાવર
પંદર રૂપિયા

•

પ્રકાશક
અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
કલકત્તા શાખા
૩૫/૧૧ પદ્દુપુકુર રોડ, ભવાનીપુર, કલકત્તા–૨૦

•

મુદ્રક
પ્રેમલાલ ગો. મેવચા
વૈશ્વાનર પ્રિન્ટર્સ
લિબર્ટી ટોકીઝ રોડ,
પોરબંદર – ૩૬૦ ૫૭૫ (ફોન – 1666)

અનુક્રમણિકા

૧. अस्मदीयम् पृ. ३
૨. આજ્ઞાપત્ર ૪
૩. સૂચના ૪/૧
૪. કુંભપર્વ એવં સોમયાગ ૫
(ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજ)
૫. શુભેચ્છા ૬
(ગો. શ્રીલાલમણિજી)
૬. સોમયજ્ઞ ૭
(ગો. શ્રીવ્રજરાયજી મહારાજ)
૭. શુભેચ્છા ૮
(ચિ. ગો. શ્રી વ્રજેન્દ્ર)
૮. કર્તવ્યપાલન ૯
(ગો. શ્રીવ્રજાધીશજી મહારાજ)
૯. પુષ્ટિમાર્ગ અને કુંભપર્વ ૧૧
(ગો. શ્રીરઘુનાથજી મહારાજ)
૧૦. શ્રીમદ્વલ્લભાચાર્ય અને સોમયજ્ઞ ૧૩
(ગો. શ્રીપ્રથમેશજી)
૧૧. સોમયજ્ઞની પ્રાચીન પરંપરા ૩૬
(ગો. શ્રીમાધવરાયજી મહારાજ)
૧૨. સોમયજ્ઞ : વૈદિક પરંપરાનો નિર્વાહ ૩૮
(ગો. શ્રીરસિકરાયજી મહારાજ)
૧૩. સફલ સોમયજ્ઞ (મૂલપુરુષ) ૩૯
૧૪. સોમયજ્ઞ–સ્મૃતિ ૪૦
(પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય')
૧૫. ઉજ્જેનમાં કુંભપર્વ અને સોમયજ્ઞ ૪૯
(પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય')
૧૬. આવક–જાવકનો હિસાબ ૭૯
૧૭. સાર્વજનિક વક્તવ્ય ૮૦
(ગો. શ્રી પ્રથમેશજી)
૧૮. આભાર–દર્શન ટા. પે. ૪



શ્રીમહાપ્રભુજી (સેવ્ય સ્વરૂપ)

[મુંબઈમાં પૂ. પા. શ્રી પ્રથમેશજી ઉપર બિરાજે છે.]



સોમયજ્ઞ-સ્મૃતિ

(ઉજ્જૈન સં. ૨૦૩૯)

[દ્વિ. વર્ષ : ૩] વૈશ્વાનર [અંક : ૫-૬

લેખક-સંપાદક

પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'

॥ अस्मदीयम् ॥

શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના કૃપાકટાક્ષથી આ 'સોમયજ્ઞ સ્મૃતિ'ને ગ્રંથસ્થ સ્વરૂપે પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.

ઉજ્જૈન, શ્રીવલ્લભાચાર્યનગરમાં પૂ. પા. શ્રીપ્રથમેશજીના તત્વાવધાનમાં જે 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'નું દિવ્ય અને ભવ્ય આયોજન થયેલું, એ અભૂતપૂર્વ અનન્ય અને પુષ્ટિમાર્ગના ગૌરવમાં અસાધારણ વૃદ્ધિ કરનાર હતું.

આ સમગ્ર આયોજનની સુંદર વ્યવસ્થા કરનાર શ્રી દ્વારકાદાસ રાણા, શ્રી પરમાનંદ સોની અને એમના સહયોગીઓ ધન્યવાદ એવં માનના અધિકારી બન્યા છે.

ઉક્ત બંને મહાનુભાવોએ 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ' સંબંધી જે વૃત્તાંત અમોને લખી મોકલાવેલ, તેના આધારે આ ગ્રંથનું લખાણ તૈયાર કરવામાં આવ્યું છે.

પૂ. પા. શ્રીપ્રથમેશજીએ પોતાના લેખમાં સુબોધિનીજી અને અન્ય આકર ગ્રંથોનાં પ્રમાણો સાથે ઠોસ સાહિત્ય-સામગ્રી પીરસી છે, તે મનનીય તથા સંગ્રાહ્ય છે તદુપરાંત એઓશ્રીએ દક્ષિણનો પ્રવાસ કરીને ત્યાંથી મેળવેલ કૃષ્ણદેવરાય (વિદ્યાનગર)નો દુર્લભ ફોટો, હમ્પીના અવશેષો તથા વિદ્યાનગરના રાજમહેલમાં આવેલ શિલાલેખના ફોટાઓ મોકલીને પ્રાચીન ઇતિહાસને યથાર્થતાનો ઓપ આપી, અભ્યાસીઓને મૂલ્યવાન ચિત્રયુક્ત સામગ્રી પ્રદાન કરી છે.

ગ્રંથના લેખન-સાહિત્યને વ્યવસ્થિત કરવામાં તેમજ એને સુંદર સ્વરૂપે પ્રસ્તુત કરતાં એના પ્રકાશનમાં જે વિલંબ થયો છે, તે બદલ અમે ક્ષમાયાચના કરીએ છીએ અને પ્રથમવાર જ પ્રકાશિત સાહિત્યયુક્ત આ ગ્રંથને વાક્પતિના શ્રીચરણોમાં સમર્પિત કરીએ છીએ.

– પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'

॥ શ્રીહરિઃ ॥

આજ્ઞાપત્ર

એચ. એચ. પ્રથમેશ

'લાલમણિ' ૨૫/૩૧, ડૉ. એ. મર્ચંટ રોડ,
ભૂલેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૨

શ્રીપરમાનંદજી સોની,
સાદર આશિષ.

શ્રીવહુજીના કહેવા ઉપરથી જાણ્યું કે, ત્યાં (ઉજ્જેનમાં) 'કુંભ' માટે વ્યવસ્થા થઈ શકશે. તો નીચેના મુદ્દાઓ લક્ષમાં લેશોજી.

૧. જમીન ઉજ્જેનમાં છે તેની અત્યારથી વ્યવસ્થા કરી લેવી જોઈએ. કારણ કે, તે વખતે સરકાર એકવાયર કરી લે છે. અને 'સોમયજ્ઞ'વગેરેમાં પ્રથમ જ સ્થાન વધુ માગીએ તો સગવડ રહે.

(૨) પ્લાન-જમીનનો પ્લાન કરી વ્યવસ્થા કરવાની, જેનાથી શોભા પણ લાગે, તેમજ કાર્ય પણ વ્યવસ્થિત કરી શકાય, બાંધવામાં અને તંબુઓ લગાડવામાં સગવડ રહે.

(૩) વીજળી માટે અરજી તેમજ અન્ય વ્યવસ્થા કરવાની.

(૪) નળની પાઈપલાઈન લેવાની એપ્લિકેશન વગેરે કરવાની, જે સરકાર તરફથી મળે છે.

(૫) તંબુઓ-ડેરા તંબુને માટે અત્યારથી ભાવ નક્કી કરવાથી રકમ ઓછી લાગશે અને માલ પણ સારો મળશે.

(૬) ફોન-ટેલિફોનની અરજી અત્યારથી આપવી, જેનાથી સંપર્ક થઈ શકે.

(૭) તારનું સરનામું રજિસ્ટર કરાવવું.

(૮) રિઝર્વ પાલ કેટલા રહેશે તેની નોંધ.

(૯) મ્યુનિસિપાલિટીનાં જાજરુઓની એપ્લિકેશન.

(૧૦) સ્ટેશન ઉપર ટેબલ રાખવાની પરમિશન તથા તેની વ્યવસ્થા.

(૧૧) તેમજ વૈષ્ણવોને ફરવું ન પડે તેના માટે યોગ્ય સ્વયંસેવકો રાખવા કે સમાધાની રાખવા.

(૧૨) વૈષ્ણવોની એક 'અર્થાર્જન સમિતિ' નીમવી, જે ભંડોળ ભેગું કરવાની વ્યવસ્થા કરે, તેમજ 'સોવેનિયર' વગેરેમાં શું છાપવું તે નક્કી કરે.

આ બધાં સૂચનો વગરમાગ્યે આપું છું, જેની કોઈ કિંમત થશે નહીં; છતાં મારી સંસ્થાની બદનામી ન થાય તે ભાવનાથી આપ્યાં છે. મારા પત્રનો જવાબ રીતસર મળ્યો નથી. માટે શ્રીવહૂજીના કહેવા ઉપરથી જ ફરજ સમજીને જાણ કરી છે. શેષ ભગવત્કૃપા.

ભવદીય,
ગો. શ્રી. રણછોડાચાર્ય

મે. ભગવાનદાસ મગનલાલ, હ. સુમનભાઈ શાહ, કલકતા

॥ श्रीहरिः ॥

H. H. PRATHMESH

श्रीवल्लभाचार्यनगर,
उज्जैन, दि. ३-४-१९८०

सू च ना

श्रीमान् सद्स्यगण,
'कुम्भ - आयोजन समिति'
सादर आशिषः ।

इस 'परिपत्र' के द्वारा यह अनुरोध कराता हूँ कि, हमारी समिति का सभी आगन्तुकों के साथ सद्व्यवहार रहे, और उनका यथोचित सन्मान किया जाय, इसीमें श्रीमद्वल्लभाचार्य का सुयश होगा ।

जो लोग अपने संप्रदाय के हैं या किसी भी धर्म के हों, उनको स्थान निश्शुल्क, रहने के बड़े स्थान में देना समीचीन होगा । यथाशक्ति दाल-रोटी भी देने से इन्ही लोगों द्वारा यशविस्तार होता है । रुपयों से तो सभी आदर करते हैं ।

श्री नत्थीजी अधिकारी को भी समझायें और मर्यादियों की व्यवस्था पृथक् होनी चाहिए ।

आगन्तुक आचार्यों के लिए उन्ही के डेरों के पीछे शौचालय, स्नानागार तथा तपेली का प्रबन्ध करना ही योग्य है ।

इसी प्रकार यात्रियों की व्यवस्था होने से आपकी ख्याति और भी बढ़ेगी । तथा गम्भीर रूप से विचारने पर निस्साधन एवं ससाधन जन आपको आशीर्वाद देंगे।

शेष भगवत्कृपा ।

भवदीय
गो. रणछोड़ाचार्य

શ્રી જે. એમ. પટેલ, વેસ્ટ વીખમકેન્ટ, લંડન

अग्निहोत्रं तथा दर्शपूर्णमासः पशुस्तथा ।
चातुर्मास्यानि सोमश्च क्रमात्पञ्चविधो हरिः ॥

—श्रीमद्वल्लभाचार्यजी
(तत्त्वार्थदीपनिबन्ध–सर्वनिर्णयप्रकरण)

કુંભપર્વ એવં સોમયાગ

ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજ
(મુંબઈ)

[પ્રસ્તુત લેખના વિદ્વાન લેખકશ્રીએ 'કુંભપર્વ' અને 'સોમયાગ'ની વિશિષ્ટતા દર્શાવી, વર્તમાન સમયમાં એની આવશ્યકતા વિષે જે પ્રતિપાદન કર્યું છે, તે મનનીય એવં વિચારણીય છે.—તંત્રી]

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ જગન્નાથપુરી કી વિદ્વત્સભા મેં સમ્માનિત હુએ થે. જહાઁ પ્રસિદ્ધ નિર્ણય--

एकं शास्त्रं देवकीपुत्रगीतम् एको देवो देवकीपुत्र एव ।
मन्त्रोप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥

સાક્ષાત્ શ્રીજગન્નાથજી દ્વારા પ્રાપ્ત હુઆ થા. શ્રીમહાપ્રભુ વિદ્યાનગર કે સર્વ ધર્મ-સમ્મેલન મેં ભી અનામંત્રિત સમ્મિલિત હુએ થે. ફિર ભી જબ કુછ લોગ પૂછતે હૈં કિ પુષ્ટિમાર્ગીયોં કો કુંભપર્વ પર એકત્રિત હોને કી આવશ્યકતા ક્યા ? તો વે પુષ્ટિમાર્ગ કા એક અતિસંકીર્ણ સ્વરૂપ ઉપસ્થાપિત કરતે હૈં ! યહ તથ્ય હૈ કિ પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાપ્રણાલી સ્વગૃહ મેં ભગવત્સેવા-કથામય જીવનપ્રણાલી મેં એક ગૃહસ્થ કે ગાર્હસ્થ્યોચિત નિજી રૂપ હોના ચાહિયે.

પુષ્ટિભક્તિમાર્ગ મેં ભગવત્સેવા સાર્વજનિક નહીં હો સકતી. પર સાથ હી સાથ યહ નહીં ભૂલના ચાહિયે કિ હમારે યહાઁ ભાવપોષણ, ભાવસંરક્ષણ સે હોતા હૈ. ભાવસંરક્ષણ કા ઉપાય ભાષ્યકાર યહ દિખલાતે હૈં—भगवद्भावस्य **रसात्मक**त्वेन गुप्तस्यैव अभिवृद्धिस्वभावकत्वादि । स्वधर्मैरेव लोके स्वं भगवद्भावमनाविष्कुर्वन् भजेत । વર્ણાશ્રમધર્મોં કે અનુષ્ઠાન સે હી ભાવ કે સંગોપન કા નિયમ હૈ; યથાકથંચિદ્ નહીં.

ઐસી સ્થિતિ મેં સોમયાગ કા આયોજન તથા સર્વધર્મસમ્મેલન કે અવસર પર, કુંભ આદિ પર્વો પર પુષ્ટિમાર્ગીયોં કા ઉપસ્થિત રહના તથા અપને વૈષ્ણવધર્મ કી પ્રતિષ્ઠા

શ્રી વિમુબહેન સી. પટેલ, પો. બો. ૧૮૫, સુવા (ફીઝી)

કો બઢ઼ાને કા યથાસામર્થ્ય પ્રયાસ કરના શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ પ્રભૃતિ પ્રથમ આચાર્યોં કે દ્વારા પ્રવર્તિત એવં અનુષ્ઠિત પ્રકાર હી હૈ.

અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ ઇસ દિશા મેં વિગત કઈ વર્ષોં સે સક્રિય હોકર ઇન કુંભ આદિ પર્વોં પર પુષ્ટિમાર્ગ કી ગરિમા કે અનુરૂપ આયોજન કરતી આ રહી હૈ.

ઇસ વર્ષ ચૈત્ર-વૈશાખ મેં ઉજ્જૈન કુંભપર્વ પર 'સોમયાગ' કા આયોજન ભી ઇસી ગરિમામય કાર્યક્રમ કી ગૌરવમય કડ઼ી થી.

* * *

श्रीहरिः ।

બમ્બઈ, દિ. ૨૨-૧૦-'૮૦

'કુંભ' કે પુનીત પર્વ પર 'વલ્લભનગર' કે આયોજન કા દર્શન કર હૃદય ઉલ્લાસ ઔર ઉત્સાહ સે ભર ઉઠા.

વલ્લભીય સૃષ્ટિ કા ઐસા અપૂર્વ સંગઠન ઔર પરિચય તથા પુષ્ટિ પ્રેમ કે અજસ્ર સ્રોત કો દેખકર પુષ્ટિમાર્ગ કે ૫૦૦ કયા યાવત્દિવાચન્દ્ર ચલને કી આશા પ્રકટ હો ગઈ. ખાસકર, કલકત્તા કે વૈષ્ણવવૃન્દ ધન્યવાદ કે પાત્ર હૈ હી, ઔર ઉનકા પુષ્ટિપ્રેમ અતુલનીય હૈ.

ભવદીય,
લાલમણિ

શ્રી અજય નેવર, કલકત્તા-૧

સોમયજ્ઞ

ગો. શ્રી વ્રજરાયજી મહારાજ

'શુદ્ધાદ્વૈતતિલકાયત્તઃ' શુદ્ધાદ્વૈતવાચસ્પતિઃ'
'વિદ્યામ્ભોનિધિઃ'

*

યહ શ્રીમદ્વલ્લભ કે પૂર્વજ એવં વંશજન કે દ્વારા હોતો ચલ્યો આયો હૈ. यज् - દેવપૂજા, સંગતિકરણ, દાન ઇતને અર્થન મેં વિચાર્યો હૈ.

શ્રીમદાચાર્યચરણ કે સભી ક્રિયાકલાપ 'स्व' 'अर्थोज्झिताखिलप्राणप्रियः' ચરિતાર્થ ભયે હૈ. 'સ્વ' શબ્દાર્થ જાતિ, ધન, મૈં ઔર મેરા—૪ મેં પ્રયોક્તવ્ય હૈ.

યહાઁ પ્રાણપ્રિય કી પૂજા—तन्मनोरथानुसरणम् (ઇતિ સુબોધિની). 'देव'-दिवु-ક્રીડા, નિરંતર रसो वै सः કો સાહચર્ય—વાકો સંગતિકરણ જનમન સૂં હોય, સો પ્રાંજલ ઉદ્દેશ.

दान - લાભાલાભ શ્રીજી કૂં સોંપ કે યદૃચ્છાલાભસંતુષ્ટ રહે; ચતુર્વિધ પુરુષાર્થપરાયણ પ્રામાણિકતા સૂં યજ્ઞશિષ્ટ પ્રસાદ પાવે. તબ ભગવાન ગીતોક્ત પ્રકાર સૂં-

अहं वैश्वानरो भूत्वा प्राणीनां देहमाश्रितः ।
.... पचाम्यन्नं चतुर्विधम् ॥

અન્ન કૂં બાફનો સ્વાસ્થ્ય કે લિયે આવશ્યક, કિંતુ મનોવિનોદ આસ્વાદ વિના અસંભવ.

पूष्णामि चौषधिः सर्वा, 'सोमो' भूत्वा 'रसात्मकः'

'वैष्णवाः वै वनस्पतयः' ઇતિ શ્રુતિ. ઉનકે પોષણાર્થ ત્રિવિધ ફલરૂપ શ્રીમદ્વિટ્ઠલ રસમય દાન અંગીકાર કરકેં યા

શ્રી ગિરિરાજ ટ્રેડીંગ એજન્સી, નયા બજાર, ગ્વાલિયર

યજ્ઞ (વૈશ્વાનરાવતાર હરિવદન દ્વારા) સંપન્ન કરકેં આજ કે પામર જીવન કૂં યથાવિધિ, યથાધિકાર અભ્યુદય, નિઃશ્રેયસ્ દે હૈં, દેતે રહેંગે.

પ્રમેયબલ સૂં ઐસી સિદ્ધિ, ઐસી સંગતિ, યા સોમયાગ સૂં સંપન્ન હોય હૈ.

શ્રીવિટ્ઠલનાથ ચંદ ઊગ્યો જગ મેં, ભક્ત ચાંદની છાય રહી.

* * *

॥ श्रीनटवरप्रभुर्विजयते ॥

અમદાવાદ
દિ. ૨૨-૧૦-'૮૦

શ્રીમાન્ ૧૦૮ શ્રીવલ્લભકુલચક્રચૂડામણિ શ્રી ગો૦ કાકાજી કે ચરણોં મેં શતશઃ નમસ્કાર.

આજકલ અપને સમક્ષ જો ધર્મસંકટ પ્રાપ્ત હો રહા હૈ, ઇસકે સામને શ્રીકાકાજી (પૂ. પાદ પ્રથમેશજી) જૈસે ૮-૧૦ ગોસ્વામી બાલક કેવલ લાભાલાભ સે દૂર હોકર કેવલ પુષ્ટિમાર્ગ ઔર ધર્મ કી રક્ષા કે લિયે કટિબદ્ધ હો જાય, તો ઇસ ધર્મ કી રક્ષા હો સકેગી.

આપ કી ઉજ્જૈન - વલ્લભનગર મેં વ્યવસ્થા ઔર પુષ્ટિમાર્ગ કે સમ્માન કે લિયે જો વ્યવસ્થા કી વહ દેખ કે મન બહુત પ્રસન્ન હુઆ.

આપ કો વશંવદ
વ્રજેન્દ્ર
કે નમસ્કાર.

મે. બી. ઈ. (પ્રા.) લિમિટેડ, ૭, લાયન્સ રેન્જ, કલકત્તા-૧

કર્તવ્યપાલન

ગો. શ્રી વ્રજાધીશજી મહારાજ
બી. કોમ., એલએલ. બી, એડવોકેટ
(મુંબઈ)

*

અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ કી 'હીરક જયંતી' કે અવસર પર વૈષ્ણવ જનતા કો મેરી હાર્દિક અપીલ હૈ કિ આજ કે ઇસ કઠિન કાલ મેં, જબકિ વૈષ્ણવ સમાજ કા ધાર્મિક દૃષ્ટિ તથા સાંસ્કૃતિક દૃષ્ટિ સે પતન હો રહા હૈ. આપ સબ કા કર્તવ્ય હો જાતા હૈ કિ હમ સબ એક હોકર હમારે ઉપર આઈ હુઈ ઇસ આપત્તિ કો દૂર કરને કી કોશિષ કરેં. યહ તભી હો સકતા હૈ જબ હમારા સંગઠન મજબૂત હો.

ભારત જૈસે બડ઼ે દેશ મેં જહાઁ અનેક પ્રકાર કે દર્શનોં કો માનને વાલે લોગ રહતે હૈં, વહાઁ પર હિન્દૂ માત્ર કો સંગઠિત કરને કે લિયે અખિલ ભારતીય ઉત્સવોં કા આયોજન કિયા જાતા થા. દૃષ્ટાંત કે લિયે 'કુંભ' ઔર અન્ય ધર્મસ્થાનોં પર મેલે આદિ લગાના.

વલ્લભીય વૈષ્ણવ સમાજ ને ઉન પર્વોં સે દૂર રહકર ખુદ કો આજ એકાકી બના લિયા હૈ. લેકિન સૌભાગ્ય સે પ્રથમ પીઠાધીશ ગો. શ્રી રણછોડ઼ાચાર્યજી 'પ્રથમેશજી' ને યહ ભૂલ સુધારને કી કોશિષ કી, ઔર ચાર-પાઁચ કુંભ મેલોં મેં અપના સ્થાન બનાકર અપની પરંપરા કો પુનર્જીવિત કિયા.

મે. કિશોર ટ્રેડિંગ કું., ૨, ઈન્ડિયા એક્સચેંજ પ્લેસ, કલકત્તા-૧

ઇસ શુભ અવસર પર મૈં પ્રત્યેક વૈષ્ણવ સે ઔર હરએક વલ્લભ સંપ્રદાય કે આચાર્ય સે અનુરોધ કરતા હૂં કિ, અગર હિન્દૂ સમાજ મેં અપને સ્થાન કો સુરક્ષિત રખના હૈ ઔર શ્રીવલ્લભાચાર્યજી કે સંદેશ કો ઘર ઘર પહુઁચાના હૈ તો કટિબદ્ધ હોકર હમમેં સે પ્રત્યેક વ્યક્તિ કો પરિષદ્ કો મજબૂત બનાના ચાહિયે, ઔર પરિષદ્ કે નીચે એકત્રિત હોકર અપની શક્તિ કે અનુસાર અપને સંપ્રદાય તથા સમાજકે હિત કે કાર્યોં મેં જુડ જાના ચાહિયે.

અંત મેં શ્રીબાલકૃષ્ણ પ્રભુ સબ કો સદ્બુદ્ધિ દેં, ઔર અપને કર્તવ્યોં કા ભાન કરાવેં.

* * *

મે. લાલમુખ ટી. કું. પ્રા. લિમિટેડ, ૨૧ આર. એન. મુખરજી રોડ, કલકત્તા-૧

પુષ્ટિમાર્ગ એવં કુંભપર્વ

ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ
M. A.
(મુંબઈ)

સાધારણતયા યહ પ્રશ્ન ઉઠતા હૈ કિ પુષ્ટિમાર્ગ કા કુંભપર્વ કે સાથ ક્યા સંબંધ હૈ ? ક્યા પુષ્ટિભક્તોં કો કુંભપર્વ કી અપેક્ષા હૈ ? યદિ અપેક્ષા નહીં તો ઇસ પરંપરા કી સુરક્ષા સે ક્યા લાભ ?

નિઃસન્દેહ જબ કેવલ પુષ્ટિમાર્ગ કી દૃષ્ટિ સે વિચાર કિયા જાતા હૈ તો પુષ્ટિભક્તિમાર્ગ કે રંગ મેં રંગે ભક્ત કો પ્રભુપ્રાપ્ત્યર્થ કિસી ભી સાધનત્વેન કિયે જાને વાલે ધર્મ કી અપેક્ષા નહીં રહતી, જિસ કી પુષ્ટિ નિમ્ન ભગવદ્વાક્યોં સે હોતી હૈ--

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ भा० ११-१४-२०
भक्त्याहमेकया ग्राह्यः श्रद्धयात्मा प्रियः सताम् ।
भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि संभवात् ॥२१॥
धर्मः सत्यदयोपेतो विद्या वा तपसान्विता ।
मद्भक्त्यापेतमात्मानं न सम्यक् प्रपुनाति हि ॥२२॥

ભગવદ્ભક્ત પ્રહ્લાદજી કે શબ્દોં મેં ભી સ્પષ્ટ હૈ—

नालं द्विजत्वं देवत्वं ऋषित्वं वा सुरात्मजाः ।
प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञता ॥७-७-५१॥
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद् विडम्बनम् ॥५२॥

ઉપર્યુક્ત ભગવદ્વાક્યોં તથા ભક્તોક્ત વાક્યોં સે સ્પષ્ટ હો જાતા હૈ કિ પુષ્ટિમાર્ગ મેં ભગવત્પ્રાપ્તિ કે લિયે ઇતર સાધનોં કી કોઈ આવશ્યકતા નહીં.

મે. ડોલુ ટી. કું. પ્રા. લિમિટેડ, ૨૧ આર. એન. મુખરજી રોડ, કલકત્તા-૧

सर्वधर्मात्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि
मा शुचः ॥ (१९-६६)

શ્રીમદ્વલ્લભાચાર્ય ને પુષ્ટિમાર્ગ કા ઉપદેશ દેતે હુયે ભગવત્સેવા કરને કી આજ્ઞા દી હૈ—

कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ।
चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ॥
ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥
(सि. मु. व.)

ભક્તિમાર્ગ અસહાયશૂર હોને કે કારણ તન્નિષ્ઠ ભક્ત કો અહંતા-મમતાત્મક સંસાર-નિવૃત્તિ એવં બ્રહ્મ કે સ્વરૂપ કા જ્ઞાન—દોનોં ભગવત્સેવા સે હી પ્રાપ્ત હો જાતે હૈં. અતઃ સ્વરૂપાસક્ત પુષ્ટિભક્ત કા મન યુગ યુગ કે સંચિત પાપોં કો નષ્ટ કરનેવાલે કુંભપર્વ મેં ભી નહીં જાતા.

ઇસ લેખ કો પઢ઼કર લોગ યહ સમઝેંગે કિ મૈં ધર્મમાર્ગ કા વિરોધી હૂઁ; પરંતુ યહ બાત સર્વથા નહીં હૈ, ઔર ન યહ બાત યાવન્માત્ર પુષ્ટિમાર્ગિયોં કે લિયે હી હૈ. હમારે આચાર્યોં ને વૈદિક સંસ્કૃતિ એવં વર્ણાશ્રમધર્મ કી રક્ષા કર સમાજ કી વ્યવસ્થા કો સુદૃઢ઼ બનાયા હૈ. સાધનમાર્ગ કી અસારતા કો જાનતે હુયે ભી શ્રૌત-સ્માર્ત ધર્મ ભગવદુક્ત હોને કે કારણ આચાર્યચરણ ને ધર્મમાર્ગ કી રક્ષા કરને કો આજ્ઞા કી હૈ—

तस्माद्वेदोक्तमार्गेषु न स्वल्पोपि पतेद्बुध ।
अतः स एव सद्धर्मैः सेव्यो वर्णिभिरादरात् ॥
(त. दी. नि. स. २१०)

धर्ममार्गं परित्यज्य छलेनाधर्मवर्तिनः ।
पतन्ति नरके घोरे पाषण्डमतवर्तनात् ॥ (२११)

ઇસ પ્રકાર આચાર્યચરણો ને વેદોક્ત ધર્મ-માર્ગ મેં શ્રીકૃષ્ણ કી સેવા કરને કો કહા હૈ. યથા—

शास्त्रमवगत्य मनोवाग्देहैः श्रीकृष्णः सेव्यः ।

સાધનમાર્ગ દેહપરક હૈ તો પુષ્ટિમાર્ગ આત્મપરક. દેહપરક સાધનમાર્ગ કો આત્મપરક પુષ્ટિમાર્ગ કે સાથ જોડ઼કર દોનોં કા પરસ્પર સુંદર તાલમેલ બૈઠાયા હૈ. યહી એક કડ઼ી હમેં મિલતી હૈ જિસસે હમ કુંભપર્વ કે મહત્ત્વ કો સમઝેં. લેકિન, સાથ હી યહ ન ભૂલેં કી યદિ કિસી કા અંગભંગ હો જાય તો વહ મર નહીં જાતા. પરંતુ આત્મા કે અસ્તિત્વ બિના તો ઉસકા અસ્તિત્વ હી નહીં રહ જાતા. પ્રિયતમા, દિલ તો અપને પ્રિયતમ કો દે દેતી હૈ, બાકી ઔર સબ કે સાથ સમઝૌતા કરતી હૈ. ઠીક ઉસી પ્રકાર આચાર્યચરણ ને દિલ કો ભગવાન્ શ્રીકૃષ્ણ કો દેકર ધર્મમાર્ગ સે સમઝૌતા કિયા હૈ. ઇસ દૃષ્ટિ સે કુલ કો ભી સ્થાન દિયા હૈ. ઉસકે સાથ ભી સમઝૌતા હૈ.

ઇસી સમઝૌતે કે માધ્યમ સે આચાર્યચરણ એવં શ્રીવિઠ્ઠલેશ્વર પ્રભુને 'કુંભપર્વ' કો મહત્ત્વ દિયા હૈ. ઔર પ્રયાગ, હરિદ્વાર, નાસિક, ઉજ્જૈન જૈસે તીર્થોં કો સનાથ કિયા.

भवद्विधा भागवतास्तीर्थभूताः स्वयं विभो ।
तीर्थीकुर्वन्ति तीर्थाणि स्वान्तःस्थेन गदाभृता ॥
भा० १-१३-१०

ઉજ્જૈન 'કુંભપર્વ' પર, 'અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્' દ્વારા આયોજિત વલ્લભાચાર્યનગર મેં હરિ-ગુરુ-વૈષ્ણવોં કી તન-મન-ધન સે સેવાકર એક મહાન્ કાર્ય કિયા હૈ. પૂ. પા. પ્રથમેશ દાદાભાઈ કી પ્રેરણા કા હી યહ ફલ હૈ. ◆

મે. શાહ બ્રધર્સ, ૨૨, નેતાજી સુભાષ રોડ, કલકત્તા-૧

શ્રીવલ્લભાચાર્ય અને સોમયજ્ઞ

ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ
(પ્રથમેશ)

*

[જગદ્‌ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી અને એઓશ્રીના પૂર્વજો તેમજ વંશજો સાથે 'સોમયજ્ઞ'નો શો સંબંધ છે તે, તથા પુષ્ટિમાર્ગમાં શું સ્થાન છે, તે દર્શાવતો પ્રસ્તુત લેખ અનેક રીતે આવકાર્ય તેમજ અભિનંદનીય છે. **–તંત્રી**]

વર્તમાન યુગમાં વલ્લભ સંપ્રદાયના અનુયાયીઓની જાણ માટે શ્રીવલ્લભાચાર્ય અને એમની કુલપરંપરામાં 'સોમયજ્ઞ'નું મહત્ત્વ સમજવું આવશ્યક છે. આ વિષય ઉપર વિવેચન કરતાં શ્રી લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખે લખેલ પુસ્તક 'શ્રીમદ્‌વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું જીવનચરિત્ર'ને સંશોધન કરી, શ્રી મોતીલાલ લલ્લુભાઈ પારેખ. એલએલ.બી., બારિયા સ્ટેટના દીવાને પ્રસિદ્ધ પ્રસિદ્ધ કર્યું છે, તેનો અંશ અહીં ઉપસ્થિત કરું છું. આ ગ્રંથ સંવત્ ૧૯૮૦ અને વલ્લભાબ્દ ૪૪૫માં પ્રસિદ્ધ થયેલ છે. અહીં ઈતિહાસ માટે આ ગ્રંથનું પ્રસ્તુતીકરણ આવશ્યક બન્યું છે.

આજે વલ્લભ સંપ્રદાયના અનુયાયીઓ વેદધર્મની મહત્તા તો નથી જાણતા, પણ પોતાની અવૈદિક માન્યતાઓને પુષ્ટિમાર્ગ તરીકે ઓળખાવે છે, તે સ્થિતિ જોતાં પૂર્વ ઈતિહાસ રજૂ કરવાની ફરજ પડી છે. આ વિષયમાં 'વૈષ્ણવ-વાણી' માસિક પત્રિકામાં આચાર્યપુત્ર શ્રી બાલુરાજાને પ્રશ્નો પૂછાયા હતા અને સામાન્ય રીતે તે પ્રશ્નોનું સમાધાન પણ આપે આપ્યું હતું. છતાં આ વિષયમાં બધી શંકાઓનું સમાધાન ન થઈ શકે, તેથી વિશદ વિવેચન કરવું જોઈએ, જેથી સંપ્રદાયમાં વૈદિક સદાચારની માન્યતા શી છે, તે લોકો

મે. એન. આર. શાહની કું. ૪-બી રણવીર બિલ્ડિંગ, ૭૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨૨

સમજી શકે, અને વૈદિક મત જ નહીં, વેદ મત જ આચાર્યશ્રીને માન્ય છે તે સમજીને ભ્રમણા દૂર થાય તે હેતુસર આ પ્રયાસ છે.

‘વૈષ્ણવવાણી’માં બે પ્રશ્નો કરવામાં આવ્યા હતા : (૧) શું આ સમયમાં સોમયજ્ઞ કરવો ઉચિત છે ? (૨) અને તેથી (સોમયજ્ઞથી) સકામ કર્મને ઉત્તેજન નહીં મળે ? આ પ્રશ્નોનું સમાધાન, આ લેખથી વિગતવાર થશે એવી મારી માન્યતા છે.

દેશ કાલ અને સમયની પરિસ્થિતિ સમજાવતાં શ્રી પારેખ જણાવે છે કે,

ચરિત્ર સમય

ચરિત્રનાયક (શ્રીવલ્લભાચાર્યજી)નો સમય વિક્રમના સોળમા શતકનો છે, હિંદુસ્તાનની તે સમયના અર્સાની રાજકીય, સામાજિક અને ધાર્મિક સ્થિતિ ધ્યાનમાં રાખવાથી ચરિત્રવિષય યથાર્થ સુગમતા થશે એમ ધારી તે સંબંધી ટૂંકી નોટ અહીં કરીએ છીએ.

રાજકીય સ્થિતિ

વિક્રમના પંદરમા સૈકાના ઉત્તર ભાગમા તુગલક અને સૈયદ વંશના દિલ્હીપતિઓની કારકિર્દીનો અંત આવ્યો અને લોદી વંશનો અમલ શરૂ થયો. તે વંશના સિકંદરશાહના મરણ વખતે તેની સત્તા નીચે પંજાબ, દુઆબ, અયોધ્યા, લખનઉ, જુવાનપુર, બિહાર અને યમુના નદીના પશ્ચિમ તરફનો સતલજથી બૂંદેલખંડ સુધીનો મુલક હતો. સદર મુલકો સુલતાનની રાજસત્તા નીચે હતા. પરંતુ તેના હેઠળ અનેક નાનાં રાજ્યો, ઠકરાતો, જાગીરો વગેરેની હકુમત ચાલતી. રાજ્યના સઘળા રાજકારભારમાં મુખ્ય અધિકારવાળી જગ્યાઓ અફગાન સરદારો પાસે હતી, અને ઘણીખરી સારી જાગીરો પણ તેઓ જ ભોગવતા હતા.

સિકંદરશાહની પછી ઈબ્રાહીમ લોદી સં. ૧૫૭૪માં ગાદીએ બેઠો. તે વખતે તેના મુખ્ય અફગાન સરદારોએ ઠરાવ કર્યો કે, તેના ભાઈ જિલાલખાનને જુવાનપુરની ગાદી આપવી. આ ઠરાવ ઈબ્રાહીમખાનને પસંદ નહીં પડવાથી ઘણી મહેનતને અંતે જિલાલખાનને મારી નખાવ્યો. ત્યારબાદ સુલતાનના વર્ગથી તેની અને તેના સરદારો વચ્ચે ખટપટ જાગી અને રાજ્યમાં બળવો જાગ્યો. પરિણામે ‘ઘર ફૂટે ઘર જાય’ એ ધોરણે મોગલ બાબરને હિંદુસ્તાન ઉપર ચડાઈ લાવવા આમંત્રણ મળ્યું, હિંદુસ્તાન ઉપર બાબરનો ડોળો અગાઉ લાંબા વખતથી હતો. એટલે મળેલી તકનો લાભ લઈ ચડાઈ કરી, ઈબ્રાહીમખાનને પાણિપતના યુદ્ધમાં હરાવી, બાબર દિલ્હીના તખ્ત ઉપર સં. ૧૫૮૨માં બેઠો.

રાજપૂતાના

ચિતોડના મહારાણા સાંગાની આણ આ અરસામાં રણથંભોર, ચંદેરી વગેરે સ્થાનો ઉપર હતી.

બાબરની કારકિર્દી

બાબરનો ચાર વરસનો ટૂંકો અમલ રાજકીય ઉથલ પાથલ, બળવા અને લડાઈઓથી ભરેલો હતો. સર્વત્ર અશાંતિ દેખાઈ રહી હતી. હુમાયુના વખતમાં પણ તે સ્થિતિ કાયમ જ રહી હતી. તેણે ગુજરાત અને બંગાલ દેશો જીત્યા હતા; પરંતુ તે હાથમાં રહી શક્યા નહોતા.



શ્રીકૃષ્ણદેવરાય (વિજયનગર)

ગુજરાત

કરણ વાઘેલાના અંત પછી ગુજરાતમાં મુસલમાનોની સત્તા દિવસે દિવસે જામતી ગઈ. મુસલમાન સુલ્તાનો પૈકી કેટલાએકની કારકિર્દી ન્યાયપરાયણ હતી; પરંતુ મોટા ભાગે તેઓ ધર્માંધતાથી હિંદુઓની ધાર્મિક લાગણી દુખાય એવાં કામો કરતા. કોઈ કોઈ સમયે હિંદુઓને વટલાવવાની મહેનત થતી હતી. એમના વખતમાં લડાઈઓ ચાલ્યા જ કરતી અને રાજકીય ફેરફારો અવારનવાર થયા જ કરતા હતા.

દક્ષિણ હિંદુસ્તાન

બ્રાહ્મણી વંશના નાશ પછી તેમના મોટા રાજ્યના ટુકડા થઈ પાંચ નાનાં રાજ્યો સં. ૧૫૪૫માં સ્થપાયાં હતાં.

વિદ્યાનગર (વિજયાનગર)

વિદ્યાનગરના હિંદુ રાજાઓ દક્ષિણમાં ઘણા લાંબા વખતથી રાજ્ય કરતા હતા. તે સમયે આ રાજ્યનો વિસ્તાર પૂર્વ તરફ રાજમહેન્દ્રી, પશ્ચિમ તરફ ભાટકલ, ઉત્તરમાં ઓરિસા અને દક્ષિણમાં કન્યાકુમારી સુધી હતો. આ રાજ્ય તે વખતે ચડતીના શિખરે હતું, અને શ્રીવલ્લભાચાર્યના સમયમાં રાજ્યધુરા મહાપ્રતાપી, ધર્મધુરંધર, વિદ્વત્ શિરોમણિ અને પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણદેવરાય વહન કરતા હતા.

ઉપર જણાવ્યા મુજબ તે હકીકતથી સમજાશે કે શ્રીવલ્લભના પૂર્વનો તેમજ તેમના જીવનનો સમય હિંદુસ્તાનમાં રાજકીય લડાઈનો, અશાંતિ, અને અંધાધુંધીનો હતો. પરસ્પર ‘કાફર’ હિંદુઓ અને ‘મલેચ્છ’ મુસલમાનો વચ્ચે તેમજ પોતપોતામાં પણ નિરંતર યુદ્ધ ચાલતાં અને લોહીની નદીઓ વહેતી હતી.

સામાજિક સ્થિતિ

સમાજના આધારરૂપ વિવાહ સંસ્કાર અને વિવાહિત સ્ત્રી-પુરુષોના સંબંધ ઉપર રાજકીય વાતાવરણની અસર પૂરેપૂરી થયેલી જણાતી હતી. સત્તાધારી કોમના પંજામાં સપડાતી બાળાઓને બચાવવા માટે તેમને કુમળી વયમાં જ પરણાવી દઈ જવાબદારીમાંથી મુક્ત થવાની ઈચ્છા માતાપિતાને રહેતી હતી. આના થકી કાચા બાંધાના સ્ત્રી-પુરુષોના સંબંધથી મુખ્યરૂપે બે જાતનાં પરિણામો આવ્યાં. ઈન્દ્રિયનિગ્રહ દુષ્કર બનતાં અનીતિ અને અનાચાર વધ્યાં. તેની સાથે જ ભાવિ પ્રજા પણ વીર્યહીન, બલહીન, શૌર્યહીન થતી ગઈ. વખતના વહેવા સાથે પરદેશીઓની ગુલામીની જંજીર જકડતી ગઈ. આવા પરદેશીના પગપેસારા અને ગુલામીનાં બંધનો તોડવામાં અસમર્થ થઈ ગયા, તેમજ પરાધીનતા અંગે આવેલા દુર્ગુણો તેમનામાં ઊતરવા માંડયા. નારીઓમાં સતીત્વની રક્ષા માટે તેમને ઓઝલમાં રાખવાની ફરજ પડી. ધીમે ધીમે સ્ત્રીઓમા નિર્ભયતાનો નાશ થવા લાગ્યો. બીજી બાજુ અધિકારીઓ અને અમલદારો તેમજ ઉમરાવોની વિષયાસક્તિના મોજશોખ, લોકોને આધુનિકતા જેમ મોહ પમાડવા લાગ્યા હતા. તેના પરિણામ સ્વરૂપે ભારતીય લોકોની સાદી, નિષ્પાપ અને સંતોષી જિંદગી બગડવા લાગી, તેમજ તેનાં પરિણામોના પડઘા સમાજ ઉપર ઘણા જ આકરા થયા.

શિક્ષાસંસ્થા

શોખીન જિંદગાનીના અવિચારિત આકર્ષણથી શિક્ષણ ઉપર માઠી અસર થઇ. તેમજ ભાષા બદલાઈ જવાથી સંસ્કારો પણ બદલાવાં લાગ્યા.

ઉચ્ચવર્ણતા લોકોમાં પણ સીમિત કેળવણી રહી ગઈ અને રાજ તરફથી બધાને શિક્ષા આપવાનો ક્રમ ભંગ થઈ ગયો. ક્યાંક કોઈ ઠેકાણે જે પંડિતો અને મૌલવીઓ શાસ્ત્રીય ચિંતન કરતા અને શિક્ષણ સંસ્થાઓ નબળી પડતી ગઈ. શાસ્ત્રરચના અને જનશિક્ષાના સ્રોતો તૂટતાં સા શિક્ષા તેમજ ધર્મશિક્ષા વિહીન થતાં બદલાયેલ રાજભાષાની છાપ પડી, તેમજ તકસાધુઓથી દેશની સાંસ્કૃતિક તેમજ ધાર્મિક ચેતનામાં ઊણપ આવવા લાગી. પ્રજાની સ્થિતિ કાળે કરીને નિર્માલ્ય બનતી ગઈ. આમ ભારતીય શાસનની ક્રમશઃ હાનિ, દુષ્ટ શાસનથી થવા લાગી હતી.

ગપોટા

સત્યનો નિર્ણય કરવા માટે બુદ્ધિ અને સાધનની ખામી હોવાથી લોકો અસંભવિત વાતો ખરી માનતા અને ધૂતારાઓથી ઘણી ઘણી વખત આડે રસ્તે દોરવાઈ ઠગાતા અને મૂંઝાતા હતા. રાજકીય ન્યાય ઉપર પણ મૌલવી અને મુલ્લાઓના વર્ચસ્વથી તમામ વ્યવસ્થા પક્ષપાતવાળી થતી ગઈ. સત્તાના મારમાં શાણપણ સંતાઈ ગઈ.

વ્યાપાર

વ્યાપારનું બંધારણ ખપજોગું જે હતું. આગગાડી જેવાં સાધનોના અભાવે લોકો પોતાના ગામમાં કે પ્રગણામાં જોઈતા ખોરાક અને વસ્ત્ર વગેરેનાં સાધન પેદા કરતા અને તેના વિનિમયમાં જ સંતોષ માનતા. વ્યાપારમાં હાલની જ્વરયુક્ત પ્રવૃત્તિ જણાતી નહોતી. ખપપૂરતાં સાધનોને ઉપજાવીને લોકો કામ ચલાવતા. તેમજ ભારતીય કલા, સંગીત, સંસ્કૃતિ, સાહિત્ય તેમજ ઉચ્ચ કલાઓને મોગલો પોતાનો રંગ આપવા લાગ્યા. તેના પરિણામે આજના વિદ્વાનો પણ મોગલકાલનો પ્રભાવ વગર વિચાર્યે હિંદુકલા, વેષ અને સંગીત તેમજ ગણિત અને બીજા વિષયો ઉપર જોવા લાગ્યા. તે મોગલ શાસનમાં ઘણીખરી હિંદુ કલાત્મકતા અને સંગીત વગેરેનું તેમજ સ્થાપત્યનું મોગલીકરણ, અત્યારની જેમ પશ્ચિમીકરણની માફક થવા લાગ્યું. જેવી રીતે આજે રાષ્ટ્રીયકરણની નીતિથી થઈ રહેલું છે. આ રીતે ત્યારની સ્થિતિ કટોકટીની જ કહી શકાય તેમાં શંકા નથી.

કલાકારીગીરી અને રાજધર્મ

કલાકારીગીરીને વૈભવશાળી રાજકર્તાઓ તરફથી સારું પ્રોત્સાહન મળતું હતું. જુદા જુદા રાજ્યોનાં પાટનગરો દરેક પ્રકારની કલાકારીગીરી અને વિદ્યાનાં ધામ હતાં. આ વિષે એક દાખલો પૂરતો થશે, જે ભારતીય હિંદુરાજ્યની વિશાળ અને ઉદાર પ્રવૃત્તિની સમજ માટે ઉપયોગી થશે, તેમજ આજના સંપ્રદાયો અને ધર્મ ઉપર અવિચારિત આક્ષેપ કરનારા પણ સમજી શકશે, તે ઇચ્છવાયોગ્ય છે.

રાજા કૃષ્ણદેવરાયના વખતમાં વિદ્યાનગર (અત્યારે હમ્પી) રાજ્યના પાટનગરના વર્ણનમાં આવે છે (જુઓ : બી-સૂર્યનારાયણ રાવ કૃત 'વિજયનગરનો ઇતિહાસ'—અંગ્રેજી) કે તેમાં રાજ્યના કારખાનાને અંગે બે હજાર કારીગરો, લુહારો, ધોબીઓ તથા બસો જેટલો રસોઈયાઓ સારવાર માટે રાખવામાં આવતા હતા. સુંદર અને કિંમતી વસ્ત્રાભૂષણોથી સુશોભિત પરિચારિકાઓ, સેવિકાઓની સંખ્યા લગભગ બાર હજાર જેટલી હતી. પાઠશાળાઓમાં હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાંના ઉત્તમમાં ઉત્તમ વિદ્વાનો રાખવામાં આવેલા હતા. આ રીતે તે પાટનગર

વાસુદેવ આર. શેઠ, કલકત્તા





હમ્પીમાંથી મળી આવેલ પ્રાચીન અવશેષો.



Sree Virupaksheswaraswamy
Prasanna.
Guide To Pilgrims.

Stalapurana:- Hampi is Called "Pampakshetra" According To Skandhapurana, Pampadevi, daughter of Brahma, did great penance on the banks of Pampasarovara & succeeded in marrying Lord Siva, also called Virupaksheswara on account of the third eye. The deity which is Udbhava Linga is also popularly known as Pampapati..

Epic:- Hampi has been referred to as Kishkindha in Valmiki Ramayana. Rama worshiped Virupaksha, took assistance from Sugriva and Anjaneya in redeeming Sitha from Lanka. The existence of Sabari asram, Anjanadri hill, Sugriva's cave, Valibhandar etc.. at Hampi are [illegible] evidences of Kishkinda Kanda in Rama[illegible]

Historical:- Hukka and Bukka founded Vijayanagara empire at Hampi in 1336 A.D. with the assistance of Vidyaranya who invoked the blessings of Bhuvaneswari

and got rain of gold. Twenty three emperors belonging to Sangama, Salva, Tuluva and Aravidu dynasties ruled over Vijayanagar empire which spread from Goa to Cuttak in the north and covering the entire southern portion of the peninsula. The empire lasted in its glory till the battle of Talikota in 1565 A.D. It survived till 1672 A.D. with capitals at Penagonda, Chandragiri and vellore. Krishnadevaraya was the greatest of the Vijayanagar emperors. Nicolo Conti of Itali, Abdur Razzaq of Persia, Peas and Nuniz of Portugal visited Vijayanagar and have left thrilling accounts of wealth and glory of the empire.

Cultural:- Eminent poets in Kannada, Telugu & Sanskrit flourished for 300 years. Architecture in granite stone, embossed figures on stone walls, musical pillars and stone ratham in Vittalaswamy temple, monoliths in the form of Ugranarasimha, [illegible] and Kadlekal Ganeshas, open air mantapams [illegible] formed Vijayanagar architecture. Lotus mahal [illegible] indicate the introduction of Indosarcenic architecture [illegible] ceiling in the Rangamantapam show the advancement [illegible] irrigation & sea trade flourished. Vijayanagar monarchs maintained secularisam, religious harmony, peace and [illegible] through out the period.

TEMPLE AUTHORITY

શ્રી કૃષ્ણદેવરાય (વિજયનગર) ના મહેલમાં શિલાલેખ.

વિદ્યા અને લક્ષ્મીની કામના કરનારાઓથી [illegible] રહેતું હતું. ઉદ્‌ભટ્ટ વિદ્વાનોનું આ ધામ હતું. કલાકૌશલ, સાહિત્ય અને વિજ્ઞાન-શાસ્ત્રને ઉદાર રીતે રાજ્ય તરફથી આશ્રય અને પ્રોત્સાહન મળતું હતું. રાજ્યમાં મોટાં દેવાલયોની સંખ્યા ચાર હજાર જેટલી હતી. અને નાનાં મંદિરો પણ અનેક હતાં. આમ રાજાઓનો વૈભવ લોકોને ભારે પડતો નહોતો. કારણ કે રાજ્યદ્રવ્ય ફરી ફરીને લોકોના હાથમાં જ આવતું હતું. લોકોની આર્થિક સ્થિતિ સારી હતી, તેમજ દિવસે દિવસે શાન્તિ વધતી જતી હતી. આ રીતે હિન્દુરાજ્યની સંપદા અને ઉદાર વ્યવસ્થાથી મોગલ શાસકોને ચિંતા રહેતી હતી અને એને સમાપ્ત કરવાનાં કાવતરાં અવારનવાર રચાતાં હતાં.

આ પ્રસંગમાં આ જણાવવું યોગ્ય લાગે છે કે, સંપ્રદાયના અનુયાયી લોકો ઇતિહાસની દૃષ્ટિથી શ્રીવલ્લભાચાર્યની મોટી ઉંમર માની શાસ્ત્રાર્થના સમયમાં ફેરફાર કરવા માગે છે તે ઇતિહાસ વિરુદ્ધ છે. કેમકે વિદ્યાનગર અને વિજયનગર હાલમાં છે. તે બન્ને નોખાં છે. વિદ્યાનગરનો વિનાશ મોટી લડાઈમાં કૃષ્ણદેવરાય (રાજા) પછી થયો છે અને મૂળ સ્થાન હમ્પી છે. ત્યાંના રામકુંડને જ પહેલા વિદ્યાકુંડ તરીકે લોકો ઓળખાવે છે. આજે પણ ત્યાંનાં ખંડેરો તે રાજની પૂર્વની યશકથા કહી રહ્યાં છે. ઘણાં મંદિરો પડી ગયાં છે. સભામંડપ પણ ભંગાર થઈ ગયો છે. ઘણો સંભવ છે કે નૃસિંહમંદિરે જતાં જે સભામંડપ આવે છે ત્યાં જ શ્રી-વલ્લભાચાર્યનો શાસ્ત્રાર્થ અને કનકાભિષેક થયો હોય તેવી શકયતા છે. મારી દક્ષિણયાત્રાના સમયમાં ત્યાંના રાજકુટુંબ સાથે થોડા સમય પૂર્વે વાત થઈ ત્યારે આ જાણવા મળ્યું હતું કે, રામકુંડ, વિદ્યાકુંડ છે. ત્યાંનાં રાણીસાહેબા બનેડાના રાજકુટુંબની કન્યા છે.

બનેડાની જાગીર

આ જાગીર પહેલાં ઉદયપુર રાજમાં હતી; અત્યારે બનેડા રાજસ્થાનમાં છે, અત્યારનાં રાજમાતા પણ વલ્લભસંપ્રદાયનાં અનુયાયી છે અને તેઓ હાલ જયપુરમાં પણ નિવાસ કરે છે. હજી આ વિષયમાં પ્રામાણિક વધુ માહિતી મેળવવાની જરૂર છે.

(આ લેખમાં આ જગ્યાએ પૂ. લેખકશ્રીએ હમ્પીમાંથી પ્રાપ્ત થયેલ ચિત્ર ઉપરથી કૃષ્ણ-દેવરાયનો ફોટો બ્લોક અને ત્યાંના શંકરમઠના શિલાલેખની કોપી આપવાનુ લખ્યું છે; પરંતુ તે બંને અમને મળ્યાં ન હોવાથી અત્રે આપી શકાયાં નથી. જો એ મળ્યાં હોત અને અત્રે પ્રસિદ્ધ થયાં હોત તો સંપ્રદાયના ઇતિહાસમાં એક નવી કડી જોડાઈ જાત. ભગવદ્‌ઈચ્છા ! –તંત્રી)

જ્ઞાતિ અને ગોળનાં બંધારણ

પરધર્મમાં બળજબરીએ વટલાવવાની પ્રવૃત્તિ ચાલતી હોવાથી હિંદુઓને હિંદુપણું જાળવવા માટે વર્ણાશ્રમધર્મમાં પણ પેટા જ્ઞાતિઓ રચવાની ફરજ પડી હતી તેમ જણાય છે. જ્ઞાતિઓમાં વ્યવસ્થા જાળવવા માટે જાતિમાં વિભાજન કરવામાં આવ્યું હતું. આ પેટા જ્ઞાતિઓ, જેમકે નાગર, મોઢ, દશા, વીસાના ભેદો થયા હતા. જેનાથકી ભેળસેળ ન થાય, ક્યાંય પણ ભ્રમથી કોઈ ખોટું પગલું ભરાઈ ન જાય, તેથી આ ઉપભેદો બન્યા. કાળાંતરે કરીને આવા ભેદોમાં ભોજન અને કન્યાવ્યવહાર

પણ બંધ થઈ ગયો હતો. આનાથી મૂલ સ્વરૂપથી લોકો અપરિચિત બની ગયા અને પોતાના વિભાગને સ્વતંત્ર માનવા લાગ્યા. આ ક્રમમાં પછીથી જ્ઞાતિભોજનો પણ શરૂ થયાં હતાં. આમ ધીમે ધીમે લોકોમાં નિર્માલ્યતા આવી ગઈ હતી. જ્યાં ધર્મ અને જાતિ ધર્મને પાળવાની શક્તિ હતી. ત્યાં પણ અનેક વિભાગો થયા, તેમજ જ્ઞાતિભોજન પણ ઓછાં થઈ ગયાં. આ હકીકત, ગુજરાત અને મહારાષ્ટ્રની ત્યારની સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવાથી બરોબર સમજી શકાશે.

સ્વધર્મ ભૂલી ગયા

સ્વધર્મના વાસ્તવિક સ્વરૂપના અજ્ઞાનને લીધે ધર્માચાર નિર્જીવ ખોળિયા જેવો બાહ્યાચાર થઈ પડ્યો, અને લોકોમાં પાખંડ તેમજ વહેમ વધવા માંડ્યા. પરિણામ એ આવ્યું કે, તીર્થમાં પવિત્ર મહાત્માઓનાં દર્શનને બદલે કુકર્મમાં મચી રહેલાઓની મેદની જોવામાં આવતી. કારણ કે, અનેક પ્રકારનાં પાપથી ડંખાયેલા હૃદયનું પામર જીવ ગમે તેવા બાહ્યાચારથી સમાધાન કરવા પ્રયત્ન કરતો.

ધર્મગુરુઓ મટી ગોર પંડ્યા થઈ ગયા હતા. ચોરાસી અને બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓનું ગંભીરતાથી વિચાર કરતાં તેનું રહસ્ય વિચારીએ તો તે ઉપરથી ધર્મ, સમાજ વગેરેની સ્થિતિનો સારો ખ્યાલ આવી શકે છે.

ધાર્મિક સ્થિતિ

ધાર્મિક સ્થિતિનો યથાર્થ પરંતુ સંક્ષિપ્ત ચિતાર શ્રીમહાપ્રભુજી પ્રણીત ‘તત્ત્વાર્થદીપ નિબંધ’ અને ‘કૃષ્ણાશ્રય’ આદિ ગ્રંથોમાંથી મળી આવે છે.

કૃષ્ણાશ્રયમાં પોતે જણાવે છે કે, ‘ધર્મ સંબંધી સર્વ માર્ગો નષ્ટપ્રભ થઈ ગયા છે, અને શુદ્ધ ધર્મને બદલે અંદરથી દુષ્ટધર્મવાળો અને બહારથી રમણીય લાગતો ખલધર્મ અને પાખંડ વધી પડ્યાં છે; દેશમાં મ્લેચ્છ બુદ્ધિવાળાનું બળ વધી પડ્યું છે અને તેથી આ પુણ્યભૂમિ પાપનું ધામ થઈ પડી છે; ગંગાજી વગેરે પવિત્ર તીર્થો દુષ્ટોના નિવાસથી કલંકિત અને ભ્રષ્ટ થયાં છે અને તેમનું માહાત્મ્ય તિરોહિત (છૂપાઈ) ગયું છે; સાધુ કહેવાતા પુરુષોની આંખે અહંકારનાં પડલ આવવાથી તેઓ મૂઢ બની ગયા છે અને તેથી સદાચાર અને પરમાર્થરૂપી તેમનો પરમ શ્રેયસ્કર ધર્મ કોરે મૂકી તેઓ લાભ અને પ્રતિષ્ઠાની જ આકાંક્ષા કરે છે અને પાપમાં આસક્તિ રાખે છે. તાત્પર્ય, ફલ અને અધિષ્ઠાતા દેવ સંબંધીનું અજ્ઞાન હોવાથી તથા મંત્રોપાસના કરનારમાં બ્રહ્મચર્યાદિ અધિકાર નહીં હોવાથી મંત્રો ફલદાતા નીવડતા નથી. લોકો સર્વ કર્મો અને વ્રતો દંભથી કરે છે.

નિબંધમાં આચાર્યશ્રી જણાવે છે કે,

‘હાલ કલિકાલમાં વૈષ્ણવો વિરુદ્ધાચારમાં તત્પર, સ્વાધ્યાય ધર્મોથી હીન, સદાચારથી વિમુખ, ઘોળાતા મનવાળા, ભ્રમિત અને ઇન્દ્રિયોના વિષયોમાં પરાયણ છે. આવા લોકોએ કરેલો ધર્માચાર વિધિહીન છે.’

ધર્મનું પરમ ઉત્કૃષ્ટ અને બળવત્તમ આશ્રયસ્થાન સંન્યાસીઓ છે. તેઓ પોતાની સર્વસ્વ ત્યાગવૃત્તિથી, પોતાના અનુભવમાં ઉતારેલા અગાધ જ્ઞાન-ભંડારથી, અને પોતાના કેવળ પ્રભુપરાયણ જીવનથી ધર્મને અવલંબન આપનારા હતા. પણ પ્રસ્તુત સમયમાં ઇતર આશ્રમવાસીઓની પેઠે સંન્યાસીઓની સ્થિતિ પણ બગડી ગઈ હતી. સંન્યાસ જ્ઞાનીને ઘટે છે; અજ્ઞાનીને નહીં. તેને બદલે જેમ જિંદગીથી કંટાળેલો મૂર્ખ માણસ દુઃખનો અંત આપઘાતમાં જુએ છે, તે જ પ્રમાણે કરજથી, કુભારજાથી કે કુકર્મથી પીડાયેલા મૂર્ખાઓ સંન્યાસીનો ભેખ ધરવામાં દુઃખ-મુક્તિ શોધે છે. આ પ્રમાણે બને ત્યારે સ્વાભાવિક છે કે, ભેખ ધરનારમાં નિંદિત કર્માચરણ જોવામાં આવે છે.

મે. ભગવતી કેમલ ફેક્ટરી, ૬૨૪/૧ મોજપુર, દિલ્હી-૫૩

જુદા જુદા પંથો અને પૂજન-વિધાન

જેમ સમાજમાં જ્ઞાતિઓના કકડા થયા અને ફાંટાઓ નીકળ્યા, તેમ સનાતન સંપ્રદાયોમાંથી મનસ્વી પંડિતોએ અનેક માર્ગો ઊપજાવી કાઢી પ્રચલિત કર્યા. એક જ દૃષ્ટાંત આ મુદ્દો સ્પષ્ટ કરવા પૂરતું છે. મહેશ્વર (સદાશિવ) ના ઉપાસકો માહેશ્વર કહેવાય છે. તેઓના નીચે પ્રમાણે ભેદ હતા :



સામાન્ય રીતે જોતાં હિંદુઓમાંનો પંડિતવર્ગ શ્રીમાન શંકરાચાર્યના કેવલાદ્વૈત સિદ્ધાંતને સ્વીકારી શિવપૂજન કરતો. બાકીનાઓ રામ અને કૃષ્ણને ભજતા હતા અને દેવીપૂજન પણ ચાલતું હતું. જૈનોનું જોર પણ તે વખતે ઓછું ન હતું. એકંદરે લોકોમાં ધાર્મિક સિદ્ધાંતોનું અજ્ઞાન હતું. તેથી મનમાંથી નિર્મલ અને દૃઢ શ્રદ્ધાનો લોપ થયો હતો. દુનિયાદારીનાં મોજાંમાં ઘસડાતું મન, ધર્મનું ઓશિંગણ કહેવાતા કર્મકાંડની ક્રિયાઓ અને દોરા, ધાગા,

મે. શ્રોફ ટ્રાન્સપોર્ટ સર્વિસ, ૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ-૧

ચિઠ્ઠી, તાવીજ વગેરે વહેમોમાં શાન્તિ શોધતું હતું. આમ नाना मतानि विप्रेषु भूत्वा कुर्वन्ति मोहनम् । આચાર્ય વાક્ય અનુસાર અનેક મત મતાંતરો પ્રચલિત હતા. તેમાં શુદ્ધ વૈદિકતાની પરંપરા ધૂંધવાઈ ગઈ હતી. ઘણા કલ્પિત પ્રકારો પણ આજની જેમ ચાલવા લાગ્યા, તે અકબરના સમયમાં ‘દીને ઈલાહી’ જેવા ધર્મની કલ્પનાથી જાણી શકાય છે.

આ પ્રમાણે દેશ, કાલ, કર્તા, મંત્ર વગેરેની પરિસ્થિતિનો ખ્યાલ આપણને શ્રીવલ્લભાચાર્ય આપે છે. તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ શ્રીવલ્લભ પોતાના નિજજનો માટે વિશેષ સાધન કરે છે તે તેમના જીવનચરિત્રમાં આપણે વિચાર કરીશું.

ભક્તિનો ઉદય

આવા વિલક્ષણ વાતાવરણમાં પરમકૃપાળુ પરમાત્માની કોઈ અનેરી લીલાના પ્રભાવે ભક્તિના ભાવિ ઉદયની વધાઈ ગુજરાતના ભક્તકવિશિરોમણિ નરસી મહેતાએ ગાઈ. તેનો સુશ્રાવ્ય પડઘો તત્કાલીન ઈતર સાહિત્યમાં બહુ સ્ફુટ પડ્યો છે. નીચેનાં અવતરણો તેની શાખ પૂરશે :–

‘શાસ્ત્ર બાંધી સાગરમાં, મારો હરિ આપશે હાર’
‘કલિયુગમાં હરિ-ભક્તિ મોટી, મોટું નારાયણ નામ જી’.

ભીમ કહે કે,

‘વ્રત દાન તપ તીરથ સાર,
સમોવડ નાવે નામ મુરાર.’
કલિયુગે કૃષ્ણ–નામ સમોવડ
સદાચારી હરિ–ભક્ત સમોવડ’
તેને કૃષ્ણ–કીર્તન ભાવે

રાજપૂતાનાના મુકુટમણિ રાણાજીની પટરાણી કવયિત્રી મીરાબાઈએ અલૌકિક વેણુનાદ ઝીલી પોતાની સુધામયી વાણીમાં ભક્તિરસનું પાન તે જ સમયે કરાવ્યું છે. બંગાળમાં ગૌરાંગ (શ્રીકૃષ્ણ ચૈતન્ય) બહિર્મુખ સૃષ્ટિનો મેલ ભજનાનંદથી તે જ વખતે ધોતા હતા. તે જ દક્ષિણમાં નામદેવ, ચાંગદેવ, જ્ઞાનદેવ વગેરેએ ભક્તિના ઉદયના દુંદુભિ વગાડ્યાં હતાં.

જે પ્રમાણે કલ્લોલ કરતું આ જગત આશા શ્રદ્ધાથી પ્રાતઃકાળમાં અરુણોદયની રાહ જૂએ છે, તે જ પ્રમાણે ભગવાન શ્રીવલ્લભના પ્રાકટ્યનો સમય પ્રાપ્ત થયો છે, એમ દૈવી આસુરી સંપત્તિવાળા બન્ને પ્રકારનાં મનુષ્યોની પ્રવૃત્તિનું નિરીક્ષણ કરતાં નિઃસંદેહ પ્રતીતિ થતી હતી કે, ભક્તિમાર્ગનો સૂર્ય પ્રાચીમાં પ્રકટશે.

શ્રીવલ્લભના પૂર્વજો અને પ્રાકટ્ય : શ્રીમહાપ્રભુજી.

શ્રીમહાપ્રભુજી વૈષ્ણવોમાં આચાર્યશ્રી અને શ્રીમહાપ્રભુજીના પદથી પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણદેવ રાજાની સભામાં દિગ્વિજય કર્યા પછી તેમને ‘આચાર્ય’નું પદ પ્રાપ્ત થયું હતું અને ત્યારે જ લોકો શ્રીમહાપ્રભુને તેમની બિરદાવલી સાથે ‘મહાપ્રભુજી’ પણ કહેવા લાગ્યા હતા. શ્રીવલ્લભાચાર્યના પૂર્વજો આંધ પ્રદેશમાં વ્યોમસ્તમ્ભ નામના પર્વત પાસે કૃષ્ણા નદીની દક્ષિણે કાંકરવાડ (ખંભંપાડુ–કાકુંભકર) નામના મોટા નગરમાં રહેતા હતા. તે કુટુંબ શુદ્ધ વેલનાડુ નામથી ઓળખાતું હતું. અને વૈષ્ણવી દીક્ષાવાળું, યજુર્વેદી, તૈત્તિરીયશાખી તથા ભારદ્વાજ ગોત્રી હતું. એમની કુળદેવી રેણુકાજી છે. (આ ગામ નિજામ સરકારની

મે. શેઠ એન્ટરપ્રાઈઝ ડી. ૨૭, એમ. જી માર્કેટ, એમ. જી. રોડ, ઘાટકોપર, (મુંબઈ–૭૭)

સરહદમાં હશે તેવું અનુમાન છે.)

પૂર્વજ શ્રી યજ્ઞનારાયણ ભટ્ટ

એ કુટુંબમાં શ્રીવલ્લભની આઠમી પેઢીએ ગોવિંદાચાર્ય થયા. તેમના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિત થયા અને તેમના પુત્ર શ્રીયજ્ઞનારાયણ ભટ્ટ ઘણાં વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળ્યા પછી દેવપુરના સુધર્મા નામના બ્રાહ્મણની નર્મદા નામની કન્યા સાથે લગ્ન કર્યું. એક વખત એમને ત્યાં દ્રાવિડ દેશના એક વિષ્ણુ મુનિ નામના અતિથિ આવ્યા. તે વિરક્ત દશામાં હતા. તેઓને શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીએ તેમ રહેવાનું કારણ પૂછતાં મુનિજીએ કહ્યું કે ‘હું હંમેશાં શ્રીહરિની ભક્તિ જ પસંદ કરું છું.’ આ સાંભળી શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીએ પોતાને શ્રીહરિની ભક્તિ પ્રાપ્ત થાય તેના માટે પ્રાર્થના કરી. ત્યારે વિષ્ણુ મુનિએ તેમને ‘ગોપાલમંત્ર’ આપ્યો. (‘ગોપાલદીક્ષા’થી જણાય છે કે, આ વિષ્ણુ મુનિ વિષ્ણુસ્વામી મતના હતા) શ્રીગોકુલેશ (શ્રીમદનમોહનજી)ની સેવા કરવા લાગ્યા પછી શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજી પ્રભુને પ્રસન્ન કરવા માટે દર વર્ષે એક સોમયજ્ઞ કરતા હતા. એક વખત યજ્ઞમાં આહુતિ આપ્યા પછી એમણે ભગવાનનું ધ્યાન ધર્યું, ત્યારે ધ્યાનમાં ભગવાને પ્રકટ થઈ વરદાન આપ્યું કે ‘સો સોમયજ્ઞ પૂરા થયા પછી હું તારા યશનો વિસ્તાર કરવા અને સ્વધર્મનું રક્ષણ કરવા તારા કુટુંબમાં અવતાર ધારણ કરીશ.’

એમણે ૩૨ સોમયજ્ઞ કર્યા હતા.

શ્રીગંગાધર સોમયાજી

શ્રીયજ્ઞનારાયણના પુત્રનું નામ શ્રીગંગાધર સોમયાજી હતું. એ સ્વધર્મનિષ્ઠ વિદ્વાન હતા. તેમનાં લગ્ન ગૌણીપુરના ત્રિરુમલની કન્યા કાંચી સાથે થયાં હતાં. એમણે ૨૮ સોમયજ્ઞ કર્યા હતાં. એમણે ઉત્તર અને પૂર્વમીમાંસાનું રહસ્ય બનાવનાર ગ્રંથો રચ્યા હતા.

શ્રીગણપતિ ભટ્ટ

શ્રીગંગાધર સોમયાજીના પુત્ર શ્રીગણપતિ ભટ્ટના દક્ષિણ મદુરાઈના કેશવરામની અંબિકા નામની કન્યા સાથે લગ્ન થયાં હતાં. પરણ્યા બાદ તેઓએ ૩૦ સોમયજ્ઞ કર્યા હતાં. ઘણા શિષ્યો સહિત દેશમાં યાત્રા કરી શકતો અને તાંત્રિકોને જીતી એમણે વિજયધ્વજા રોપી અને ‘સર્વતંત્રનિગ્રહ’ નામનો ગ્રંથ રચ્યો હતો. ગ્રંથનો છેલ્લો શ્લોક નીચે પ્રમાણે છે :

वेदान् सर्वमतान् मते तु विमतान्यंगीकरोतीह किं
सोप्यन्यद् व्यवहारसाधकतया मानांतरं चाश्रयेत ।
आद्ये मूलविरोधिनामितरतो बाधाजुषां दुर्बला
गीरस्मादनुकूलतैव सुगतिस्त्यागे न मानं पुरः ॥

અર્થ : આ તંત્રમાં વાદી વિવાદાસ્પદ (અનિશ્ચિત) તંત્રોનો અંગીકાર (સ્વીકાર) કરે છે. તે તે તંત્રને સ્વમતમાં સ્વતઃપ્રમાણ માનતો હોય તો મૂલવિરોધ (વેદવિરોધી) તંત્રની વાણી દુર્લભ છે એમ સિદ્ધ થયું. માટે વેદાનુકૂલતા સ્વીકારવી તે જ સુગતિ છે. વેદનો ત્યાગ કરવામાં કોઈ પણ પ્રમાણ નથી.

શ્રીબાલંભટ્ટ

શ્રી ગણપતિભટ્ટજીના પુત્ર શ્રી બાલંભટ્ટ કે વલ્લભભટ્ટ હતા. તે ધર્મપુરની કાશીનાથની કન્યા પૂર્ણા સાથે પરણ્યા હતા. તેઓ સમર્થ વિદ્વાન હતા. દશ ગ્રંથો ઉપર વ્યાખ્યાન કરીને ‘દશગ્રંથી’ નામથી તેઓ પ્રખ્યાત થયા હતા. તેમણે પાંચ સોમયજ્ઞ કર્યા હતા અને ‘ભક્તિદીપ’ નામનો ગ્રંથ રચ્યો હતો.

મે. એમ. હરિદાસ એન્ડ કું., કલકત્તા.

શ્રીલક્ષ્મણભટ્ટ અને જનાર્દનભટ્ટ

બાલંભટ્ટજીને શ્રીલક્ષ્મણભટ્ટ અને જનાર્દન ભટ્ટ નામના બે પુત્રો થયા હતા. શ્રીલક્ષ્મણભટ્ટ શ્રેષ્ઠ પંડિત હતા. ઉત્તમ વિદ્યા સંપાદન કર્યા પછી વિદ્યાનગરના રાજાના પુરોહિત સુશર્માની યલ્લમ્માગારુજી નામની કન્યા સાથે પરણ્યા હતા. એક વખતે પ્રતિપક્ષી રાજાએ કાંકરવાડ (ખંભંપાડુ) નગરનો નાશ કર્યો અને એનું કાંઈ નિશાન રહેવા દીધું નહીં ત્યારે લક્ષ્મણભટ્ટજી અગ્રહારમ્ નામના ગામમાં જઈને વસ્યા હતા. એમને રામકૃષ્ણ નામના પુત્ર થયા હતા અને સરસ્વતી તથા સુભદ્રા નામની બે કન્યાઓ થઈ હતી. એમણે પાંચ સોમયજ્ઞ કર્યા હતા, પણ 'વલ્લભદિગ્વિજય'માં દશ સોમયજ્ઞ કર્યાનું લખ્યું છે. અને તે અંગે સવાલાખ બ્રાહ્મણો જમાડવાનો સંકલ્પ કરી પોતે શિષ્યો, સેવકો સાથે પોતાની પત્નીને લઈ કાશીયાત્રા કરવા નીકળ્યા. સાથે જોઈતી વસ્તુઓ લઈ, પોતાનાં બાળકો તથા બીજું બધું પોતાના ભાઈ જનાર્દનજીને સોંપ્યું. પછી યાત્રાળુનો વેશ ધારણ કરી યાત્રાને રસ્તે ચાલ્યા. તેઓ પોષ વદિ અમાસના દિવસે પ્રયાગ પહોંચ્યા. ત્યાંની યાત્રા યથાવિધિ કરી, વેણીમાધવનાં દર્શન કર્યાં. આ સ્થળે ચંપારણ્યના રાજાનો કારભારી કૃષ્ણદાસ શેઠ નામનો ગૃહસ્થ તેમને મળ્યો. તેણે પુત્રની પ્રાપ્તિ માટે શ્રી લક્ષ્મણભટ્ટને વિનંતી કરતાં ભટ્ટજીએ એને આશીર્વાદ આપ્યો. ત્યારબાદ કૃષ્ણદાસ પોતાને દેશ ચાલ્યા ગયા અને શ્રીલક્ષ્મણભટ્ટ વારાણસી (કાશી) ગયા. ત્યાં હનુમાન ઘાટ ઉપર સારું ઘર રાખી વિદ્વાનો અને સાધુઓ સાથે શાસ્ત્રચર્ચા કરતા તેમજ થોડા થોડા દિવસના અંતરાલે બ્રહ્મભોજન કરાવતા હતા.

ઉપરની હકીકતથી જણાશે કે શ્રીવલ્લભાચાર્યજીનું કુટુંબ વિદ્યા અને ધર્મની ઉપાસનાથી ઉજ્જવલ કીર્તિવાળું હતું. તેમના પૂર્વજોએ શ્રોત્રિય બ્રાહ્મણની યોગ્યતાથી શમ. દમ, તપ, શૌચ (પવિત્રતા), શાન્તિ. આર્જવ, (નમ્રતા), જ્ઞાન, વિજ્ઞાન અને શ્રદ્ધાનું અખંડિત પાલન કર્યું હતું. આજે આવો પરિવાર કવચિત જ જોવા મળે.

આચાર્યશ્રીનું પ્રાકટ્ય

કેટલાએક વખત પછી દેશમાં ઉપદ્રવો થતાં ખબર આવી કે, પશ્ચિમ દિશા તરફથી એક યવન બાદશાહ દિલ્હી આવ્યો છે અને તે સેના લઇને કાશીના દશનામ સંન્યાસીઓ ઉપર ચડાઈ કરવા આવે છે. આ સાંભળી નગરવાસીઓ સાથે શ્રીલક્ષ્મણભટ્ટ સ્વદેશ જવા નીકળ્યા. તેમની સાથે તેમનાં સર્વગુણસંપન્ન, ધર્મપરાયણ સગર્ભા પત્ની યલ્લમ્માજી ('ગારુ' એટલે 'જી' કહેવાય છે.) પણ સાથે હતાં. માર્ગમાં ચંપારણ્ય પ્રદેશમાં ચોડાનગર (ચતુર્ભદ્રપુર) પહોંચ્યા ત્યારે આઠમે માસે યલ્લમ્માજીએ પુત્રને જન્મ આપ્યો. માતા યલ્લમ્માજીએ અષ્ટમાસમાં પ્રસવ થયેલા ગર્ભને જીવિત નથી એમ સમજી પોતાના વસ્ત્રમાં વીંટી, શમીના વૃક્ષની કોટરમાં મૂક્યો હતો. આ ગર્ભ શિવા (હરડે)ના વૃક્ષની હેઠળ થયો હતો, તેવી કિંવદંતી છે. આના ઉપર સંશોધનની જરૂરત લાગે છે. હરડેની ઘણી જાતો આવે છે અને તેમાં એવી પણ હરડે હોય છે કે જેને હાથમાં રાખતાં જ મલશુદ્ધિ થઈ જાય છે. તેવી જ જાતનું એ ઝાડ હશે, તેવું અનુમાન આયુર્વેદના આધારે કરી શકાય; છતાં અન્વેષણની જરૂર તો રહેશે.

શ્રી વલ્લભદાસ ખીસાની, મદ્રાસ

'શ્રીવલ્લભદિગ્વિજય'માં લખે છે કે, જે સમયે આચાર્ય શ્રીવલ્લભનો પ્રાદુર્ભાવ થયો તે વખતે સર્વ દૈવીજીવોની આપત્તિઓ દૂર થઈ; આકાશ નિર્મલ થયું; શુભ નક્ષત્રો ગ્રહો અને તારાઓનાં દર્શન થયાં; સર્વત્ર શીતલ, મંદ, સુગંધ વાયુ થવા લાગ્યો; સમુદ્ર, નદી, કૂવા વગેરે જલાશયો સ્વચ્છ થયાં; પૃથ્વીની શોભામાં અનેરી વૃદ્ધિ થઈ; જીવ, જંતુ, પશુ, પક્ષીથી માંડી સર્વ પ્રાણીઓએ પોતાનો વૈરત્યાગ કર્યો અને આનંદમાં કલ્લોલ કરવા લાગ્યાં. માતાનું મન માર્ગમાંથી જ આકર્ષિત થયું. ગરમીથી બાળક રડવા માંડ્યું તે ભણકારા થયા અને અધવચ્ચેથી પાછા ફર્યાં. ચોમેર અગ્નિના પુંજમાં હસતું કમલમુખ દેખાયું. માતા યલ્લમ્માજીને પોતાની નિધિ મળી. સ્તનમાંથી ધાવણ નીસરી પડ્યું. માતા આગળ વધે છે અને અગ્નિ માર્ગ આપે છે. પાવકપુંજમાં ફૂલેલા પંકજમાં વૈશ્વાનર સ્વરૂપ પ્રકટ્યા.

આચાર્યશ્રીની જન્મતિથિ અને અવતારનું સ્વરૂપ

સંવત્ ૧૫૩૫નાં વ્રજ વૈશાખ (માધવમાસ) મહિનાની એકાદશી, કૃષ્ણપક્ષ, ગુજરાતી ચૈત્ર, શક સંવત્ ૧૪૦૦, સન ૧૪૭૯ રવિવારની નિશાની ઘડી ૬, પળ ૪૪ના શુભ મુહૂર્તમાં અલૌકિક બાળક અવતર્યો, તેની વધાઈનું ગાન શ્રીદ્વારકેશજી કરે છે :

(સારંગ રાગ)

ભુવિ બાણ ગુણ તત્ત્વ માધવાસિત તરણિ,
 પ્રથમ ભાગવત દિવસ પ્રકટ લછમન સુવન.
ધન્ય ચંપારન્ય વન ત્રિલોકજન,
  અન્ય અવતાર ન હોય ઐસો ભુવન;
લગ્ન વસુ કુંભ ગતિ કેતુ કવિ ઈન્દુ,
  સુખભાન બુદ્ધ ઉચ્ચ રવિ વૈર નાસે.
મંદ વૃષ કર્ક ગુરુ
ભૌમચુત તમરિધિ,
  યોગ ધ્રુવ કરન બલ યશ પ્રકાસે.
રિકસ ધનિષ્ઠા પ્રતિષ્ઠા અધિષ્ઠાન,
  વદનાનલાકાર હરિકો;
એહિ નિશ્ચે 'દ્વારકેસ' ઈનકી સરન,
  ઔર શ્રીવલ્લભાધીશ શર કો.

આ પ્રકારે શ્રીઅગ્નિઅવતાર પોતાના દાસોના હિતસાધન માટે દૈવીજીવોદ્ધારક અશેષસાધનકર્તા સો સોમયજ્ઞ પછી પ્રકટ થયા. શ્રીલક્ષ્મણભટ્ટજીના કુલને યજ્ઞનું પરમ ફલ શ્રીવલ્લભના રૂપમાં મળ્યું. આ દિવ્ય અગ્નિના પ્રકાશમાં અંધકાર દૂર થયો. ભક્તોનાં મન પ્રફુલ્લિત થયાં. સ્વદાસાર્થ-અશેષસાધન કરવા શ્રીહરિની સેવાપ્રણાલી પ્રકટાવવા અને હરિભક્તોને શ્રીહરિના પણ હરિનું બિરુદ આપવા માટે આ વાણીનો અવતાર બ્રહ્મવાદનો નિનાદ કરવા આનંદાત્મકરૂપે અવતર્યો.

શ્રીલક્ષ્મણભટ્ટજીએ વૈદિક વિધિથી તેમના સંસ્કાર પ્રારંભ કર્યા. અને એમ આચાર્યશ્રીના વિદ્યાભ્યાસ પછી આપનાં ચારુ ચરણોથી વસુધા પર વિચરણનો પ્રારંભ કર્યો. આપશ્રીએ ત્રણ વાર પૃથ્વી પ્રદક્ષિણા કરી સમસ્ત ભારતમાં ભ્રમણ કરી બ્રહ્મવાદ સ્થાપ્યો. આમ શ્રીલક્ષ્મણ-

૧ वल्लभो ह्यग्निरूपः स्यात् । (અગ્નિપુરાણ-ભવિષ્યોત્તર ખંડ, વધુ વિગત 'વલ્લભવિલાસ')
૨ अग्निश्चकारः तत्त्वदीपं भागवते महत् । (તત્વાર્થ દીપ-પ્રકાશ, પ્ર. પ્રકરણ, શ્લોક ૩)
૩ वैश्वानराद्वाक्पतेः (શ્રીભાગવત સુબોધિની, પ્ર. સ્કં. મંગલા. શ્લોક ૫)
૪ अतोऽग्निना मया सर्वत्र । વ્યાસસૂત્ર, અ૦ ૨, પા૦ ૧, સૂ૦ ૨૬નું 'અણુભાષ્ય'
૫ ऋषिरग्निर्निरूपितः । પુ. સ. નામ, શ્લોક ૫મો

શ્રી વિજય મિલ્સ કાું. લિ. નરોડા રોડ, અમદાવાદ-૨

ભટ્ટજીના કુલમાં યજ્ઞનું ફલ આચાર્યસ્વરૂપે સાક્ષાત્ પુરુષોત્તમની પ્રાપ્તિ થઈ. તો આ યજ્ઞમાં અન્યાશ્રય માનનાર વૈષ્ણવોને શું કહેવાનું રહેશે ? જ્યારે શ્રીવલ્લભાચાર્ય ત્રિકાલ સંધ્યા કરતા અને કાળપુરુષની સામે ત્રણ આંગળી દેખાડી, તેનું બળ હરી લીધું એ સાબિત કરે છે કે અત્યાર સુધી દાન લેનાર વેદોપાસના કરનાર બ્રાહ્મણોનો નાશ થયો નથી. આમ સમસ્ત બ્રાહ્મણ સમાજને તે કાળપુરુષનું દાન આપી બધાની લાજ રાખી તેમજ પોતે પણ સાધનને ભગવત્સેવોપયોગી બનાવ્યાં હતાં.

આવા કપરા કાળમાં પણ આચાર્યશ્રીએ સોમયજ્ઞ કર્યા છે અને આ પરંપરા શ્રીગોપીનાથજી દીક્ષિતજી સુધી રહી. વચ્ચે મોગલોના ફેરફાર અને આક્રમણોથી શ્રીપ્રભુની વ્યવસ્થા, સેવાપ્રણાલિકા જાળવવા માટે થોડી કાંઈક ઊણપ આવી તો પણ વલ્લભકુલમાં વૈદિક સંસ્કારો વિધિવત્ થતા હતા, આ સ્વતઃપ્રમાણ છે. વેદના વિરોધીઓનું મુખ પણ જોયા વગર આચાર્યશ્રીએ શાસ્ત્રાર્થ કર્યો હતો. ત્યારે વેદને હીન દૃષ્ટિએ માનનારા વૈષ્ણવો તેમને ગમશે ખરા ? વેદનું સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં શું છે, તે આપણે આચાર્યશ્રીના જ શબ્દોમાં સમજીએ.

આ પ્રકારથી પ્રથમ આપણે આ સમજવાની જરૂર છે કે, સોમયજ્ઞનું જ આ સાક્ષાત્ ફલ રૂપ શ્રીવલ્લભાચાર્ય વૈશ્વાનર અવતાર થયો, જેને ભાગ્યવાન લોકો જ સમજીને તેમના નિષ્કંટક માર્ગ ઉપર ચાલ્યા.

આચાર્યશ્રીના બધા સેવકો વેદાનુકૂલ આચરણ કરનારા જ હતા, એ વાર્તા-સાહિત્યમાં પણ જોવા મળે છે. કોઈ પણ સ્થાને આચાર્યશ્રીએ વેદના સંસ્કારોનો નિષેધ કર્યો નથી, તેમજ વેદનું સ્વરૂપજ્ઞાન આપતાં શ્રીવલ્લભાચાર્ય 'અણુભાષ્ય'ના પ્રારંભમાં જ 'વેદાર્થ અલૌકિક છે' એમ આજ્ઞા કરે છે. અને એનો અર્થ લૌકિક યુક્તિથી કરવો નહીં.' ત્યારે વેદનો સાક્ષાત્ અર્થ જાણવા માટે શો ઉપાય કરવો ? તે સંબંધમાં આચાર્યશ્રી પોતે જ કહે છે કે, 'તપથી અને વેદોમાં ઋષિઓએ જે યુક્તિ સ્વીકાર કરી છે, તેના થકી; મન-કલ્પિત પ્રકારથી નહીં અને શ્રી પરમાત્માના પ્રસાદ (કૃપા કે પ્રસન્નતા)થી તેનો અર્થ સમજવો યોગ્ય છે.' તે આચાર્યશ્રીનું સ્પષ્ટ મંતવ્ય છે. વેદના સ્વરૂપની આવી દિવ્યતા તો શ્રીશંકરાચાર્યજી પણ સૂચવતા નથી.

શ્રીશંકરાચાર્યજી વેદનું પ્રબલ સમર્થન કરવા છતાં અર્થવાદને પ્રમાણ માનતા નથી; પરંતુ શ્રીવલ્લભાચાર્ય તો તેને (અર્થવાદ)ને પણ પ્રમાણ જ માને છે. આ રીતે જે આચાર્ય વેદનો આદર કરતા હોય, ત્યાં તેમના શિષ્યો કે નેતાની પરંપરા કેવી હોવી જોઈએ એ સહેજે સમજાશે.

હવે વેદના અર્થને અલૌકિક કહેવાનો અભિપ્રાય શો છે તેના ઉપર વિચાર કરીએ તો અસ્થાને નહીં ગણાય. શ્રીવલ્લભાચાર્ય નિબંધમાં ચાર પ્રમાણગ્રંથો સ્વીકારે છે. તેમાં પહેલું પ્રમાણ 'વેદ' છે. બીજા પ્રમાણમાં 'શ્રીકૃષ્ણવાક્ય'-ભગવદ્ગીતા, ત્રીજા પ્રમાણમાં વ્યાસજીનાં 'બ્રહ્મસૂત્રો' અને ચોથા પ્રમાણમાં 'શ્રીમદ્-ભાગવત' તે સ્વીકારે છે. આ શ્રીમદ્ભાગવત વેદમાતા ગાયત્રીના બીજથી પ્રકટ થયેલા નિગમ (વેદ) રૂપી કલ્પતરુના રસાત્મક ફળનું જ સ્વરૂપ છે. ભાગવતના લક્ષણમાં પણ यत्राधिकृत्य गायत्री અને वृत्रासुरवधोपेतं આમ શાસ્ત્રમાં જણાવ્યું છે, જ્યાં

મે. અનુપમા ૨, બેથ્રોન રોડ, કલકત્તા-૧

ગાયત્રીને અધિકૃત કરી, મુખ્યરૂપે વેદના અર્થનું વર્ણન છે અને જેમાં વૃત્રાસુરની કથા આવે છે તે ભાગવત છે તેમ જાણવું. આ સ્પષ્ટીકરણ શાસ્ત્રમાં પણ છે. તેમજ નિગમ કલ્પતરુ કલ્પિત નથી, સાક્ષાત્ છે, આ માન્યતા આચાર્યશ્રીને સ્વીકાર્ય છે. આમ પ્રથમ વેદ અલૌકિક છે. એ ગીતામાં ભગવદ્વાક્યોથી જણાય છે. તો તેમના નિઃશ્વાસરૂપ વેદ પણ અલૌકિક છે, અને તેના થકી ભગવાનના સ્વરૂપને સમજવામાં સહાય મળે છે તે પણ સ્પષ્ટ છે. ત્યારે જ આચાર્યશ્રી વ્રજભક્તોને વેદની શ્રુતિરૂપા કહે છે અને જે ઋષિરૂપાઓએ તપ કર્યું તેના ફળરૂપ શ્રીહરિનું સાન્નિધ્ય તેમને રક્ષક-ભર્તારૂપે થયું. આમ વેદના બ્રહ્મરૂપ, ઉપનિષદના પરમાત્મારૂપ અને શ્રીભાગવતના ભગવાન ત્રણેય એક જ છે, આ આચાર્યશ્રીનો અભિમત છે. ભગવત્સેવામાં વૈદિક સદાચાર જ આધિદૈવિક રૂપે વિદ્યમાન છે. તેનો ખુલાસો 'હમારી સેવા ઔર સદાચાર કા વિહંગાવલોકન' નામના પુસ્તકમાં અમે કર્યો છે. પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં પણ તેનાં દર્શન થાય છે. અને તે જ કૌન્ડિન્ય ઋષિ અને ગોપિકા આ માર્ગના ગુરુ છે અને જ્ઞાનપક્ષમાં વેદવ્યાસને અને પ્રેમલક્ષણા ભક્તિમાર્ગમાં વ્રજભક્તોને ગુરુ માનીને શ્રીવલ્લભ તત્ત્વદીપ નિબંધના સર્વ નિર્ણય પ્રકરણમાં વેદના યજ્ઞાત્મક સ્વરૂપને કહે છે.

નિબંધ-સર્વનિર્ણય પ્રકરણ

વેદના સ્વરૂપ અને કર્મકાંડ (પૂર્વમીમાંસા) વિષયમાં આચાર્યજી 'સર્વનિર્ણય'ના મંગલાચરણમાં સમજાવે છે કે,

> पंचात्मकं द्विरूपं साधनैर्बहुरूपकम् ।
> स्वानन्ददायकं कृष्णं ब्रह्मरूपं परं स्तुमः ॥१॥

> अग्निहोत्रं तथा दर्शपूर्णमासः
> पशुस्तथा ।
> चातुर्मास्यानि सोमश्च क्रमात्पंचविधो हरिः ॥२॥

વિવરણ– પ્રથમ શાસ્ત્રાર્થ પ્રકરણમાં સાત્ત્વિક દૈવીજીવોની ભગવત્સેવામાં પ્રવૃત્તિ થાય તે માટે જડ, જીવ, અંતર્યામીના સ્વરૂપનું વર્ણન કર્યું. તથા ભગવદ્ભજન જ ઐહિક અને પારલૌકિક ફળને આપનારું છે એમ જણાવ્યું. તેમજ ઉત્તમ અધિકારીઓને ભગવાન જ ફળરૂપ છે, તેમ માનવું જોઈએ. આ વાત વેદ ભાગવત આદિ ગ્રંથોથી સિદ્ધ કરી, તેથી ઉત્તમાધિકારી તો સહજરૂપે સેવામાં પ્રવૃત્ત થશે, પણ મધ્યમ અધિકારવાળાઓના હૃદયમાં આ સિદ્ધાંત સ્થિર કરવા માટે પ્રમાણ, પ્રમેય, સાધન વડે જ્ઞાનાદિક માર્ગનું તથા જગતના પદાર્થોનું યથાર્થ સ્વરૂપ નિશ્ચય કરાવવા માટે 'સર્વનિર્ણય' નામથી બીજું પ્રકરણ પ્રસિદ્ધ કર્યું છે. તેના ઉપર વિચાર પ્રારંભ કરીએ છીએ.

આમ ઘણા વાદીઓ શબ્દ (વેદાદિક)ની અપેક્ષા પ્રત્યક્ષને જ મોટું પ્રમાણ માને છે. તેમના સંદેહને દૂર કરવા પ્રમાણોનું બલાબલ કરી તુલનાત્મક વિવેચન કરી, જીવોને નિશ્ચિત જ્ઞાન કરાવવા માટે પ્રમાણ પ્રકરણનો પ્રારંભ મંગલાચરણથી આચાર્યશ્રી કરે છે અને મંગલ કામનાર્થ વેદાર્થરૂપ ભગવાનની સ્તુતિ કરે છે.

અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ. આ ભેદોથી પાંચ રૂપવાળા, પ્રકૃતિ વિકૃતિથી બે રૂપવાળા, અનેકો શાખામાં બતાવ્યા પ્રમાણે સાધનના ભેદથી અનેક રૂપવાળા, તેમજ સ્વરૂપાનંદનું દાન કરનારા બ્રહ્મરૂપ શ્રીકૃષ્ણની હું સ્તુતિ કરું છું. આ શ્લોકમાં

મે. રાષ્ટ્રીય મેટલ ઈન્ડસ્ટ્રીઝ લિ. સર મથુરાદાસ વસનજી રોડ, જે. વી નગર, મુંબઇ-૫૯

‘સ્વાનંદદાયક’ એટલે સ્વ પશુ, પુત્ર આદિ તેમજ આનંદ અર્થાત્ આત્મસુખને આપવાવાળા શ્રીકૃષ્ણચંદ્રને જ બતાવ્યા છે. તેથી ધર્મરૂપથી ફલદાન આપતાં પ્રભુ ઇશ્વરરૂપ યોગ્ય ફળ આપે છે; તેમજ ‘વેદના ઉત્તરકાંડ’ જ્ઞાન આદિથી નહીં, પણ ઇશ્વરરૂપ યોગ્ય ફળ આપે છે. આમ ઉત્તરકાંડમાં પ્રભુનું શ્રેષ્ઠ રૂપ છે, તેમ આચાર્યશ્રીનો અભિમત છે. આ શ્રેષ્ઠતા ઊંચ-નીચના ભેદથી નથી; તેમાં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનો જ ભેદ છે અને બન્નેમાં ઇશ્વરકૃપા ભગવાન જ છે, આ વાત ચીરહરણના પ્રસંગમાં વ્રજભક્તોને હાથ જોડી નમસ્કાર કરવાનો આદેશ પ્રભુએ આપ્યો, તેમાં ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનું વિવેચન આચાર્યશ્રી વેદને અનુસરીને જ કરે છે. તેમજ વેદમાં પણ ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશકિતનું જ વર્ણન છે, તે બ્રહ્મરૂપ રસાત્મક છે. આમ रसो वै सः વેદની જ શ્રુતિ કહે છે. તેથી સર્વ રૂપ હોવાથી અને રસરૂપ હોવાથી ભગવાનમાં વૈષમ્ય નૈર્ઘૃણ્ય દોષ આવતા નથી તે આચાર્યશ્રીએ તાર્કિક રીતે બ્રહ્મવાદમાં સમજાવ્યું છે. માટે આ પ્રસંગમાં પણ ઉત્તરોત્તર ફળ અધિક છે તેમ જણાવવાનો હેતુ સ્પષ્ટ લાગે છે. અન્યથા રાસમાં ચર્ષણી શકિતનો ભગવત્ સંબંધ ન થાય તેથી આમાં સેવા અને ભગવત કામનાર્થ વિષમ બુદ્ધિ રાખવી નહીં, તેમ કર્મમાર્ગનું રક્ષણ પ્રભુપ્રાપ્ત્યર્થ કરવું એમ ભકિતની દૃષ્ટિએ હાલના જીવો માટે યોગ્ય લાગે છે.

પ્રથમ પાંચ રૂપવાળા ભગવાનને બતાવ્યા પછી બીજા શ્લોકમાં તેમની ગણના કરી સમજાવે છે. પ્રમેયના સ્વરૂપનું નિરૂપણ કરે છે, તે પ્રમેય બે પ્રકારનો છે. તેમાં પ્રથમ પ્રમાણને અનુસાર છે અને બીજો સ્વતંત્ર પ્રમેય છે. અહિંયાં પ્રમાણને અનુસાર પ્રમેયનું નિરૂપણ કરે છે.

શાસ્ત્રમાં પ્રમાણથી પ્રમેયસિદ્ધિ બતાવી છે. તેમાં પહેલાં પ્રમાણને અનુસરીને અગ્નિહોત્ર, જે ભગવાનનું પ્રથમ રૂપ છે અને વેદમાં यावज्जीवं अग्निहोत्रं जुहुयात् । જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી અગ્નિહોત્ર કરવાનો આદેશ છે તે અનુસાર દર્શ-પૂર્ણમાસ જે ભગવાનનું બીજું સ્વરૂપ છે તેમ કહે છે. નિરૂઢ પશુયાગ આપનું ત્રીજું સ્વરૂપ છે. તેમજ વૈશ્વદેવ આદિ ચારે પર્વરૂપ ચાતુર્માસ્ય છે તે ભગવવાન શ્રીહરિનું ચોથું સ્વરૂપ છે એમ જણાવ્યું. હવે સોમ જે અગ્નિષ્ટોમ છે, તે ભગવાનનું પાંચમું રૂપ છે. આ ક્રમમાં જ બધા યજ્ઞો કરવામાં આવે છે. દરરોજ અગ્નિહોત્ર, પ્રતિમાસ દર્શ-પૌર્ણમાસ્ય, છ મહિનામાં પશુ યજ્ઞ અને દર વર્ષે સોમયજ્ઞ કરવો તેમ લખ્યું છે.

શંકા : આ યજ્ઞો તો ક્રિયારૂપ જ છે તેના થકી ભગવાનની ઇજ્યા (પૂજા) કરવામાં આવે તો ભગવાન પ્રસન્ન થશે. જો આમ માનીએ તો આ યજ્ઞોને પ્રભુપ્રાપ્તિનાં સાધન કહેવા જોઇશે તેને ભગવાનનું રૂપ કેમ મનાય ?

ઉત્તર : આ શંકાનું સમાધાન કરતાં આચાર્યશ્રી કહે છે કે, पंचविधो हरिः ઇતિ. ‘ભગવાન પંચવિધ છે.’ આ શ્રુતિ જ જણાવે છે કે, यज्ञो वै विष्णुः । मां विधत्ते अभिधत्ते माम् । આદિ શ્રુતિના પ્રમાણથી ભાગવત આદિનાં વાક્યોમાં પણ યજ્ઞમાં ભગવદ્રૂપતા જણાવવામાં આવી છે. તેથી વેદવિરુદ્ધ મત આદરણીય નથી, એમ અહીં આચાર્યશ્રી સ્પષ્ટ કરે છે. તો વેદનો

PEEBAY STEEL 23/A એન. એસ. રોડ, કલકત્તા

વિરોધ અથવા તેની હીનતા માનવી તે અનુરૂપ નથી, એમ પ્રકટ થયું. હવે સાધન અને સાધ્ય રૂપ શ્રીહરિનું સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં એવું જ છે તે જણાવવા માટે તેનું વિવેચન કરે છે. આ પ્રસંગે જાણવું યોગ્ય છે કે સેવામાં પણ સાધન અને સાધ્ય પ્રભુસેવા જ છે. તેમજ જીવના સાધનરૂપ પણ ભગવાન જ છે માટે સાધન અને સાધ્યમાં અભેદ બુદ્ધિ રાખવાનું શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં જણાવે છે. તેનો પણ આધાર આ જ છે :

तत्साधनं च स हरिः प्रयाजादि स्रुगादि यत् ।
प्राकृतं रूपमेतद्धि नित्यं काम्यन्तु वैकृतम् ॥३॥
ज्ञानिनस्तदभिव्यक्तौ कर्तुर्मोक्षः क्रमाद् भवेत् ।
अन्यथा स्वर्गसौख्यं तु द्विरूपं तत् क्रमाद् भवेत् ॥४॥

અર્થવિવેચન : સાધન, સાધ્ય અને સાધનના સાધનરૂપ શ્રીહરિ જ છે. કેમકે વેદના यज्ञेन यज्ञमयजन्त देवाः આ મંત્રમાં તેમજ આ મંત્રના વિવરણરૂપ पुरुषावयवैरेते संभाराः संभृता मया ઇત્યાદિ. ભાગવત બીજા સ્કંધમાં સાધ્ય અને સાધનરૂપતા ભગવાનને જ છે તેમ વર્ણન મળે છે. ‘શ્રીભાગવત એ વેદનું વ્યાખ્યાન છે’ તેમ આચાર્યશ્રી મહાપ્રભુજી સ્પષ્ટ જ સ્વીકારે છે. એટલે વેદની શંકા પણ આ સ્કંધનું વર્ણન વાંચી, દૂર થઇને વધુ સ્પષ્ટ જણાશે.

સાધન બે પ્રકારનાં-‘પ્રયાજાદિક’ તથા ‘સ્રુક્’ આદિ હોય છે, ફલનો કે સ્વરૂપનો ઉપકાર કરનાર જે કોઇ પદાર્થ હોય તેને સાધન કહેવામા આવે છે. પહેલા ગણાવેલ અગ્નિહોત્ર આદિ પાંચ પ્રકાર છે તેને પ્રકૃતિરૂપ કહેવાય છે. અને તેને જ નિત્યકર્મ કહે છે. નિત્યકર્મની પરિભાષા આ જ છે કે જે કર્મ વેદમાં, જેનો જેટલો પ્રકાર સંપૂર્ણપણે કહેવામાં આવ્યો હોય, તેને તે જ પ્રકારે સઘળું કરવું પડે, તથા જેનું ફળ અવશ્ય થાય છે. જેમ રાજાની આજ્ઞા ન માનનારને દંડ ભોગવવો પડે છે. તેવી જ રીતે જેને ન કરવાથી પ્રાયશ્ચિત્ત લાગે, તે નિત્યકર્મનું લક્ષણ છે. અહીં ફલરહિત કર્મને નિત્યકર્મ કહેવામાં આવ્યું નથી. જેમ રાજાની સેવામાં ફલનો અભાવ હોતો નથી. તેમજ નિત્યકર્મનું ફલ અવશ્ય ભોગવવું પડે છે. વેદ પણ મુખ્યત્વે નિત્યકર્મનું જ પ્રતિપાદન કરે છે અને જે કામ્યકર્મ છે, તેને જ વિકૃત રૂપ કહેલા છે. આવા કામ્યકર્માર્થે કામના હોય ફલ આપે છે. સ્વભાવથી નિત્યફલ આપતા નથી આ પ્રકારે ઉદ્દેશીને બંને રૂપોનું પ્રતિપાદન કરી, ફલનું નિરૂપણ કરે છે.

ज्ञानिनः इति આ વાક્યથી ઉત્તમ અધિકારીનું નિરૂપણ કરતાં જણાવે છે કે, બ્રહ્મજ્ઞાનવાળો નિષ્કામ થઇને વેદોકત કર્મને યથાર્થ રૂપે કરે છે તેને ભગવાનના સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ ઉપનિષદોમાં કહેલાં જે જ્ઞાન તથા અગ્નિહોત્ર વગેરે પાંચ સાધનો તેમજ છ પદાર્થ યથાર્થ રૂપથી સિદ્ધ થાય ત્યારે યજ્ઞનું આધિદૈવિક સ્વરૂપ પ્રકટ થાય છે. ત્યારે જ જીવને ભગવદાનંદરૂપ ફળની પ્રાપ્તિ થાય છે કેમ કે, મર્યાદામાં ક્રમમોક્ષ છે તેને જ ફલ માનવામાં આવે છે, સદ્ય (તત્કાલ) મુકિત તો ભગવાનની અત્યંત કૃપાથી જ થાય છે. આ જ રીતે શ્રી વલ્લભ ज्ञानी चेद् भजते कृष्णं तस्मान्नास्त्यधिकः परः । જે કોઇ પહેલાં જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્ત થયો હોય તેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, પણ પછી (સત્સંગ આદિને પરિણામે) કૃષ્ણસેવાને માટે યત્ન કરે, જ્ઞાનનિષ્ઠાનો પરિત્યાગ કરીને, તેનાથી

શેઠ હરિલાલ હરિવલ્લભદાસ ધર્માદા ટ્રસ્ટ, વલ્લભ નિવાસ, કોઠારી પોળ, અમદાવાદ-૧

અધિક કોઈ નથી. તેવી જ રીતે જ્ઞાન-વિજ્ઞાનથી સંપન્ન થઇ ભગવાનને ભક્તિભાવથી ભજવાનો આદેશ પ્રભુ સ્વયં કરે છે. શ્રીમદ્ભાગવતમાં પણ ભગવાનના જ શ્રીઅંગમાં યજ્ઞની ભાવના કરી છે, અને પ્રભુના જ અંગમાં બધી વસ્તુઓની ભાવના કરી હતી. આ જ આ શ્રુતિનું સ્વારસ્ય ત્યાં સમજાવ્યું છે. તેમજ સેવાભાવનામાં પણ સામગ્રીમાં સ્વરૂપની ભાવનાનો પ્રકાર પુષ્ટિમાર્ગમાં જોવા મળે છે, અને તદીય વસ્તુમાં ભગવદ્બુદ્ધિ રાખવાની પરંપરા છે તે નિર્વિવાદ છે.

આનાથી એ સ્પષ્ટ થયું કે, શ્રુતિરૂપા ગોપીજનોના ભાવથી અને નિત્યસિદ્ધાઓના ભાવથી નિત્યસેવા કરવાની વિધિ પણ વેદવિહિત જ છે. ત્યારે જ વેદની શ્રુતિઓ પોતાનો પ્રાકૃત સંબંધ છોડાવવા માટે ભગવાનને પ્રાર્થના કરે છે તેનું નિરૂપણ 'શ્રુતિગીતા'માં શ્રીવલ્લભ કરે છે. 'વેદસ્તુતિ'માં શ્રુતિઓ પ્રાર્થના કરે છે અને વિરહાવસ્થામાં શ્રીવ્રજભક્તો जयति तेऽधिकम् એમ 'ગોપીગીત'માં પણ પ્રાર્થના કરે છે.

ઉપર જણાવેલ પ્રકારથી સેવા કર્યા વિના વૈષ્ણવ ભોજનાદિ પણ નથી કરતા. પ્રથમ ભગવાનને સમર્પણ કરે અને પછી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવીને પોતે ખાય. આમ दत्त्वा हुत्वा च धारयेत् આ શાસ્ત્રીય મર્યાદાનું પણ પુષ્ટિમાર્ગમાં યથાશક્તિ પાલન કરવામાં આવે છે. તેથી સકામ કર્મ પણ પ્રકારભેદથી પ્રભુને સમર્પણ કર્યા પછી થઈ શકે છે તેમાં કોઇને ઉત્તેજન આપવાનો પ્રશ્ન રહેતો નથી. સોમયજ્ઞની વિધિમાં રાત્રિમાં વીણાથી સામગ ન કરવું તે વિધિ છે. તેવી જ રીતે પહેલાં શયનમાં વીણાવાદન થતું જ હતું. આજે કેવળ શ્રીનાથજીમાં થાય છે. શ્રી મહાપ્રભુજીએ તો શ્રીનાથજીને પાટ ઉપર પધરાવ્યા પછી પણ 'સોમયજ્ઞ' કર્યા છે, તેથી જ શ્રી વિઠ્ઠલનાથજી સર્વોત્તમમાં यज्ञकर्ता એમ આપનું નામ સૂચવે છે અને નિબંધમાં જણાવ્યા મુજબ યજ્ઞભોક્તા સ્વરૂપ પણ જોવા મળે છે.

અહીંથી એટલું જ વિવેચન પૂરતું થશે.

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન પ્રત્યે કહે છે કે,

नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम ॥४-३१॥

અર્થ : જે યજ્ઞ નહીં કરે તેને માટે આ દુનિયા નથી, તો હે અર્જુન ! અન્ય લોકો તો તેને માટે ક્યાંથી હોય ? અર્થાત્ યજ્ઞ નહીં કરનારને ઐહિક અને પારલૌકિક સુખોની પ્રાપ્તિ નથી.

પુષ્ટિમાર્ગીય સેવા પણ સાક્ષાત્ બ્રહ્મયજ્ઞ જ છે. કર્મના અંતમાં જે શ્લોક બોલે છે તે આમાં વિચારણીય છે.

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिन्त ॥४-२४॥

અર્થ : જેના દ્વારા હોમ કરવામાં આવે તે સાધનો સ્રુક્, સ્રુવા આદિ બ્રહ્મ જ છે. અને અર્પણ કરવામાં આવનારા ઘૃત આદિ હવિષ્ય પણ બ્રહ્મ જ છે. અગ્નિ પણ બ્રહ્મ જ છે. તેમાં બ્રહ્મરૂપ કર્તા દ્વારા જે ક્રિયા હવનરૂપે કરવામાં આવે છે તે પણ બ્રહ્મ જ છે. આહીં તે બધી વસ્તુઓ બ્રહ્મરૂપ જ છે. તેમજ સમાધિરૂપ પણ ભગવાન જ છે. આમ સેવા સંબંધી વસ્તુઓમાં પણ ભગવદ્રૂપની ભાવના કરવાનો પ્રકાર છે. ગોપાલદાસ ગાય છે કે,

મે. સી. કોમેન્સ એન્ડ સન્સ લિ. ૧૦૩/૩ ડાયમન્ડ હાર્બર રોડ, કલકત્તા-૩૮

આપ સેવા કરી શીખવે શ્રીહરિ
ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો;
આપની લીલા તે વદન પોતે કહી
ઉચ્ચાર આનંદ તે અધિક દીધો.

'નવાખ્યાન' ની આ ભાવના अखण्डं कृष्णावत्सर्वम् । એમ બ્રહ્મવાદનું જ પ્રતિપાદન કરે છે. આ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ અવતારીના સ્વરૂપમાં વ્રજભક્તો યજન કરે છે. દાનના પ્રસંગમાં—

વ્રજ વૃન્દાવન ગિરિ નદી,
પસુ પંછી સબ સંગ,
ઇનતેં કહા દુરાઇયે,
પ્યારી યહ સબ મેરો અંગ.

આમ ભાવનાત્મક રૂપથી પણ સેવામાં દેહ શુદ્ધ થયા પછી જ અલૌકિક સ્વરૂપનું સાંનિધ્ય આચાર્યશ્રી પણ બતાવે છે. શુદ્ધાદ્વૈતના મૂળમાં આ જ દાર્શનિક દૃષ્ટિબિંદુ સ્પષ્ટ ઓળખાય છે.

શ્રી હરિરાયજી પણ 'શિક્ષાપત્ર'માં दैहिकं कर्मनिखिलं प्रभुसेवोपयोगिनाम् । દેહનાં બધાં કર્મોને પ્રભુસેવામાં ઉપયોગી બનવાનો નિર્દેશ કરે છે. અને 'સિદ્ધાંતરહસ્ય'માં निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः । 'નિવેદિત જીવ, પ્રભુને સમસ્ત વસ્તુ સમર્પિત કરીને જીવનની સ્થિતિ કરે.' આ આચાર્યશ્રીનાં વાક્યોથી જ વિચારીએ.

શ્રી વલ્લભાચાર્યજી ભાગવતને પ્રમાણ-મૂર્ધન્ય માને છે. ભાગવતના બીજા સ્કંધના છઠ્ઠા અધ્યાયના શ્લોક ૨૩ થી ૨૬ સુધી શ્રીહરિના જ સ્વરૂપમાં દેવોએ યજ્ઞ કર્યો તેનો ઉલ્લેખ શ્રી સુબોધિનીમાંથી અત્રે પ્રસ્તુત કરીશું.

तेषु यज्ञस्य पशवः सवनस्पतयः कुशाः ।
इदं च देवयजनं कालश्चोरुगुणान्वितः ॥२३॥
वस्तून्योषधयः स्नेहा रसलोहमृदो जलम् ।
ऋचो यजूंषि सामानि
चातुर्होत्रं च सत्तम॥२४॥
नामधेयानि मन्त्राश्च
दक्षिणाश्च व्रतानि च ।
देवतानुक्रमः कल्पः संकल्पः सूत्रमेव च ॥२५॥
गतयो मतयश्चैव प्रायश्चित्तं समर्पणम् ।
पुरुषावयवैरेते सम्भाराः सम्भृता मया ॥२६॥

સુબોધિની ટીકા : જ્યારે દેવગણોએ યજ્ઞના સંભાર વિષે नाऽविदं यज्ञसम्भारानिति । અમે યજ્ઞના સંભારને જાણતા નથી; ત્યારે યજ્ઞપુરુષ પોતે જ યજ્ઞરૂપથી પ્રકટ થયા.

तेष्विति । तेष्ववयवेषु यज्ञस्य सम्बन्धिनः पशवः अजादयः । सवनस्पतयो वनस्पतिसहिता यूपसहिताः । सवनस्पतयः कुशा इति वा सम्बन्धः । तदा वनस्पतयोऽश्वत्थादयः । कुशा बर्हीरूपाः । इदं च देवयजनम् । देवा इज्यन्ते अस्मिन्निति यज्ञभूमिर्देवयजनम् । इदमित्यंगुल्या प्रदर्शितम् । अनेन यज्ञभूमौ स्थित्वा भागवतं कथयतीति ज्ञापितम् । चकाराद्देवयजनान्तरमपि कालो वसन्तादिः । चकाराद्योगविशेषो नैमित्तिकः । **उरुगुणान्वित इति । यदि तस्मिन्काले सूर्यो नाऽऽविः स्यात्-पुरस्ताच्चन्द्रमा अभ्युदियात्-तस्य सम्पत्तिर्भवेत्** । अन्येऽपि गुणाः कालस्य बहवो वेदे उक्ताः । स उरुगुणान्वितः कालः । वस्तूनि पात्रादीनि । ओषधयो व्रीहियवादयः । स्नेहा घृतादयः । रसा दधिमध्वादयः । लोहाः स्वधित्यादयः । मृदो महावीराद्यर्थाः । जलं वसतीवरीप्रभृतयः । ऋचो यजूंषि सामानि वेदत्रयमन्त्राः । चातुर्होत्रं होत्रादि चतुर्गुणसाध्यं कर्म । चतुर्होतृनिदानकं वा । अत्र **सत्तमेति** सम्बोधनमुक्तार्थविश्वासाय । नामधेयानि ज्योतिष्टोमादीनि । मन्त्राः स्वाहाकारादयः । चकारान्निगदाः । दक्षिणा गावः । चकाराद्वराः । व्रतानि दीक्षादयः । चकारान्मांसभक्षणादिनिषेधादयः । देवतानुक्रम इज्यानां देवतानामानुपूर्वी आग्नेयः कृष्णग्रीव इत्यादिरूपा ।

મે. જનરલ ઈલેક્ટ્રીક સ્ટોર્સ ૨૩૬, ઇન્ડિયા એક્સચેન્જ પાસે, કલકત્તા-૧.

कल्पः कल्पसूत्रम् । संकल्पः कामनाविषयः । सूत्रं न्यायसूत्रम् । पद्धतिर्वा । गतयो विष्णु क्रमाद्याः । मतयो देवताध्यानानि । चकारादाचतुर्थात्कर्मणोऽभिसमीक्षणादि । प्रायश्चित्तं अनाज्ञातमित्यादि । समर्पणं संस्था । निवेदनं वा । एतावन्तो हि यज्ञे सम्भाराः । ते पुरुषावयवैरेव कृता इत्याह— **पुरुषावयवैरिति** । अत्राऽवयवादिव्यवस्था तृतीयस्कन्धे वक्ष्यते । एते सम्भाराः पुरुषावयवैरेव संभृताः । मयेति साधारणाधिकारिणा नैवं कर्तुं शक्यत इति सूचितम् ॥२३-२४-२५-२६॥ ततः किमत आह—

इति सम्भृतसंभारः पुरुषावयवैरहम् ।
तमेव पुरुषं यज्ञं तेनैवाऽयजमीश्वरम् ॥२७॥

इति सम्भृतसम्भार इति । इत्यमुना प्रकारेण पुरुषाववैरेव सम्भृत सम्भारो भूत्वा तेन यज्ञेन तमेव पुरुषमयजम् । फलार्थं न यागः । किन्त्वीश्वरार्थमिति । तदाह—**ईश्वरमिति** । यथा मया यागः कृत एवमेव करणमुचितम् । यज्ञीयान्पदार्थान् भक्त्या भगवदवयवाविर्भावं कृत्वा तत उत्पाद्य भगवत्प्रीत्यर्थमेव तैर्भगवत्कर्म करणम् भगवतो ह्यस्ति किञ्चित्कार्यं स्वार्थम् । यथा पुरुषस्य स्वप्रयोजनार्थं सर्वाणि कर्माणि तथा भगवतः प्रयोजनार्थं सर्वे यागाः । ततश्च ते यदि भगवदवयवैरेवोत्पादितैः पश्वादिभिर्भगवत्कार्यं कुर्युस्तदा भगवदर्थं तत्फलं भवति । नाऽन्यथा । यद्यपि लौकिका अपि पदार्थास्तथैवोत्पन्नास्तथापि ते सर्वार्था इति नैकान्ततो यागफलसाधकत्वम् । मध्यमाधिकारिणस्तु यज्ञार्थमेव तथा ज्ञात्वा तान् पदार्थान् सम्पाद्य यज्ञकरणे फलं भवति । परं तत्फलं समर्पणीयम् । यदा पुनस्तथा अज्ञानात्तैः पदार्थैर्यागं करोति तदा तत्फलं भगवान्न गृह्णाति । नह्यन्दीयैः कृतं भगवान् गृह्णाति । यत्पुनर्यागार्थमेव न पदार्थाः सम्पादिताः किन्तु साधारणास्ते । तैस्तु फलमेव नोत्पद्यते । उत्पद्यमानं वा काकतालीयन्यायेनोत्पद्यते चेत्ते पदार्थास्तदर्थं भवेयुः । एवं यागश्चतुर्धा निष्पद्यते—उत्तम—मध्यम—निकृष्ट—निष्फलभेदेन । तत्र पशवो भगवत ऊरुदेशा—दुत्पन्नाः लोमभ्यो वृक्षाः । स्वेदसहितेभ्यः कुशाः । देवयजनं पद्भ्याम् । कालः पक्ष्मभ्यः । वस्तून्योष्ठादिभिः । स्नेहा दृष्ट्या । रसा जिह्वातः । मृदो घ्राणात् । जलानिनाडीभ्यः । ऋचो यजूंषि सामानि कर्णाभ्यां मस्तकाच्च । चातुर्होत्रं कर्म बाहुभ्यः । नामधेयानि मुखात् । मन्त्राश्च शिरोवयवेभ्यः । दक्षिणा गावो वामोरुप्रदेशात् । व्रतानि मनसः । देवताऽनुक्रमः पर्वभ्यः । कल्पोबलात् । संकल्पो बुद्धेः । सूत्रं प्राणात् । विहारयोगरूपं वा । गतयो विक्रमात् । मतयो ज्ञानेन्द्रियेभ्यः । प्रायश्चित्तं कर्मेन्द्रियेभ्यः । समर्पणमात्मनः । अन्येऽपि यज्ञियाः पदार्था यथायथमूह्याः । अत एव वेदे सर्व यज्ञियाः पदार्था भक्तिमद्भिः साक्षात्क्रियन्ते । पश्चात्तोऽवयवात्तेषां पदार्थानामाहरणं क्रियते । तदनन्तरं यागः । अन्यथा—अपश्यत्, आहरत्, अयजतेति वैयर्थ्यापत्तिः॥२७॥

આ સ્થાને અર્થ સમજવાની પહેલાં આ જાણવું યોગ્ય છે કે, જેમ યજ્ઞનાં સાધનો શ્રીહરિના અંગમાંથી પ્રકટ થયાં છે તેમજ ભગવત્સેવાનાં સાધનો પણ એઓશ્રીના શ્રીઅંગ રૂપ છે. અને ભગવદીય લીલાસૃષ્ટિ પણ એઓશ્રીના શ્રીઅંગની સૃષ્ટિ છે. તેથી જ તેને સાક્ષાત્ સંબંધ પ્રાપ્ત થાય છે. લીલાસૃષ્ટિના પ્રકારની પણ આનાથી સૂચના મળે છે. જેવી રીતે દેવોએ યજ્ઞસામગ્રીનાં પ્રભુમાં દર્શન કર્યાં, તેવી રીતે વ્રજ, વૃન્દાવન, ગિરિ, નદી, પશુ-પંખીઓ, બધાનું રસાત્મક રૂપ ભગવદ્રૂપ છે. તે રસાત્મક રૂપે 'દાનલીલા'માં સૂચવ્યું છે. તેવી રીતે વિષયાવેશથી દુષ્ટ ઇન્દ્રિયો તેના હિત સાધન માટે શ્રી વલ્લભાચાર્યજી શ્રીકૃષ્ણ (ભૂમા) ઈશના પણ ઈશને નિવેદન કરવાનું જણાવે છે.

અહિંયાં આ જણાવવાનું છે કે, છપ્પનભોગથી માંડી બીજા અનેક મનોરથો જે મોટા પ્રમાણમાં થાય છે તેનો આધાર આ યજ્ઞના વિવરણથી પ્રાપ્ત થાય છે. શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે, कर्माण्येकं तस्य देवस्य सेवा । (નિબંધ) આ રીતે સેવા દ્વારા ભગવત્પદાર્થને અને પ્રભુને તે જીવની સેવા સ્પર્શ કરે છે. તેને પ્રભુ અંગીકાર કરે છે. તે જ શાશ્વત કર્મ છે. રાસમાં પણ ચર્વણી શક્તિ એટલે આવાગમન શક્તિનો પણ ભગવત્સંબંધ થયો છે, અને સમર્પણનો સિદ્ધાંત પણ અહિંયાં જોવા મળે છે. તેમજ અધિકારભેદનું વિવેચન પણ આચાર્યશ્રી અહિંયાં સ્પષ્ટ કરે છે. તેથી વૈદિક પરંપરાને હીન દૃષ્ટિથી જોવાનું કોઇ કારણ ઉપસ્થિત થતું નથી. તેમજ સકામ કર્મને ઉત્તેજન કે સમર્થન જેવી વાત પોતે જ નિરર્થક થઇ જાય છે. તે યજ્ઞમાં નિવેદન અને સમર્પણની સાધારણ વિશેષતાથી જ સ્પષ્ટ થાય છે. અન્યથા આ શબ્દો અહીં ઉમેરવાની આચાર્યશ્રીને આવશ્યકતા ન હતી. જે વાક્યો અહીં વપરાયાં છે તેનો ભગવત્પરક અર્થ કરવાને માટે જ મહાપ્રભુએ આ પ્રયાસ કર્યો છે.

હવે ઉપરનાં સંસ્કૃત સુબોધિનીજીનો ભાવાર્થ સમજીએ તે પ્રાસંગિક થશે.

અર્થ-યજ્ઞરૂપ ભગવાનના અવયવોમાં યજ્ઞીય પદાર્થોનું દર્શન દેવોને આ પ્રમાણે થયું-અજ આદિ પશુઓ, વનસ્પતિ સહિત (યૂપ-યજ્ઞીય પશુઓને બાંધવાના થાંભલા સાથે) અથવા વનસ્પતિ એટલે કુશા, અશ્વત્થ (પીપળો) વગેરે છે. તેમજ કુશા બર્હીરૂપ છે. આ દેવયજન-જેમાં દેવોનું યજન થાય તે દેવભૂમિ, તેને દેવયજન કહેવામાં આવી છે. અહીં વદમ્ શબ્દનો ઉપયોગ કરવાથી જણાય છે કે, આ સઘળા પદાર્થોને આંગળી નિર્દેશથી બતાવવામાં આવ્યા છે.

આનાથી આ સમજાય છે કે, યજ્ઞભૂમિમાં સ્થિત થઈને ભાગવત કહે છે. આગળ च (અને) શબ્દનો પ્રયોગ કરી અન્ય દેવયજનનો પણ નિર્દેશ કર્યો છે. આમ યજ્ઞમાં કાલ 'વસંત' આદિ લેવાય છે. च કહીને નૈમિત્તિક યોગવિશેષનું સૂચન કર્યું છે. કાલ ગુણોથી યુક્ત છે. જેમકે જે સમયે સૂર્ય ઉદય થયો હોય પણ ચંદ્રોદય થઈ ગયો હોય, ત્યારે અન્નસંપત્તિ થાય એવું સૂચન કર્યું છે. બીજા પણ ઘણા ગુણો વેદમાં કહેલ છે. તે કાલ ઉરુગુણાન્વિત કહેવાય છે, પાત્ર આદિ વસ્તુઓ, વ્રીહિ-યવ વગેરે ઔષધિઓ, ઘૃત આદિ સ્નેહ, દહીં મધ રસો અને લોહ આદિ, સ્વધા અને મહાવીર્યાદિ માટે મૃત્તિકા (માટી) 'વસતીવરી' (અમુક સંસ્કાર કરવા માટે ઉપયોગી જલ) વગેરે જલ, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણે વેદોના મંત્રો અને હોત્રી આદિ ચતુર્ગુણ, સાધ્યા જે કર્મ તે ચાતુર્હોત્ર અથવા ચાતુર્હોત્રી કહે છે. અહીં 'સત્તમ' એ પ્રમાણે જે સંબોધન કર્યું છે તે વિશ્વાસ માટે છે. જ્યોતિષ્ટોમ આદિ નામો, મંત્રો સ્વાહાકાર વગેરે. અને च તરીકે નિગદ તેમજ દક્ષિણા તરીકે ગાયોનું સૂચન કર્યું છે. ફરી च કારથી વર, દીક્ષા વગેરે વ્રતો કહ્યાં છે. અને च કાર આદિથી માંસભક્ષણ આદિનો નિષેધ કરવામાં આવ્યો છે. આગ્નેય, કૃષ્ણગ્રીવ ઇત્યાદિરૂપ પૂજ્ય દેવતાઓની 'આનુપૂર્વી' તે દેવતાનો ક્રમ, કલ્પ એટલે કલ્પસૂત્ર, સંકલ્પ-કામના, વિષય, અને સૂત્રથી ન્યાયસૂત્રો અને પદ્ધતિ લેવામાં આવી છે. ગતિથી વિષ્ણુ-ક્રમાદિનું

મે. જુનકટોલી ટી એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ. એ ૨/૧ ગીલીન્ડર હાઉસ, નેતાજી રોડ, કલકત્તા-૧.

મે. બજરંગલાલ બદરીપ્રસાદ એન. એસ. રોડ, કલકત્તા-૧.

સૂચન કર્યું છે. મતિ એટલે દેવતાનું ધ્યાન તથા ચ શબ્દથી ચતુર્થ કર્મ સુધીનું સંપૂર્ણ જ્ઞાન વગેરે, પ્રાયશ્ચિત્ત શબ્દથી અનાજ્ઞાત વગેરે લેવાય છે. સમર્પણ એટલે સંસ્થા અથવા નિવેદન છે. આ રીતે યજ્ઞમાં આટલા સંભાર–સાધનો હોય છે. આ બધા યજ્ઞપુરુષના અવયવોથી જ કરવામાં આવ્યા હતા એમ પુરુષાવયવઃ, ઙિ એ શબ્દો વડે કહેવામાં આવ્યું છે. અહીં અવયવવાદની વ્યવસ્થા તૃતીય સ્કંધમાં જણાવી છે. આ સંભારો–સામગ્રીઓ પુરુષના અવયવોથી જ સંપાદન કરવામાં આવ્યું છે કે સાધારણ અધિકારીથી આમ કરવું શક્ય નથી (શ્લો. ૨૩–૨૪–૨૫–૨૬)

અહીં આ અનુસંધાનમાં સુબોધિનીનું વિવેચન વધુ કરતાં પહેલાં આ જણાવવું યોગ્ય છે કે જેમ યજ્ઞનાં સાધનો શ્રીહરિનાં શ્રી અંગમાંથી પ્રકટ થયાં તેમજ ભગવત્સેવામાં પ્રયોગ થતાં સાધનો પણ તેમના શ્રીઅંગરૂપ છે. અને ભગવલ્લીલાસૃષ્ટિ પણ તેમના જ શ્રી અંગની સૃષ્ટિ છે. તેથી જ તેને સાક્ષાત્ ભગવત્સંબંધ પ્રાપ્ત થાય છે. લીલાસૃષ્ટિના વિવિધ પ્રકારોની પણ આના થકી સૂચના મળી છે. જેવી રીતે દેવોએ યજ્ઞસામગ્રીનાં પ્રભુમાં દર્શન કર્યાં, અને તે બધી વસ્તુઓ પ્રભુમાંથી જ પ્રકટ થઈ અને પ્રભુના જ શ્રીઅંગમાં તેની ભાવના કરવાનું જણાવ્યા પ્રમાણે વ્રજ, વૃંદાવન, ગિરિ, નદી, પશુ, પક્ષીઓ આદિના રસાત્મકરૂપનાં દર્શન વ્રજભક્તોએ પ્રભુનાં સ્વરૂપમાં જ કર્યાં છે. તેમજ 'દાનલીલા'માં શ્રી હરિરાયજી 'વ્રજવૃંદાવન ગિરિ નદી પશુ, પંછી સબ અંગ' આદિના રસાત્મક રૂપનાં દર્શન વ્રજભક્તોએ પ્રભુના સ્વરૂપમાં જ કર્યાં છે. તેમજ 'દાનલીલા'માં શ્રી હરિરાયજી 'વ્રજવૃંદાવન ગિરિ નદી પસુ પંછી સબ અંગ' આમ વર્ણન કરી આ ભાવાત્મક સ્વરૂપનું સમર્થન કરે છે. તેમજ વિષયાવેશથી દુષ્ટ ઇન્દ્રિયના હિત સાધન માટે શ્રીવલ્લભ, શ્રીકૃષ્ણ 'ભૂમા' ઈશના પણ ઈશની સેવામાં વિનિયોગ કરવાનું જણાવે છે. આ રીતે શ્રીહરિમાં લોક–વેદનાં બધાં સત્કાર્યોને નિવેદન કરીને સ્થિત કરવાની આજ્ઞા ષોડશગ્રંથમાં સ્પષ્ટ રીતે સમજાવી છે.

હવે આગળ સુબોધિની જોઈએ :

इति संभृत संभारः पुरुषावयवैरहम् ।
तमेव पुरुषं यज्ञं तेनैवाऽयजमीश्वरम् ॥
(ભા. ૨–૬–૨૭)

ઇતિ એટલે આ પ્રકારે પુરુષ અવયવોથી સંભૃત સંભાર થઈને યજ્ઞ દ્વારા તે જ પુરુષનું મેં યજન કર્યું. આ યાગ ફલપ્રાપ્તિ માટે ન હતો, પણ ઈશ્વર માટે જ હતો. એ સમજાવવા માટે અહીં 'ઈશ્વર' પદ વાપર્યું છે. જે પ્રમાણે મેં યાગ કર્યો છે, તે પ્રમાણે કરવો ઉચિત છે. યજ્ઞીય પદાર્થોનું ભગવદવયવોમાંથી આવિર્ભાવ કરીને, તેમાંથી ઉત્પન્ન કરીને, ભગવત્પ્રાપ્તિ માટે જ તે પદાર્થોથી ભગવત્કાર્ય કરવું. જેમ પુરુષને પોતાના પ્રયોજન માટે સર્વ કાર્યો હોય છે તેમ ભગવાનના પ્રયોજન માટે સર્વ યાગો ને યજ્ઞો છે.

તેથી તેઓએ જે ભગવાનનાં અંગોમાંથી ઉત્પાદિત પશુ આદિથી ભગવત્ કાર્ય કરે તો તેનું ફળ ભગવદર્થ થાય; અન્યથા નહીં. જે કોઈ લૌકિક પદાર્થો પણ તેવી જ રીતે ઉત્પન્ન થયેલા છે. તો પણ તે સેવાર્થ હોવાથી તેમાં એકાંતિક રીતે યજ્ઞફળને સાધતા નથી. મધ્યમ અધિકારીને તો યજ્ઞ માટે જ તેવા જ્ઞાન સાથે તે વસ્તુઓનું સંપાદન કરીને યજ્ઞ કરવાથી ફળ થાય છે. પરંતુ તે ફળ સમર્પિત કરવું જોઈએ. જ્યારે તેવું જ્ઞાન રાખ્યા વિના તે પદાર્થોથી યજ્ઞ કરે છે ત્યારે તેનું ફળ ભગવાન સ્વીકારતા નથી, તેમજ અન્ય દ્વારા પ્રદત્ત–આપેલ વસ્તુઓથી કરેલો યજ્ઞ ભગવાન ગ્રહણ કરતા નથી. જ્યારે કેવળ યજ્ઞના ઉદ્દેશથી પદાર્થો સંપાદિત ન કર્યા હોય, પરંતુ સાધારણ પ્રકારે હોય તે પદાર્થોથી ફળ ઉત્પન્ન ન થઈ શકે. કદાચ ઉત્પન્ન થાય તો તે કાકતાલીય ન્યાયથી જ થઈ શકે. કેમ કે આ પદાર્થ ભગવદર્થ હોતા નથી. આ રીતે યજ્ઞ ચાર પ્રકારથી સંપાદિત થાય છે. ઉત્તમ, મધ્યમ, નિકૃષ્ટ અને નિષ્ફળ, ત્યાં પશુઓ ભગવાનના સાથળમાંથી ઉત્પન્ન થયેલા છે. વૃક્ષો રૂંવાટીથી અને કુશો પરસેવાવાળી રૂંવાટીથી, તેમજ દેવયજન શ્રીચરણોમાંથી અને કાળ પાંપણોમાંથી, વસ્તુઓ હોઠમાંથી અને સ્નેહ, દૃષ્ટિથી પ્રકટ થયો છે. રસો જીભમાંથી, મૃત્તિકા નાસિકામાંથી અને જળ નાડીઓમાંથી, ઋક્, સામ, યજુ કર્ણોમાંથી અને મસ્તકમાંથી, ચાતુર્હોત્ર કર્મ બાહુઓમાંથી, નામો મુખમાંથી, મંત્રો મસ્તકના અવયવોમાંથી, ગાયો ડાબા સાથળમાંથી, વ્રતો મનમાંથી પ્રકટ્યા અને દેવતાઓનો અનુક્રમ પર્વોમાંથી થયા. કલ્પ બળમાંથી, સંકલ્પ બુદ્ધિથી, સૂત્ર પ્રાણમાંથી અથવા વિહારયોગ રૂપ પ્રાણોમાંથી, ગતિયો વિક્રમમાંથી, મતિઓ જ્ઞાનેંદ્રિયોથી, પ્રાયશ્ચિત્ત કર્મેંદ્રિયોથી, તેમજ સમર્પણ આત્મામાંથી ઉત્પન્ન થયેલ છે. બીજા પણ યાજ્ઞીય પદાર્થોનું પ્રાકટ્ય યોગ્ય અવયવોમાંથી થયું સમજવું.

હરકીશનદાસ લક્ષ્મીદાસ પમે માળે, ન્યુ સ્ટોક એક્સચેન્જ બિલ્ડીંગ, ફોર્ટ મુંબઈ–૩૩

માટે જ વેદમાં સર્વે યજ્ઞીય પદાર્થોનો ભક્તિવાળાને સાક્ષાત્કાર થાય છે. પછી તેને અવયવોમાંથી તે તે પદાર્થોનું આહરણ કરવામાં કે ગ્રહણ કરવામાં આવે છે. જો આમ અર્થ ન કરીએ તો અપશ્યત્, આહરત્, અયજત્ વગેરે શબ્દો વ્યર્થ થઈ જાય છે.

તૃતીય સ્કંધ સુબોધિનીના ૧૩ મા અધ્યાયના શ્લોક ૩૩ પછી ૩૫ થી ૪૦ શ્લોક સુધીનું અનુસંધાન કરવું તે વધુ વિગત જાણવા માટે યોગ્ય છે. અહિંયાં વિસ્તારભયથી લખવું શક્ય નથી.

આમ સુબોધિનીમાં અને નિબંધમાં યજ્ઞને શ્રીહરિનું સ્વરૂપ જ માનીને આચાર્યશ્રી यज्ञो वै विष्णुः । આ શ્રુતિનો ઉલ્લેખ પણ કરે છે. તેમજ ત્રીજા સ્કંધની સુબોધિનીમાં વારાહ અવતારમાં શ્રીવારાહજીને પણ યજ્ઞ સ્વરૂપની જેમ ઓળખાવે છે, આમાં આશંકા થઈ શકે છે કે, આ સ્વરૂપની સાથે રસાત્મક સ્વરૂપની સરખામણી કેમ કરી શકાય? તો આ વિષયમાં વધુ લખવાથી વિસ્તાર થાય અને મૂળ વિષયમાં પૂરતો પ્રકાશ ન નાખી શકાય તો અહિંયાં આટલું સૂચન જ પૂરતું થશે કે આના ભાવાત્મક અને રસાત્મક સ્વરૂપનું જેને વૈશિષ્ય સમજવું હોય તે શ્રી વિઠ્ઠલનાથજીની प्रलयपयोधिजले० એ શ્રી જયદેવ કવિકૃત અષ્ટપદી ઉપરની સંસ્કૃત ટીકા વાંચે તો તેમનું સમાધાન શુદ્ધ પુષ્ટિમાર્ગીય નિષ્ઠાવાળા વૈષ્ણવોને પણ થઈ શકે.

જેમ ભગવાનના ચાર વ્યૂહનો ઉપયોગ પણ પ્રભુની લીલામાં થાય છે, તેમજ યજ્ઞનું ભાવાત્મક સ્વરૂપ પુષ્ટિમાર્ગમાં પણ ગ્રાહ્ય છે.

મી. જી. એમ. મોદી, સૈયદ અબ્દુલા, બ્રેલવી રોડ, મુંબઈ–૧.

સામાન્ય રીતે લૌકિકમાં પુષ્ટિમાર્ગીય જનોને વેદના અનુસાર જ ચાલવાનો ઉપદેશ શ્રીવલ્લભાચાર્ય કરે છે; તે પ્રસંગ આવ્યે રજૂ કરીશું. અહીંયાં આ સૂચના જ પૂરતી થશે. જેને દિવ્ય ભગવદ્રસનું પાન સ્વપ્નમાં પણ નથી, તે જ વિરોધાભાસ જોતા રહે છે. અને જે વિરુદ્ધધર્માશ્રયના સ્વરૂપ અને તેમની લલિત લીલાથી પરિચિત છે, તેને આ વિષયમાં માયિક દૃષ્ટિની જેમ ભ્રમ થતો જ નથી. શ્રી વલ્લભાચાર્યના દાર્શનિક વિચારોની આ વિશેષતા છે કે તે શાસ્ત્રોના જ કેવલ વિરોધાભાસને દૂર કરતા નથી; જીવનના વિરોધાભાસને પણ દૂર કરે છે. તેમજ ક્રિયા અને વિચારોના વિરોધાભાસને પણ દૂર કરીને સરસ બ્રહ્મવાદનું પ્રતિપાદન કરે છે. શ્રીગીતામાં અર્જુનને ઉપદેશ આપતાં ભગવાન જણાવે છે કે,

यत्करोषि यदश्नासि यज्जुहोसि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत् कुरुष्व मदर्पणम् ॥

હે અર્જુન! તું જે કંઈ કરે છે, જે કંઈ ખાય છે, જે કંઈ હવન કરે છે, જે કંઈ આપે છે અને જે તપ કરે છે, તે તે બધું જ મને અર્પણ કર. અહિંયાં કૌંતેય તરીકે અર્જુનને સંબોધે છે તેનું તાત્પર્ય આ જ છે કે, શ્રીકુંતી ભક્ત છે અને તેના જ સંબંધથી ભગવાન આ આજ્ઞા અર્જુનને આપે છે. શ્રીમહાપ્રભુજી પણ 'સિદ્ધાંત-રહસ્ય'માં સ્પષ્ટ જણાવે છે કે निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादितिस्थितिः । નિવેદિતાત્મા જીવ પ્રભુને અર્પણ કરીને જ લૌકિક વૈદિક બધાં કાર્યો કરે અને તે જ પ્રમાણે જીવનમાં સ્થિતિ કરે. તેથી પુષ્ટિમાર્ગમાં સકામ અને નિષ્કામ કર્મની વાત ઉડાણમાં નથી. અહિંયાં તો ભગવત્કામનાથી જ સઘળાં કામો કરવાનો નિર્દેશ આચાર્યશ્રી વિધિવાક્ય તરીકે કરે છે. જો વ્રજભક્તોને શ્રતિરૂપા કહીએ તો તેનો ઉલ્લેખ બૃહદ્ વામન પુરાણમાં છે. તો આ તિઓ જ શ્યામસુંદર-રૂપી તરુનાં પાંદડાં સ્વરૂપ છે. આવું દર્શન ઉદ્ધવજીને ભગવાને કરાવ્યું હતું. અને શ્રીનંદદાસજી વર્ણન કરે છે. આ રીતે પુષ્ટિભક્તોની નજર જ કોઈ અનેરી હોય છે. જેને તેવી આંખો નથી, તે તેવું રૂપ નિહાળી જ નહીં શકે. શુદ્ધાદ્વૈતના દાર્શનિક સિદ્ધાંતમાં ભાવાદ્વૈતની અનુભૂતિ લોકવેદાતીત હોવા છતાં વ્યવહાર્ય પણ છે. આ જ આની વિલક્ષણતા છે.

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ।
दैवाल्लब्धेन सन्तोष आत्मविच्चरणार्चनम् ॥

भा० ३-२८-२

અર્થ : શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું, અને વિધર્મથી દૂર રહેવું, દૈવથી પ્રાપ્ત થાય તેથી સંતોષ રાખવો, આત્મજ્ઞાનીઓનાં ચરણની પૂજા કરવી. (૨)

स्वधर्माचरणमिति । **स्वधर्माणां** देहधर्माणां वर्णाश्रमाधिकारसिद्धानामाचरणं यथाशक्त्या कर्तव्यम्, न तु शक्त्यावपि सङ्कोचः । शास्त्रमपि **यच्छक्नुयात् तत्कुर्यात्** इति । **विधर्माच्च निवर्तनं** द्वितीयं साधनम् । धर्मबाधो विधर्मः, यस्मिन् क्रियमाणे स्वस्य धर्मस्य बाधो भवति । स यथाधिकारमवसेयः । यावद्देहोऽयम्, तावद्वर्णाश्रमधर्मा एव स्वधर्माः । भगवद्धर्मादयोऽपि विधर्माः, परधर्माः वा । यदा पुनरात्मानं जीवं मन्यते, संघात-व्यतिरिक्तम्, तदा दास्यं स्वधर्मः, अन्ये वर्णाश्रमादयोऽपि परधर्माः । यदा पुनर्भगवद्भावं प्राप्ताः, तदाऽलौकिकधर्मा एव ऋषभादिष्विव गोचर्यादयः स्वधर्माः, अन्ये परधर्मा इति । चकारात् परधर्मादयश्चत्वारोऽपि संगृहीताः अयं च प्राप्तज्ञान इति स्वशक्त्या भगवत्प्रेरणया, स्वज्ञानेन वा, ज्ञानबाधाभावे शरीरशक्त्या वा, उभयात्मकस्वधर्मानुष्ठानम्, नत्वेकतर-विरोधि । तृतीयं साधनम्- **दैवाल्लब्धेन सन्तोषः** । **दैवादिति** वचनात् आवश्यकप्राप्तिः सूचिता । अलब्धे वा महाहिरिवाऽप्रयत्नोऽपि सन्मनुष्येदिति ज्ञातव्यम् । अन्यैश्चेत्यतिदेशात् । **आत्मविदां चरणार्चनम्** चरणपूजा, दास्यमिति यावत् । आत्मवित्त्वं च तेषां ज्ञातव्यमक्षोभादिना ॥२॥

નેવલ કોર્પોરેશન ૭/એ કીનલેન, મુંબઈ-૨૩

સુબોધિની : (૧) 'સ્વધર્મો' એટલે વર્ણ અને આશ્રમના અધિકાર પ્રમાણે આચરણ કરવું, પરંતુ શક્તિ હોવા છતાં (તેમને) ઓછાં ન કરવાં શાસ્ત્ર પણ 'જે (કરવા)ની શક્તિ હોય તે કરવું' એમ કહે છે, અને (૨) વિધર્મથી દૂર રહેવું એ બીજું સાધન છે. જેથી ધર્મનો પ્રતિબંધ થાય, જે કરવામાં આવતાં પોતાના ધર્મનો પ્રતિબંધ થાય તે વિધર્મ. પોતપોતાના અધિકાર પ્રમાણે તેનો નિર્ણય કરવો. જેમકે, જ્યાં સુધી દેહ છે, ત્યાં સુધી વર્ણ અને આશ્રમના ધર્મો જ સ્વધર્મો છે. ભગવાન સંબંધી ધર્મો પણ વિધર્મ છે. અથવા બીજાના ધર્મો છે. પરંતુ જ્યારે પોતે દેહથી જૂદો જીવ છે એમ જાણે, ત્યારે (ભગવાનનું) દાસ્ય સ્વધર્મ છે. બીજા વર્ણ અને આશ્રમના ધર્મો પણ પરધર્મો છે. વળી જ્યારે ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરે, ત્યારે જેમ ઋષભ વગેરે પેઠે ગાયો પેઠે ભમવું વગેરે સ્વધર્મો છે, બીજા પરધર્મો છે. च 'અને' શબ્દથી પરધર્મ વગેરે ચારેનો સમાવેશ કરેલો છે. વળી આણે જ્ઞાન પ્રાપ્ત કરેલું હોવાથી, પોતાની શક્તિ પ્રમાણે ભગવાનની પ્રેરણાથી, અથવા પોતાનાં જ્ઞાનથી અથવા જ્ઞાનનો વિરોધ ન હોય ત્યારે શરીરની શક્તિથી બંને પ્રકારના સ્વધર્મો આચરવા, પરંતુ એકનો વિરોધ થાય તેવા (આચરવા) નહીં. (૩) **દૈવથી પ્રાપ્ત થાય તેથી સંતોષ રાખવો** એ ત્રીજું સાધન છે. 'દૈવથી' શબ્દથી અવશ્ય પ્રાપ્તિ થવાનું સૂચવેલું છે, અથવા (તે શબ્દથી) એમ જાણવું કે પ્રાપ્ત ન થાય ત્યારે મોટા સર્પની પેઠે (પ્રાપ્ત કરવાનો) પ્રયત્ન કર્યા વિના પણ સંતોષ રાખવો. કારણ કે 'બીજા માર્ગોથી' એમ કહેલું છે. (૪) આત્મજ્ઞાનીઓનાં ચરણોની સેવા, દાસ્ય એવો અર્થ છે. અને તેઓ આત્મજ્ઞાની છે એમ (તેઓને) ખળભળાટ થતો નથી વગેરે (સાધનો)થી (તેઓ આત્મજ્ઞાની છે એમ) જાણવું. (૨)

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યની પરંપરામાં ભગવત્સેવા પણ યજ્ઞરૂપ જ છે. આજના સમયમાં આવા યજ્ઞો કરવા ઉચિત છે. અને તેનાથી સકામ કર્મોને ઉત્તેજન જેવા પ્રશ્નો અસ્થાને છે. કેમકે જ્યાં સુધી વર્ણાશ્રમધર્મ જ સ્વધર્મ રૂપ છે તેમ શ્રી આચાર્ય આપણને ત્રીજા સ્કંધમાં ૨૮મા અધ્યાયના ૨જા શ્લોકની સુબોધિનીમાં સ્પષ્ટ કરે છે.

આ રીતે વેદમતને સમર્થન આપણને શ્રીવલ્લભાચાર્યનાં વાક્યોમાં જ પ્રાપ્ત થાય છે. આશા છે, સુજ્ઞજનો વિચાર કરી સ્વધર્મની સાર્વભૌમ મહત્તાને સમજી આચાર્યશ્રી વલ્લભના સિદ્ધાંતોને બિરુદાવશે અને સંગઠન સાધી સ્વધર્મના ઉજ્જવલ સ્વરૂપને જનતા સમક્ષ રજૂ કરી યશસ્વી બનશે.

શ્રી ગોવર્ધનનાથજી સત્સંગ મંડલ C/o. શ્રી જે. પી. શાહ, ૧૧/એ બ્રેસલી રોડ, મુંબઈ-૧.

સોમયજ્ઞની પ્રાચીન પરમ્પરા

ગો. શ્રી. માધવરાયજી મહારાજ મથુરા-પોરબંદર
(સંપાદક : 'અગ્નિકુમાર' - 'નવપ્રકાશ')

[આ નાના લેખના પરમ વંદનીય લેખકશ્રીએ આપણી યજ્ઞભાવના અને સોમયજ્ઞ વિષે જે સરસ ચર્ચા કરી છે, તે આવકાર્ય એવં શ્લાઘનીય છે. -તંત્રી]

સમ્પ્રદાયના પ્રાચીન ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે જેના પરિવારમાં સો સોમયજ્ઞો સંપન્ન થાય તેને ત્યાં સાક્ષાત્ ભગવદવતાર થાય છે. જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લાચાર્યચરણોના પૂર્વજોએ ૯૫ સોમયજ્ઞો કર્યા બાદ શ્રીલક્ષ્મણભટ્ટજીને સ્વપ્નમાં ભગવદાજ્ઞા થઈ કે શેષ પાંચ સોમયજ્ઞો પૂર્ણ કરો. હું તમારે ત્યાં અવતાર ધારણ કરીશ. તે આજ્ઞાનુસાર શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ સ્વપત્ની ઇલમ્માગારુ સહિત બાકી રહેલા સોમયજ્ઞો પરિપૂર્ણ કર્યા અને ચંપારણ્યની પરમ પુનિત અવનિ પર વૈશ્વાનરાવતાર શ્રીવલ્લભનું અગ્નિકુંડ મધ્યે અલૌકિક પ્રાગટ્ય થયું એ સંપ્રદાયના અનેક ગ્રન્થો તેમજ ઇતિહાસથી જાણી શકાય છે. શ્રીદ્વારકેશજી વિરચિત 'મૂલ પુરુષ' જે વ્રજભાષા સાહિત્યમાં મૂર્ધન્ય છે તેમાંથી પણ આ પ્રસંગનું યથાર્થ અને સરસ ચિત્રણ ઉપલબ્ધ થાય છે. આ રીતે જોતાં સોમયજ્ઞનો પ્રકાર સંપૂર્ણ વૈદિક, વૈષ્ણવ તેમજ પ્રામાણિક છે, પરંતુ કતિપય સ્થળે 'સોમયજ્ઞ'નો ઉલ્લેખ થતાં જ લોકો તેને 'હિંસાત્મક' યજ્ઞ માનવા લાગે છે. 'સોમયજ્ઞ એ હિંસાત્મક નહીં, અપિતુ સમ્પૂર્ણ અહિંસાત્મક વૈષ્ણવયજ્ઞ છે' એવું વૈદિક સાહિત્યના સંશોધન અને નિગૂઢ અધ્યયન વડે જ સાબિત થઈ શકે છે. વૈદિક વાઙ્‌મય તેમજ શ્રીમદ્‌ભાગવત, મહાભારત આદિ પુરાણગ્રંથોમાં કેટલેક સ્થળે 'સોમલતા'નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એટલે આ વિષય પર વિચાર કરતાં સોમલતા દ્વારા આ પ્રકારના 'સોમયજ્ઞો' થતા હોવાનું સિદ્ધ થઈ શકે છે.

મે. કોશાડે ટાયર્સ એન્ડ ટ્યુબ્ઝ પ્રા. લિ. ૩/બી વિજય ચેમ્બર્સ,
ડ્રીમલેન્ડ સિનેમા સામે, ત્રિભુવન રોડ, મુંબઈ-૧

'પૂતિકા' સોમલતા અને વજ્ર સોમયજ્ઞોમાં પ્રચલિત છે. આમ તો શ્રીરંગ રામાનુજ વગેરેએ સોમના ૨૦થી વધુ પ્રકારો પણ દર્શાવ્યા છે. ખરી રીતે જોતાં મહાયજ્ઞ 'સોમયજ્ઞ' વૈદિક સાહિત્યમાં ખૂબ જ આદરપાત્ર તેમજ અત્યન્ત-પવિત્ર માનવામાં આવે છે. વેદની શ્રુત્યનુસાર 'देवो भूत्वा देवं यजेत' દેવરૂપ થઈને દેવોનું યજન કરો, એવું વિધાન જોવામાં આવે છે. કેટલેક સ્થળે 'આલભન'નો અર્થ 'હિંસા' એવો કરવામાં આવે છે. પરંતુ યથાર્થ રીતે જોતાં आलम्भन એ હનન નથી. શ્રીમદ્‌ભાગત એકાદશ-સ્કન્ધ અનુસારે 'पशोरालम्भनम् न हिंसा' એ વાક્યાનુસાર ત્યાં કેવળ પશુનું આલંભન માત્ર છે, હિંસા સર્વથા નથી જ. માધ્વ સંપ્રદાયમાં પિષ્ટ પશુને યાગમાં લેવાનું વિધાન અવશ્ય છે. કેવળ પશુઓને થાંભલાથી બાંધી પછી છોડી દેવામાં આવે છે. તેને વૃષોત્સર્ગ પણ કહેવાય છે. જેમાં આખલાને છોડી દેવાની વિધિ હોય છે. આ કર્મપ્રકારમાં ક્યાંય હિંસા નથી.

કેવલ ભગવત્પ્રાપ્તિની કામનાથી જ 'સોમયજ્ઞ'નું વિધાન છે. પરમ પૂત થઈને આ યજ્ઞ કરવામાં આવે છે. કૂષ્માંડ હોમ અને સ્નાનથી પૂત (પવિત્ર) થઈ ક્રમાનુસાર અગ્નિ લઈ દર્શ, પૌર્ણમાસ્ય, ચાતુર્માસ્ય આદિ યજ્ઞો સંપન્ન કરીને જ 'સોમયજ્ઞ' થાય છે. તેમાં દીક્ષા પણ લેવી પડે છે. વીણાદિ વાદ્યો દ્વારા સામગાન કરવાનો ક્રમ પણ મળે છે.

સોમયજ્ઞ સંપન્ન કરવા માટે સોમલતા લાવનારને દક્ષિણા દેવી તથા તેનો યથોચિત સમાદર કરવો જોઇએ. કેવા પ્રકારનું પાત્ર, કઈ કઈ સામગ્રી અને ઉપકરણો સોમયજ્ઞમાં ઉપયોગ લઇ શકાય તેનું વિધાન છે.

જો કે વૈદિક હિંસાને હિંસા માનવામાં આવતી નથી. વૈદિક યજ્ઞોમાં ક્યાંક પશુયજ્ઞોનું પણ વિધાન છે અને ત્યાં પશુઓને હોમ્યા પછી તેને પુનર્જીવિત કર્યાનાં ઉદાહરણો પણ મળે છે. પરંતુ સોમયજ્ઞમાં તેવું વિધાન છે જ નહિ. ત્યાં તો લતાનો સ્વરસ, ઘી, દૂધ ઈત્યાદિ ઉત્તમ સામગ્રી અને દ્રવ્યોથી સોમયજ્ઞ થાય છે.

તત્ત્વાર્થદીપ નિબંધમાં શ્રીમહાપ્રભુજીએ આ યજ્ઞને સાક્ષાત્ ભગવત્સ્વરૂપ તરીકે દર્શાવેલ છે.

સંક્ષેપમાં જે 'યજ્ઞ'ના આયોજનથી સ્વયં શ્રીહરિ એ વંશમાં પ્રાદુર્ભૂત થાય એ યજ્ઞ સર્વોત્કૃષ્ટ પરમ ફળરૂપ હોય જ એમાં સન્દેહ જ નથી. શ્રીવલ્લભના પૂર્વજોએ આ સોમયજ્ઞોને વિધિવત્ પરિપૂર્ણ કર્યા, જેથી સાક્ષાત્ શ્રીહરિના મુખારવિંદરૂપ શ્રીવલ્લભાધીશ પ્રગટ થયા. જેથી શ્રીવલ્લભકુલ 'સોમયાજી' કહેવાયું. આજના ભોગ અને અર્થપ્રધાન યુગમાં પણ પૂ. પા. પ્રથમેશજી, વૈષ્ણવોના સહયોગ વડે આ મહાન 'સોમયજ્ઞ'નું ભવ્ય અને દિવ્ય આયોજન કરીને પૌર્વાત્ય પરંપરાને અગ્રસર કરી સમાજમાં દિવ્ય ચેતના અને વૈષ્ણવભાવના વ્યાપક રૂપે વિસ્તારી રહ્યા છે એ ગૌરવનો વિષય છે. ભગવાન્ વૈશ્વાનર આ અલૌકિક યજ્ઞભાવના વૈષ્ણવોના ઘરેઘરમાં પ્રગટાવી દિવ્ય ચેતના પ્રદીપ્ત કરો, એ જ અંતરની અભ્યર્થના. ◆

મે. ઈસ્ટ એન્ડ ડાઈઝ એન્ડ કેમિકલ કાં. ૧/૧ વનસીટ્રાટ રો, (૨જે માળે) કલકત્તા-૧.

સોમયજ્ઞ : વૈદિક પરંપરાનો નિર્વાહ

ગો. શ્રી રસિકરાયજી મહારાજ (પોરબંદર)

[શ્રીમહાપ્રભુજીના પૂર્વજોએ પ્રારંભ કરેલી સોમયજ્ઞની પરંપરામાં વૈદિક પરંપરાનો નિર્વાહ રહેલો છે, એને સદૃષ્ટાંત સમજાવવાનો આ નાનકડા લેખમાં પૂ. પા. લેખકશ્રીએ જે સત્પ્રયાસ કર્યો છે, તે શ્લાઘનીય છે. —**તંત્રી**]

કેટલાક પ્રશ્ન પૂછે છે કે, શ્રીમહાપ્રભુજીએ ભગવત્સેવાની આજ્ઞા કરી છે, ત્યારે સોમયજ્ઞની શી આવશ્યકતા ? તેના ઉત્તરમાં કહેવાનું કે પુષ્ટિમાર્ગ પ્રકટ કરનાર **શ્રીમદ્વલ્લભાચાર્ય** મહાપ્રભુજીનું પ્રાકટ્ય પણ ૧૦૦ સોમયજ્ઞના ફલરૂપે થયેલું છે. તદુપરાંત શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી અને તદ્વંશજોએ પણ આ પરંપરા અક્ષુણ્ણ રાખી છે અને તેથી ઇતિહાસનું જેને જ્ઞાન નથી તેઓ જ આવા સવાલ પૂછે છે.

જેમણે જેમણે યજ્ઞ કરેલ છે તેમને 'દીક્ષિત'ના પરમ પવિત્ર નામથી ઓળખવામાં આવે છે. જેમ કે, 'વલ્લભ દીક્ષિત' 'વિઠ્ઠલ દીક્ષિત' 'ગોપીનાથ દીક્ષિત' આદિ.

અગ્નિષ્ટોમ અને જ્યોતિષ્ટોમ પણ સોમયજ્ઞનો જ પ્રકાર છે. આપણે ત્યાં નિત્યની અને ઉત્સવની સેવા ભાવનામાં યજ્ઞનાં જ સુભગ દર્શન થાય છે.

શ્રીમહાપ્રભુજી વૈદિક પરંપરાના આગ્રહી હોવાની સાથે પ્રેમલક્ષણા ભક્તિના પરમ પુરસ્કર્તા છે.

શ્રીમહાપ્રભુજીના ગ્રંથો જોતાં એમ ખ્યાલ આવે છે કે, જીવનું મુખ્ય કર્તવ્ય ભગવત્સેવા દ્વારા પૂર્ણપુરુષોત્તમની પ્રાપ્તિ કરવી. પરંતુ સેવામાં જ્યાં સુધી સ્નેહની દૃઢતા ન થાય ત્યાં સુધી લૌકિક-વૈદિક કર્મ અનાસ્થાપૂર્વક કર્તવ્યબુદ્ધિથી કરવાં. સ્નેહની દૃઢતા સ્થાપિત થતાં જ પછી લૌકિક-વૈદિક કર્મ છૂટી જાય તો વિપર્યય ન લાગે. પરંતુ કાચી સ્થિતિમાં તો વૈદિક કર્મો નિરોધ બુદ્ધિ વડે કરવાથી દોષ-મુક્ત થવાય છે, જે ભગવત્સેવાની સિદ્ધિનું અનિવાર્ય અંગ છે.

કલ્પના એજન્સીઝ ૧૨૪, લીંગીચેટ્ટી સ્ટ્રીટ, મદ્રાસ-૧

શ્રીમહાપ્રભુજીના પૂર્વજોએ સ્થાપિત કરેલ આ પરંપરા પાછળથી લુપ્ત થઈ ગઈ હતી, જેને શ્રીપ્રથમેશજીએ ફરીથી સાકાર કરીને આપણી સંમુખ શ્રૌતયજ્ઞનું આધિદૈવિક સ્વરૂપ ઉપસ્થિત કર્યું છે.

ઉજ્જૈનથી પ્રારંભ થયેલી આ પરંપરા રાજકોટ સુધી પહોંચી અને હવે શ્રીમહાપ્રભુજીના સ્થાયી નિવાસસ્થાન અડેલ સુધી પહોંચશે, એ આપણા માટે મહાન ગૌરવનો વિષય છે.

આ કાર્યમાં પ્રત્યેક પુષ્ટિમાર્ગીયોએ તન, મન અને ધનથી સહકાર આપવો જોઇએ.

⁂

✻ સફલ સોમયજ્ઞ ✻

મૂલ પુરુષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ,
શાખા તૈત્તિરીય ગોત્ર ભારદ્વાજ, તૈલંગ કુલ ઉદિત દ્વિજરાજ.

(છંદ)

દ્વિજરાજ તેં હરિ આય પ્રગટે 'સોમયજ્ઞ' કિયો જબેં,
કુંડ તેં હરિ કહી બની, 'જન્મફલ તુમ્હારે અબેં',
ચકિત તતક્ષણ ભયે સબ જન, ઐસી અબ લોં ન ભઇ કબેં,
સુનત હી મન હરખ કીનો, 'ધન્ય ધન્ય' કહ્યો સબેં.

મહા અલૌકિક અગ્નિકુલ સબ, અલૌકિક અષ્ટછાપ હૈં,
અલૌકિક સબ ભક્તજન જો શરણ લીને આપ હૈં,
યથામતિ કછુ બરનિ આઈ, જાનિયો યહ દાસ હૈ.
'શ્રીદ્વારકેશ' નિરોધ માંગે, યહી ફલ કી આસ હૈ.

*

— 'મૂલપુરુષ' (શ્રીદ્વારકેશજી કૃત)

મે. ગોકલદાસ નારણદાસ કર્ણાકસાયડીંગ રોડ, લોખંડ બજાર, મુંબઈ-૯.

સોમયજ્ઞ સ્મૃતિ

શ્રી પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'

['સોમયજ્ઞ' શબ્દનો ઉચ્ચાર કરતાં જ આપણાં આંતરચક્ષુ સમીપ તેજઃપૂંજરૂપે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ ઠાડું થઈ જાય છે. એ પરમ પવિત્ર સોમયજ્ઞનું અહીં યથામતિ સ્મરણ કરી, એની પુનિત ભાવનાને શબ્દબદ્ધ કરવાનો જીવસુલભ પ્રયાસ કર્યો છે. **–તંત્રી**]

યજ્ઞ ભાવના

ભારતવર્ષની પ્રાચીન ધાર્મિક સંસ્કૃતિનું પ્રમુખ અંગ 'યજ્ઞ' છે. યજ્ઞસંસ્કૃતિએ આપણી પ્રાચીન વૈદિક પરંપરાનો અણમૂલ વારસો જાળવી રાખ્યો છે.

પુષ્ટિમાર્ગના ગૌરવપૂર્ણ ઉગમકાળનું શ્રેય પણ આ પ્રાચીન પરંપરાથી પ્રાપ્ત યજ્ઞસંસ્કૃતિને જ ઘટે છે. કેમકે પુષ્ટિમાર્ગના પ્રકાશક અખંડભૂમંડલાચાર્યવર્ય જગદ્‌ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું પ્રાકટ્ય, પરમ પવિત્ર યજ્ઞીય ભાવનાનું–એક સો સોમયજ્ઞનું–એક શ્રેયસ્કારી સુફલ છે.

શ્રીવલ્લભાચાર્યના પૂર્વજોએ યજ્ઞની દીક્ષા લીધી હોવાથી 'દીક્ષિત' કહેવાતા; તેમજ આપશ્રીએ પણ સ્વયં સોમયજ્ઞ કરેલ હોવાથી પોતાના સંસ્કૃત ગ્રંથોની ઇતિશ્રીમાં પોતાને 'વલ્લભ દીક્ષિત'થી ઓળખાવે છે, એ યથાર્થ જ છે.

તત્ત્વદીપનિબંધાદિ ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે, 'બ્રહ્મજ્ઞાન પૂર્વક યથાયોગ્ય સાંગોપાંગ વેદોક્ત યજ્ઞ કરનાર નિષ્કામ અધિકારીનો યજ્ઞ આધિદૈવિક થાય છે અને એ યજ્ઞનું ફલ પણ એવું ઉત્તમ થાય છે કે જેમાં યજ્ઞાત્મક ભગવાન વિષ્ણુ સાક્ષાત્ પ્રકટ થાય છે, અને તેને ભગવદાનંદરૂપ ફલનું દાન કરે છે.'

પ્રીમિયર સપ્લાયર્સ પ્રા. લિ. ૧૩, એરાબાલુ ચેટી સ્ટ્રીટ, મદ્રાસ-૫.

'યજ્ઞ' શબ્દની વ્યુત્પત્તિ

'સોમયજ્ઞ' શબ્દ બે પદોનો બનેલો છે: 'સોમ' અને 'યજ્ઞ.' અહીં પ્રથમ આપણે યજ્ઞ શબ્દની વ્યુત્પત્તિ વિચારીશું. યજ્ઞમાં यज् ધાતુને नङ् પ્રત્યય કરવાથી યજ્ઞ શબ્દ થાય છે. ધાતુપાઠમાં यज् ધાતુનો પાઠ કરવામાં આવ્યો છે. धातवः अनेकार्थाः આ વૈયાકરણ સિદ્ધાંતાનુસાર કેટલાક આચાર્યોએ यजदेवपूजासङ्गतिकरणदानेषु । આ પાણિનીય સૂત્રાનુસાર यज् ધાતુનો 'દેવપૂજા' 'સંગતિકરણ' અને 'દાન.' આ ત્રણ અર્થમાં પ્રયોગ કર્યો છે. અર્થાત્ યજ્ઞમાં દેવપૂજા થાય છે; દેવતુલ્ય ઋષિ–મહર્ષિઓનું સંગતિકરણ થાય છે અને દાન પણ થાય છે.[1]

દેવપૂજા

૧ यजनं इन्द्रादि देवानां पूजनं सत्कारभावनं यज्ञः । ઇન્દ્રાદિ દેવોનું પૂજન તથા સત્કારને યજ્ઞ કહે છે.

૨. इज्यन्ते (पूज्यन्ते) देवा अनेनेति यज्ञः । જેમાં દેવતાઓની પૂજા કરવામાં આવે તેને યજ્ઞ કહે છે.

૩. इज्यन्ते देवा अस्मिन्निति यज्ञः । જેમાં દેવતાઓની પૂજા હોય તેને યજ્ઞ કહે છે.

૪. इज्यन्ते देवेभ्यः अस्मिन्निति यज्ञः । જે કર્મ વિશેષમાં દેવતાઓને માટે અનુષ્ઠાન કરવામાં આવે તેને યજ્ઞ કહે છે.

૫. इज्यन्ते असौ इति यज्ञः (विष्णुः) । જેમની પૂજા કરવામાં આવે એ ભગવાન વિષ્ણુને યજ્ઞ કહે છે.

૬. इज्यन्ते सम्पूजिताः तृप्तिमास्वाद्यन्ते देवा अत्रेति यज्ञः જે કાર્યમાં દેવગણ પૂજિત થઇને તૃપ્ત થાય તેને યજ્ઞ કહે છે.

સંગતિકરણ

૧. यजनं धर्म–देश–जाति–मर्यादा–रक्षार्थं महापुरुषामेकीकरण, यज्ञः । ધર્મ, દેશ, જાતિ, (વર્ણાશ્રમ)ની રક્ષા માટે મહાપુરુષોને એકત્રિત કરવા એનું નામ યજ્ઞ.

૨. इज्यन्ते सङ्गतीक्रियन्ते विश्वकल्याणाय परिभ्रमणं कृत्वा महान्तो विद्वांसः वैदिकशिरोमणयः व्याख्यान–रत्नाकराः निमन्त्र्यन्ते अस्मिन्निति यज्ञः । વિશ્વ કલ્યાણને માટે જગતમાં ભ્રમણ કરીને મહાપુરુષો દ્વારા મોટા મોટા વિદ્વાનો, વૈદિકમૂર્ધન્ય, વ્યાખ્યાનરત્નાકર લોકો જ્યાં નિમંત્રિત કરવામાં આવે છે, એને યજ્ઞ કહે છે.

૩. इज्यन्ते स्वकीय बन्धुबान्धवादयः प्रेमसम्मानभाजः सङ्गतिकरणाय आहूयन्ते प्रार्थ्यन्ते च येन कर्मणेति यज्ञः । જે સદનુષ્ઠાનમાં પોતાના બંધુ–બાંધવ આદિ સ્નેહીઓને પરસ્પર સંમેલનને માટે આમંત્રિત કરવામાં આવે છે એને યજ્ઞ કહે છે.

દાન

૧. यजनं यथाशक्ति देश–काल–पात्रादिविचार–पुरस्सर द्रव्यादित्यागः । યથાશક્તિ દેશ, કાલ, પાત્રાદિ વિચારપૂર્વક દ્રવ્યત્યાગ કરવાને યજ્ઞ કહે છે.

इज्यन्ते देवतोद्देशेन श्रद्धापुरस्सरं द्रव्यादि त्यज्यते अस्मिन्निति यज्ञः ।

---

[1] યજ્ઞ–મીમાંસા (પૃ. ૨)

મે. દિપક લેબોરેટરીઝ શ્રી હરકીશનદાસ

જેમાં શ્રદ્ધાપૂર્વક દેવતાઓના ઉદ્દેશ્યથી દ્રવ્યત્યાગ કરવામાં આવે છે તેને યજ્ઞ કહે છે.

૩. इज्यन्ते सन्तोष्यन्ते याचका येन कर्मणा स यज्ञः । જે કર્મથી યાચકોને સંતુષ્ટ કરવામાં આવે તેને યજ્ઞ કહે છે.

૪. इज्यते भगवति सर्वस्वं विधाप्यते येन वा स यज्ञः । જે કર્મ વડે પોતાના સર્વસ્વને ભગવદર્પણ કરવામાં આવે તેને યજ્ઞ કહે છે.

૫. इज्यन्ते चत्वारो वेदाः साङ्गाः सरहस्याः सच्छिष्येभ्यः सम्प्रदीयन्ते (उपदिश्यन्ते) सदाचार्यैर्येन वा स यज्ञः । જે કર્મમાં ચારેય વેદનો સાંગોપાંગ ઉત્તમ શિષ્યોને માટે યોગ્ય આચાર્યો દ્વારા ઉપદેશ કરવામાં આવે તેને યજ્ઞ કહે છે.

ગીતા-ભાગવતમાં યજ્ઞમહિમા

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે મનુષ્યને માટે યજ્ઞને इष्टकामधुक् કહેતાં બતાવ્યું છે કે, પ્રજાપતિએ યજ્ઞની સાથે પ્રજાને ઉત્પન્ન કરીને કહ્યું કે, 'આ યજ્ઞના દ્વારા જ તમે સમૃદ્ધિને પ્રાપ્ત થાઓ'

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक्॥३-१०

પૂર્વે યજ્ઞની સાથે પ્રજાઓને ઉત્પન્ન કરી બ્રહ્મદેવે તેમને કહ્યું : 'યજ્ઞના યોગથી તમારી વૃદ્ધિ થાઓ. એ તમારી ઇચ્છિત કામનાઓ પરિપૂર્ણ કરશે.'

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના નવમા અધ્યાયના સોળમા શ્લોકમાં ભગવાન આજ્ઞા કરે છે કે,

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मंत्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥९-१६॥

ક્રતુ એટલે શ્રૌતયજ્ઞ હું છું; યજ્ઞ એટલે સ્માર્તયજ્ઞ તે પણ હું છું; સ્વધા એટલે શ્રાદ્ધમાં અર્પણ કરેલું અન્ન પણ હું છું; ઔષધ એટલે વનસ્પતિથી (યજ્ઞને માટે) ઉત્પન્ન થયેલું અન્ન તે પણ હું છું; (યજ્ઞમાં હવન કરતાં બોલવાના) મંત્ર તે હું, ઘી હું, અગ્નિ હું અને (અગ્નિમાં હોમેલી) આહુતિ તે પણ હું જ છું.

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ॥९-२४॥

સમસ્ત યજ્ઞોનો ભોક્તા તથા પ્રભુ (સ્વામી) હું જ છું.

યજ્ઞનો મહિમા વર્ણવતાં શ્રીમદ્‌ભાગવત ચતુર્થ સ્કંધના ચૌદમા અધ્યાયના શ્લોક ૧૮-૨૦માં મુનિઓ કહે છે કે,

यस्य राष्ट्रे पुरे चैव भगवान् यज्ञपूरुषः ।
इज्यते स्वेन धर्मेण जनैर्वर्णाश्रमान्वितैः ॥
तस्य राज्ञो महाभाग भगवान् भूतभावनः ।
परितुष्यति विश्वात्मा तिष्ठतो निजशासने ॥
तस्मिंस्तुष्टे किमप्राप्यं जगतामीश्वरेश्वरे ॥

જેના રાજ્ય કે નગરમાં વર્ણાશ્રમધર્મીઓ દ્વારા યજ્ઞપુરુષ ભગવાનનું યજન થાય છે, તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. કેમકે તેઓ જ સમસ્ત વિશ્વના આત્મા તથા સમસ્ત ભૂતો (પ્રાણીઓ)ના રક્ષક છે. ભગવાન જગદીશ્વરોના પણ ઈશ્વર છે. એટલે કે, ભગવાન પ્રસન્ન થવાથી સંસારમાં એવો કોઈ પદાર્થ નથી કે જે અપ્રાપ્ય હોય.

સોમ

'યજ્ઞ' સંબંધમાં આપણે વિસ્તારથી વિચાર કર્યો; હવે 'સોમ' સંબંધમાં યથાશક્તિમતિ વિચાર કરીશું.

મે. હીરા કેમિકલ્સ, શ્રીમતી વીણાબહેન અને કૃષ્ણરાજ ડોસા

સોમયજ્ઞના પૂર્વપદ 'સોમ'નો અર્થ 'સોમરસ' અને 'ચંદ્ર' બન્ને થાય છે.

અગ્નિના આધાન પછી દર્શપૂર્ણમાસ આદિનું અનુષ્ઠાન કરવામાં આવે, એ એક પક્ષ છે. અગ્નિના આધાન પછી દર્શપૂર્ણમાસ આદિ યાગ કરીને ત્યાર પછી જ સોમથી યજન કરે એ બીજો પક્ષ છે.[1] આમાં સોમરસ હવનીય પદાર્થ છે. 'સોમ' એક પ્રકારની લતા છે. એને કોઈ મનુષ્ય પાસેથી ખરીદી, એમાંથી રસ કાઢીને એનાથી હવન કરવામાં આવે છે. એટલા માટે આ યજ્ઞને 'સોમયજ્ઞ' કહે છે.

સોમલતા સંપ્રતિ ભારતવર્ષમાં દુર્લભ થઈ ગઈ છે. પ્રાચીન સમયમાં પણ કોઈ પવિત્ર સ્થાનોમાંથી જ પ્રાપ્તિ થતી હતી. અત્યારે એની અનુપલબ્ધિમાં એના પ્રતિનિધિ સ્વરૂપ અને ગુણધર્મમાં સમાન એવી 'પૂતીક' નામક લતા પ્રાપ્ત કરીને યજ્ઞીય સંસ્કાર કરવામાં આવે છે. કચ્છમાં તેમજ દક્ષિણમાં એ લતા પ્રાપ્ત થાય છે. આ યાગ પાંચ દિવસમાં પૂર્ણ થાય છે.

'સોમ'નો બીજો અર્થ ચંદ્ર થાય છે. શ્રીમહાપ્રભુજી, એઓશ્રીના પૂર્વજો અને વંશજો એનો સંબંધ સારસ્વતકલ્પથી ચંદ્ર સાથે માને છે. સોમવંશમુકુટમણિ ભગવાન પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર સાથે આચાર્યશ્રીનો પરંપરાથી સંબંધ ચાલ્યો આવે છે. 'ભગવદ્‌ગીતા'માં सोमो भूत्वा रसात्मकः વાક્યનું સ્વારસ્ય પણ આવું જ છે.

યજ્ઞ, ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે.

શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે, यज्ञो वै विष्णुः । 'યજ્ઞ, નિશ્ચય વિષ્ણુરૂપ છે.' શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધમાં પણ वासुदेवपरा मखाः । 'યજ્ઞો વાસુદેવ ભગવાન શ્રીકૃષ્ણપરાયણ છે. भगवान् सर्वयज्ञभुक् 'ભગવાન સર્વ યજ્ઞના ભોક્તા છે,' (ભા. ૭-૧૪-૧૭)

યજ્ઞના પ્રકાર

વેદમાં યજ્ઞોના બે પ્રકાર જાણવા મળે છે : ૧. શ્રૌત અને ૨. સ્માર્ત, શ્રુતિપાદિત યજ્ઞને 'શ્રૌતયજ્ઞ' કહે છે અને સ્મૃતિપ્રતિપાદિત યજ્ઞને 'સ્માર્તયજ્ઞ' કહે છે. શ્રૌતયજ્ઞોમાં કેવળ શ્રુતિપ્રતિપાદિત મંત્રોનો પ્રયોગ થાય છે.

શ્રીમહાપ્રભુજીના પૂર્વજો અને વંશજોએ કરેલ યજ્ઞ 'શ્રૌતયજ્ઞ' છે.

પાંચ પ્રકારના યજ્ઞ

'ઐતરેય બ્રાહ્મણ'માં વર્ણન આવે છે કે, स एष यज्ञः पंचविधः-अग्निहोत्रम्, दर्शपूर्णमासौ, चातुर्मास्यानि, पशुः, सोमः ।

અર્થાત્ અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુયાગ અને સોમયાગ. આ પાંચ પ્રકારના યજ્ઞ કહેવામાં આવ્યા છે. આ પાંચ પ્રકારના યજ્ઞોમાં શ્રુતિપ્રતિપાદિત વૈદિક યજ્ઞોની પરિસમાપ્તિ થઈ જાય છે. 'શતપથ બ્રાહ્મણ' (૧-૭-૧-૫)માં શ્રૌતયજ્ઞને શ્રેષ્ઠતમ કર્મ કહ્યું છે : यज्ञो वै श्रेष्ठतम कर्म ।

શ્રીમહાપ્રભુજી પોતાના 'તત્ત્વાર્થદીપનિબંધ'ના ત્રણ પ્રકરણોમાંના દ્વિતીય 'સર્વનિર્ણયપ્રકરણ'ના બીજા શ્લોકમાં કહે છે કે,

अग्निहोत्रं तथा दर्शपूर्णमासः पशुस्तथा ।
चातुर्मास्यानि सोमश्च क्रमात्पञ्चविधो हरिः ॥२॥
तत्साधनं च स हरिः प्रयाजादि स्रुगादि यत् ।

---

[1] श्रौतयज्ञ परिचय (पृ. २७)

શ્રી વનમાલીદાસ મંગલાણી

'અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ. એ ક્રમથી હરિ પંચવિધ છે. તેનાં સાધન પણ તે હરિ છે. સાધનયજ્ઞમાં પણ સાધન એવાં જે પ્રયાજાદિ તથા સ્રુગાદિ છે તે પણ હરિ જ છે.

પાંચ યજ્ઞોમાં (૧) પહેલો અગ્નિહોત્ર છે કે જે યાવજીવં પ્રતિદિન કરવાનો છે; (૨) બીજો દર્શપૂર્ણમાસ યજ્ઞ અમાવસ્યા અને પૂર્ણિમાએ કરવાનો છે; (૩)ત્રીજો પશુયજ્ઞ પ્રત્યેક છ માસે કરવાનો છે; (૪) ચોથો ચાતુર્માસ્ય વૈશ્વદેવાદિ યજ્ઞ ચાર પર્વમાં પ્રતિવર્ષ કરવાનો છે અને (૫) પાંચમો 'સોમયજ્ઞ' પ્રતિવર્ષ કરવાનો છે.

'સોમયજ્ઞ' વસંત ઋતુમાં કરવાનું વિધાન છે. યદ્યપિ આ યજ્ઞ એક જ દિવસમાં પૂર્ણ થાય છે; પરંતુ પોતાનાં અંગો સાથે પાંચ દિવસમાં પૂર્ણ થાય છે.

સોમયજ્ઞના સાત પ્રકાર છે : (૧) અગ્નિષ્ટોમ (જ્યોતિષ્ટોમ), (૨) અત્યગ્નિષ્ટોમ, (૩) ઉક્થ્ય, (૪) ષોડશી, (૫) વાજપેય, (૬) અતિરાત્ર અને (૭) અપ્તોર્યામ.

આ યજ્ઞમાં ૧૬ ઋત્વિક્ હોય છે, જેઓ ચાર ગણોમાં વિભક્ત થયેલા હોય છે. જેમકે, અધ્વર્યુગણ, બ્રહ્મગણ, હોતૃગણ અને ઉદ્ગાતૃગણ.

૧. અધ્વર્યુગણ– (૧) અધ્વર્યુ, (૨) પ્રતિસ્થાતા, (૩) નેષ્ટા, (૪) ઉન્નેતા.

૨. બ્રહ્મગણ– (૧) બ્રહ્મા, (૨) બ્રાહ્મણાચ્છંસી, (૩) આગ્નીધ્ર, (૪) પોતા.

૩. હોતૃગણ– (૧) હોતા, (૨) મૈત્રાવરુણ, (૩) અચ્છાવાક, (૪) ગ્રાવસ્તુત.

૪. ઉદ્ગાતૃગણ– (૧) ઉદ્ગાતા, (૨) પ્રસ્તોતા, (૩) પ્રતિહર્તા, (૪) સુબ્રહ્મણ્ય.

પ્રત્યેક ગણની ક્રમસંખ્યાનુસાર સંખ્યા હોય છે. જેમકે, અધ્વર્યુ પહેલા, પ્રતિસ્થાતા બીજા, નેષ્ટા ત્રીજા, અને ઉન્નેતા ચોથા. આ પ્રમાણે ચારેય ગણમાં સમજવું. આ ક્રમાનુસાર જ તેમને દક્ષિણા મળે છે. જેટલી ગાયો દક્ષિણામાં આપવાની કહી હોય, તેના ૪ ભાગ કરી, એક એક ગણને એક એક ભાગ આપવાનો હોય છે. એક એક ભાગને આપવાની દક્ષિણા પણ સમભાગે નહીં, પરંતુ વિષમભાગ કરીને આપવી જોઇએ. જેવી રીતે, અધ્યર્યુ જેટલી ગાયો પ્રાપ્ત કરે એનાથી અર્ધી પ્રતિસ્થાતા, તૃતીય ભાગ નેષ્ટા અને ચતુર્થ ભાગ ઉન્નેતા પ્રાપ્ત કરે. દક્ષિણાના ભાગ અનુસાર એમનાં નામ અર્ધી (અર્ધ મેળવનાર). તૃતીયી (તૃતીયાંશ મેળવનાર), અને પાદી (ચતુર્થાંશ મેળવનાર) નામ પણ છે.

શ્રીમહાપ્રભુજીનું મંતવ્ય

સકામ યજ્ઞ કરનારને ક્ષયિષ્ણુ એવું સ્વર્ગસુખ પ્રાપ્ત થાય છે; પરંતુ નિષ્કામ યજ્ઞ કરનાર અધિકારીને ક્ષયિષ્ણુ સ્વર્ગલોકથી અધિક નિત્ય આત્મસુખ પ્રાપ્ત થાય છે. ભાનુજી દીક્ષિત अमरकोशમાં સ્વર્ગની વ્યાખ્યા કરતાં કહે છે કે, सुष्ठु अर्ज्यते इति स्वर्गः । 'સારી રીતે જેનું અર્જન થાય તે સ્વર્ગ.' સ્વર્ગનો અર્થ 'આત્મસુખ' સમજાવીને શ્રીમહાપ્રભુજીએ અપૂર્વ સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. आपस्तंबश्रौतसूत्र (૨-૧-૧)માં કહ્યું છે કે, अक्षय्यं ह वै चातुर्मास्याजिनः सुकृतं भवति । ચાતુર્માસ્યાજિને અક્ષય્ય સુકૃત પ્રાપ્ત થાય છે.' સ્વર્ગનો આવો દુઃખક્લેશરહિત,

શ્રી ચિમનભાઈ / બાબાભાઈ સાંગાણી

અક્ષય્ય આત્મસુખરૂપ શ્રૌતસિદ્ધાંત પ્રતિપાદન કરવાનું અપૂર્વ માન શ્રીવલ્લભ દીક્ષિતને જ ઘટે છે.

ધર્મથી દ્રવ્યોપાર્જન કર્યા પછી એ દ્રવ્યનો વ્યય, પરમ પુરુષાર્થથી ભ્રષ્ટ કરાવે એવા લૌકિક કામોપભોગમાં નિરર્થક ન કરતાં અલૌકિક ભગવત્સેવામાં અને તત્સંબંધી–ભગવત્સંબંધી કાર્યોમાં કરવો, એનાથી–એ દ્રવ્યથી ધર્મ પુરુષાર્થ સિદ્ધ થશે. એ ઉદ્દેશથી જ આચાર્યશ્રી બોધ કરી રહ્યા છે કે, धर्मो हि अर्थेन साधितः । અર્થથી ધનથી, સ્ત્રી–પશુ–પુત્રાદિથી ધર્મ સાધવો. देवतोद्देशेन हविस्त्यागः यागः । 'દેવતાને ઉદ્દેશીને હવિષનો–દ્રવ્યાદિનો ત્યાગ કરવો તે 'યાગ' છે.

આવો યાગ પુષ્ટિમાર્ગીય સેવા–પ્રણાલીમાં નિત્ય થઈ રહ્યો છે. શ્રીનાથદ્વાર આદિ ભગવદ્ધામમાં નિજ રાજસેવા દ્વારા ભગવત્પ્રીત્યર્થ પુષ્કળ દ્રવ્ય સામગ્રી યજ્ઞાત્મક, યજ્ઞપતિ અને યજ્ઞભોક્તા એવા પૂર્ણપુરુષોત્તમ પ્રભુને સમર્પિત થાય છે.

સેવામાં જ यज् ધાતુના અર્થ–પૂજા, સંગતિકરણ અને દાન–ની સાર્થકતા થાય છે. 'સબ દેવન કો દેવતા ગિરિ ગોવર્ધનરાય' એ કીર્તનોક્ત દેવાધિદેવ ભગવાન શ્રીગોવર્ધનનાથજીનું પૂજન-સેવન દ્વારા 'પૂજા', સેવાનિમિત્ત આચાર્યશ્રી, મુખિયા, ભીતરિયા, બાલભોગિયાનું એકત્રીકરણ 'સંગતિકરણ' અને નિત્ય ભગવત્સેવાર્થ સામગ્રી, વસ્ત્રાભૂષણ નિમિત્ત દ્રવ્યના ત્યાગથી 'દાન'નો અર્થ સંપૂર્ણ રીતે સાર્થક થાય છે.

આવી અલૌકિક યજ્ઞીય ભાવના પુષ્ટિમાર્ગમાં જોવા મળે છે. यज्ञकर्ता, यज्ञभोक्ता શ્રી મહાપ્રભુજીની પક્ષપાતમયી કૃપા જ આમાં ગણી શકાય.

શ્રીમહાપ્રભુજીના પૂર્વજો અને વંશજોએ કરેલ 'યજ્ઞ'

હવે આપણે અહીં શ્રીમહાપ્રભુજીના પૂર્વજોએ અને વંશજોએ કરેલ યજ્ઞનું સંક્ષિપ્ત અવલોકન કરીશું.

શ્રીમહાપ્રભુજીની ઉપરની સાત પેઢી સુધીની પુનિત નામાવલી જાણવા મળે છે. તેમાં સર્વ પ્રથમ ગોવિંદ ભટ્ટ અને એમના પુત્ર વલ્લભ ભટ્ટનાં નામ પ્રાપ્ત થાય છે; પરંતુ એમનાં જીવન કે કાર્યો સંબંધી વિશેષ જ્ઞાતવ્ય પ્રાપ્ત થતું નથી.

૧. આ કુલના 'મૂલપુરુષ' તરીકે યજ્ઞનારાયણ ભટ્ટજીનું નામ પ્રાપ્ત થાય છે. એઓ વેદના અવતાર અને વેદવ્યાસની અપર મૂર્તિરૂપ મનાતા. એમણે દ્રવિડ દેશના વિષ્ણુમુનિ પાસેથી 'ગોપાલમંત્ર'ની દીક્ષા લીધી હતી. એમણે પાડાના મુખથી વેદોચ્ચાર કરાવ્યો હતો. એમની પાસે પરંપરાથી પ્રાપ્ત મુકુંદરાયજી[1] નામનું ભગવત્સ્વરૂપ બિરાજતું, જેમની એઓ પ્રેમપૂર્વક પરિચર્યા કરતા. એક વખત સોમયજ્ઞમાં સોમાહુતિ આપતી વખતે સાક્ષાત્ યજ્ઞનારાયણે પ્રકટ થઈ ને એઓશ્રીને વર આપ્યો હતો કે, 'તમારા કુળમાં સો સોમયજ્ઞ પૂર્ણ થશે, ત્યારે સ્વધર્મરક્ષાર્થ તમારા વંશમાં હું પુત્ર રૂપે પ્રકટ થઈશ.' આમ આજ્ઞા કરીને પ્રભુ અગ્નિમંડલમાં જ અંતર્ધાન થઈ ગયા. આ યજ્ઞમાંથી એઓશ્રીને શ્રીમદનમોહનજી[2] નામનું ભગવત્સ્વરૂપ પ્રાપ્ત થયું હતું.

---

[1] શ્રી મુકુંદરાયજી કાશીમાં ગો. શ્રી મુરલીધરજી મહારાજને માથે બિરાજે છે.

[2] શ્રી મદનમોહનજી કામવનમાં ગો. શ્રી ઘનસ્યામલાલજી મહારાજને માથે બિરાજે છે.

શ્રીમતી કસ્તુરબહેન અને શ્રી ગિરધરભાઈ ભાટિયા

યજ્ઞનારાયણ ભટ્ટજીએ પોતાના જીવનકાળમાં ૩૨ સોમયજ્ઞ કર્યા હતા.

૨. ગંગાધરભટ્ટ સોમયાજી–યજ્ઞનારાયણ ભટ્ટજીના પુત્ર ગંગાધર ભટ્ટ થયા. એઓ શિવજીના અવતાર મનાતા. એઓશ્રી 'બ્રહ્મર્ષિ'થી પ્રખ્યાત હતા. 'મીમાંસારહસ્ય' આદિ ગ્રંથોની એમણે રચના કરેલી છે. ત્રણેય આશ્રમોનું યથાવિધિ પાલન કરીને અંતમાં એમણે 'વિદ્વત્સંન્યાસ' લીધો હતો. પોતાના જીવનકાળમાં એમણે ૨૮ સોમયજ્ઞ કર્યા હતા.

૩. ગણપતિભટ્ટ સોમયાજી–ગંગાધરભટ્ટના પુત્ર થાય. એમણે વેદાદિ સાથે કર્મકાંડનું તલસ્પર્શી જ્ઞાન મેળવ્યું હતું. એઓ તુંદિલ હતા. એક વાર વિદ્વત્‌સભામાં શાસ્ત્રાર્થ વખતે એમણે ગણપતિસ્વરૂપે દર્શન આપવાથી એઓ ગણપતિનો અવતાર મનાતા. 'સર્વતંત્રનિગ્રહ' નામનો એમણે વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ રચ્યો છે. એમાં પોતાના પાંડિત્યની ઘોષણા કરતાં એઓ લખે છે કે,

शाक्तः पशुपति वाऽपि वैष्णवो वाऽपि तान्त्रिकः।
श्रौतस्मार्तान् विजित्यास्मान् स स्वगर्वेणजृम्भताम्

'શાક્ત, પશુપત, વૈષ્ણવ તથા તાંત્રિક–કોઇને પણ જો પોતાના મતનો ગર્વ હોય, તો એ પહેલાં અમારી સાથે વિવાદ કરી લે.'

એમણે ૩૦ 'સોમયજ્ઞ' કર્યા હતા.

૪. વલ્લભભટ્ટ (બાલંભટ્ટ)–ગણપતિભટ્ટને વલ્લભભટ્ટ નામક પુત્ર થયા હતા. એઓશ્રીએ ચાર વેદ અને છ શાસ્ત્રો ઉપર વ્યાખ્યા લખીને વિદ્વત્સમાજ દ્વારા 'દશગ્રંથી'ની પદવી પ્રાપ્ત કરી હતી. એક સમયે સાયંકાલે એમણે પ્રહર દિન ચડેલ સૂર્યની જેમ દર્શન આપતાં એઓ સૂર્યના અવતાર મનાવા લાગ્યા હતા.

એઓ 'કુંભીધાન્ય' (એટલે કોઠીભર ધાન્ય રાખવાવાળા અથવા સ્વલ્પ ધાન્યવાળા) કહેવાતા. કેમકે એઓ અતિશય વિદ્વાન હોવાથી દ્રવ્ય ઘણું જ આવતું; પરંતુ 'સોમયજ્ઞ' અને અન્ય ધાર્મિક ક્રિયાકાંડમાં એનો સદ્વિનિયોગ કરી દેતા.

પુત્રોત્પત્તિ પશ્ચાત્ સર્વ ઋણોથી મુક્ત થઇને એમણે જનાર્દન ક્ષેત્રમાં શેષ જીવન વ્યતીત કર્યું હતું.

'દશગ્રંથીવ્યાખ્યા' અને 'ભક્તિદીપ' નામના બે ગ્રંથો એણે રચ્યા છે.

એમણે ૫ સોમયજ્ઞ કર્યા હતા.

૫. લક્ષ્મણભટ્ટ–વલ્લભભટ્ટને લક્ષ્મણભટ્ટ અને જનાર્દનભટ્ટ નામના બે પુત્રો થયા હતા. લક્ષ્મણભટ્ટજી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ વસુદેવજીરૂપ અને 'વિદ્યાપયોનિધિ' હતા. એમની વિદ્યાપ્રતિભાથી આકર્ષાઇને વિદ્યાનગરના રાજપુરોહિત કાશ્યપગોત્રી સુશર્માએ એમની સાથે પોતાની સુશીલા કન્યા ઇલ્લમ્માગારુજીનું લગ્ન–પ્રાજાપત્યવિધિથી–કર્યું હતું. એમણે नैषधचरित ઉપર भावद्योतनिका નામક સંસ્કૃત ટીકા લખી છે.

એમણે ૫ સોમયજ્ઞ કર્યા હતા.

સો સોમયજ્ઞનું ફળ

લક્ષ્મણભટ્ટજીએ છેલ્લા પાંચ સોમયજ્ઞ કર્યા પછી એમના કુલમાં ૧૦૦ સોમયજ્ઞ પૂર્ણ થતાં એમનાં પત્ની રત્નકુક્ષિ ઇલ્લમ્માગારુજીએ

ગં.સ્વ. વજીબહેન અને શ્રી પ્રાણજીવન શાહ

સં. ૧૫૩૫ના ચૈત્ર વદિ ૧૧ ના પરમ પવિત્ર દિવસે ચંપારણ્યમાં શ્રીમદ્‌વલ્લભાચાર્ય મહાપ્રભુજીને જન્મ આપવાનું સંમાન પ્રાપ્ત કર્યું હતું. એ જ સો સોમયજ્ઞનું પરમ ફળ છે.

શ્રીમહાપ્રભુજીથી મોટાં ત્રણ ભાઈ–બહેનો હતાં. જયેષ્ઠબંધુ રામકૃષ્ણ (નારાયણ) ભટ્ટ અને સુભદ્રા તથા સરસ્વતી બે બહેનો યમલ (બેલડાં) હતાં. શ્રીમહાપ્રભુજીથી નાના બે બંધુઓ હતા: ૧. વાણીપતિ રામચંદ્ર કે જેઓ વિરક્ત થયા પછી 'કેશવપુરી' નામથી પ્રખ્યાત થયા છે, અને ૨. વિશ્વનાથ કવિરાજ.

મહાપ્રભુજી દ્વારા જ્યોતિષ્ટોમ અને છ સોમયજ્ઞ

શ્રીમહાપ્રભુજીને ત્યાં પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રકટ્ય સં. ૧૫૬૭ ના ભાદરવા વદિ ૧૨ના દિને અડેલમાં થયા પછી શ્રીમહાપ્રભુજીએ વસંત ઋતુમાં પ્રયાગમાં 'જ્યોતિષ્ટોમ (સોમ) યજ્ઞ' કર્યો હતો.

કાશીથી શેઠ પુરુષોત્તમદાસને બોલાવી લીધા અને દક્ષિણમાંથી કાકા જનાર્દનભટ્ટને પણ સેવક સાથે વિનંતી પત્ર લખીને પ્રયાગમાં બોલાવ્યા. યજ્ઞશાલા તથા સ્થાનસંપત્તિ સંપન્ન થતાં સંબંધીજનોને તથા અંતેવાસીઓને યજ્ઞ સંબંધી કાર્યો સોંપ્યાં. માતુશ્રીને ભગવત્સેવા, વિષ્ણુચિત્‌ને યજ્ઞના ઉપાધ્યાય, એમના પુત્રને અધ્વર્યુ, પોતાના બંને બનેવી–મહેશ્વરને હોતા અને રામેશ્વરને ઉદ્‌ગાતા, કાશીપતિને બ્રાહ્મણાશંસિન્, દેવનભટ્ટને પુરોહિત, અચ્યુતને પોતા, પપ્પુભટ્ટને આગ્નિધ્ર, કેશવને ગ્રાવસ્તુત, માધવના ભાઈ મુરારિને આચ્છાવાક, શાકલ નાગનાથને નેતા, ચિંચાભટ્ટને સ્થાતા, બૃહસ્પતિને પ્રશાસ્તા, શંભુભટ્ટને પ્રસ્તોતા, ત્રિવિક્રમને પ્રતિહત, કૃષ્ણભટ્ટને સુબ્રહ્મણ્ય અને વામનને ઋત્વિજ નીમ્યા.

આ પ્રકારે વ્યવસ્થા કરીને કાકા જનાર્દનભટ્ટને સભાધ્યક્ષ, કૃષ્ણદાસ મેઘનને કોષાધ્યક્ષ, શેઠ પુરુષોત્તમદાસને કાર્યાધિકારી, એમના પુત્ર ગોપાલદાસને તથા અચ્યુતને બ્રાહ્મણના પાત્રસ્થાનના અધિપ, વિદ્યાધર આચાર્યને અતિથિપૂજન, ભગિની સરસ્વતીને પાંક કરવાનું અને સુભદ્રાને પરોસવાનું, કૃષ્ણભટ્ટને પરિચારકનું કામ સોંપી, હરિકૃષ્ણને તથા ધર્મપત્ની મહાલક્ષ્મીજીને પોતાની સેવામાં રાખ્યાં. ભગવાનદાસ, વાસુદેવ છકડા અને યાદવને રક્ષક નીમ્યા. ભગવત્કૃપાથી યજ્ઞકાર્ય નિર્વિઘ્ન સંપન્ન થયું. સર્વ આગંતુકોનો દાનમાનાદિથી સત્કાર કર્યો. બ્રાહ્મણોને બહુ દક્ષિણા આપીને સંતુષ્ટ કર્યા, યજ્ઞને અંતે અવભૃથ સ્નાન કરીને શ્રીમહાપ્રભુજી પુનઃ સ્વસ્થાન અડેલ પધાર્યા.

અડેલમાં બિરાજ્યા પછી શ્રીમહાપ્રભુજીએ એક એક વર્ષને અંતે બીજા 'ત્રણ સોમયજ્ઞ' કર્યા. અને પછી ચરણાટના રાજાની વિનંતીથી ચરણાટ પધાર્યા. ત્યાં સં. ૧૫૭૨ના માગશર વદિ ૯ના દિવસે દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી શ્રીગુસાંઇજીનું પ્રાકટ્ય થયું.

શ્રી ગોકુલમાં કર્ણવેધકૂપ ઉપર શ્રીવિઠ્ઠલેશનો કર્ણવેધ સંસ્કાર કરીને આપ સહકુટુંબ અડેલ પધાર્યા. અને કાશીથી પંડિતો બોલાવીને 'એક સોમયજ્ઞ' કર્યો.

અડેલથી સં. ૧૫૮૫માં દ્વારકાયાત્રા કરીને શ્રી મહાપ્રભુજી અડેલ પધાર્યા અને જ્યેષ્ઠપુત્ર

શ્રી તુલસીદાસ જીવરાજ

શ્રીગોપીનાનજીનાં વહુજી પાયમ્માગારુજીનું દ્વિરાગમન (ગૌનો–આણું) કરીને અડેલમાં ‘છઠ્ઠો સોમયજ્ઞ’ કર્યો. શ્રી હરિરાયજીના શિષ્ય શ્રી વિઠ્ઠલનાથભટ્ટ ‘મનરંજન’ કવિકૃત ‘સંપ્રદાય કલ્પદ્રુમ’માં આનું વર્ણન પ્રાપ્ત થાય છે.

જયેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજી દ્વારા એક સોમયજ્ઞ

જયેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજી મહાન વિદ્વાન અને વૈદિક કાર્યોના આગ્રહી હતા. એઓશ્રીનાં લક્ષ્મી બેટીજીના અને શ્રીગુસાંઇજીનાં કમલાબેટીજીના પ્રાક્ટય પછી શ્રીગોપીનાથજીએ શ્રીમદ્ગોકુલમાં ‘એક સોમયજ્ઞ’ કર્યો હતો.

શ્રીગુસાંઈજી દ્વારા ત્રણ સોમયજ્ઞ

શ્રીવિઠ્ઠલનાથજી ગુસાંઈજીને ત્યાં સં. ૧૬૦૮ ના માગસર સુદિ ૭ના દિવસે ચતુર્થપુત્ર શ્રીગોકુલનાથજીનું પ્રાકટ્ય થયું. અને સં. ૧૬૦૮માં કમલા બેટીજીનું લગ્ન કર્યા પછી સં, ૧૬૧૦માં મગધ દેશનો પ્રદેશ કરી, શ્રીગુસાંઇજી ચરણાટ પધાર્યા અને ત્યાં વેદવિધિ અનુસાર ‘એક સોમયજ્ઞ’ કરી ‘દીક્ષિત’ની વૈદિક છાપથી અલંકૃત થયા હતા. એઓશ્રીએ એક અડેલમાં અને બે ચરણાટમાં મળી કુલ ત્રણ સોમયજ્ઞ કર્યા હતા.

શ્રીગોપીનાથજી દીક્ષિત દ્વારા ત્રણ સોમયજ્ઞ

શ્રીગુસાંઇજીના જયેષ્ઠપુત્ર શ્રીગિરધરજીના તૃતીય લાલજી શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય સં. ૧૬૩૪ના પોષ વદિ ૬ના દિવસે થયું હતું. આ શ્રી ગોપીનાથજી અત્યંત વિદ્વાન તેમજ વૈદિક કુલપરંપરાના આગ્રહી હતા. પુષ્ટિભક્તિમાર્ગ પ્રત્યે અનન્ય ભાવ ધરાવનાર ભાટિયા જ્ઞાતિને સર્વ પ્રથમ પુષ્ટિનું શરણદાન દઈને શ્રીગોપીનાથજીએ એમનો અંગીકાર કરતાં આજ્ઞા કરી હતી કે, ‘જબ તક તુમ હમારે સન્મુખ રહોગે, તબતક તુમ્હારે યહાઁ શ્રીવૃદ્ધિ હોતી રહેગી; વિમુખ હોનેપર તુમ્હારી શ્રી તિરોહિત હો જાયગી.’

સં. ૧૬૭૭મા પિતૃચરણ શ્રીગિરિધરજી, શ્રીમથુરેશજીના મુખારવિંદમાં અંતર્ધાન થયા પછી શ્રીગોપીનાથજીએ કુલપરંપરાનુસાર ‘ત્રણ સોમયજ્ઞ’ કર્યા હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ગિરિધર જુ નિજ પુત્ર યુત સંપ્રદાધિપતિ હોત,
કિયે જુ ગોપીનાથ કેં મથુરેશ–ગૃહ જોત. ૨
‘સોમયજ્ઞ’ ફિર તિન કિયહુ પ્રભુસેવન સુખદાન.

–‘સંપ્રદાયકલ્પદ્રુમ’ (પૃ. ૧૧૨)

શ્રીરણછોડાચાર્યજી ‘પ્રથમેશ’ દ્વારા સોમયજ્ઞ

શ્રીગોપીનાથ દીક્ષિતજીના જયેષ્ઠબંધુ શ્રીદામોદરજીની વંશપરંપરામાં ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ ‘પ્રથમેશજી’નું પ્રાકટ્ય સં. ૧૯૮૯ના વૈશાખ વદિ ૫ના દિને થયું છે. એઓશ્રીએ સં. ૨૦૩૬માં ઉજ્જેનમાં ‘એક સોમયજ્ઞ’ કરી, દ્વિતીય રાજકોટમાં અને તૃતીય અડેલમાં કરવાનો નિશ્ચય કર્યો છે. પાંચ સોમયજ્ઞ કરવાનો એઓશ્રીનો મંગલ સંકલ્પ એ શ્રીવલ્લભકુલ અને પુષ્ટિમાર્ગ માટે મહાન ગૌરવનો વિષય છે. इति शम् ।

* * *

હિંમતભાઈ છાપિયા

પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ
‘પ્રથમેશજી’ના તત્ત્વાવધાનમાં

ઉજ્જેનમાં કુંભપર્વ અને સોમયજ્ઞ

(શ્રી પ્રેમલાલ ગો. મેવચા તંત્રી : ‘વૈશ્વાનર’)

મોક્ષપુરી ઉજ્જયિની

સપ્ત મોક્ષપુરીઓમાં જેની ગૌરવભેર ગણના થાય છે એ ઉજ્જયિની નગરી મધ્યપ્રદેશની સાંસ્કૃતિક રાજધાની અને મહાદેવજીની સાડાત્રણ પુરીઓમાંની એક પુરાણ પ્રસિદ્ધ પુણ્ય નગરી છે. સમય સમય ઉપર આ નગરી વિવિધ નામોથી ઓળખાતી આવી છે : કુશસ્થલી, વિશાલા, પ્રતિકલ્પા, પદ્માવતી, કનકગંગા, ભૌમવતી, અમરાવતી, અવંતિકા, ઉજ્જયિની અને ઉજ્જેન.

ઉજ્જયિની આદિકાલથી ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને જ્યોતિર્વિજ્ઞાનનું કેંદ્ર રહેલ છે. ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામ તથા એઓશ્રીના મિત્ર સુદામાજી અહીં જ સાંદીપનિ ઋષિના આશ્રમમાં વિદ્યાધ્યયન કરી ગયેલ છે. વિક્રમ સંવત–પ્રવર્તક સમ્રાટ વિક્રમાદિત્ય અને મહાકવિ કાલિદાસની આ પ્રિય નગરી છે. ‘મેઘદૂત’માં કવિ કાલિદાસે આ નગરીને સ્વર્ગની સાથે સરખાવી છે.

વિંધ્યાચલના અંચલમાં માલવાના પઠાર ઉપર સમુદ્ર–તલથી ૧૬૭૮ ફૂટની ઊંચાઈ ઉપર ભગવાન વિષ્ણુના રક્તથી નિર્મિત પરમ પવિત્ર ક્ષિપ્રા નદીના સુરમ્ય તટની ડાબી બાજુએ પાઘડીપને આ નગરી વસેલી છે. ઉજ્જેનનાં જલવાયુ સમશીતોષ્ણ છે. પુરાણોના કથનાનુસાર ઉજ્જેન, ભારતની નાભિ (કેન્દ્રબિંદુ) માનવામાં આવી છે. કહે છે કે, કર્ક રેખા અહીંના સુપ્રસિદ્ધ મહાકાલેશ્વરના શિખર ઉપર થઈને ગઈ છે.

અ. સૌ. લીલાબહેન અને જેઠાલાલ મહેતા

ઉજ્જયિનીને મંગળ ગ્રહનું ઉદ્ગમસ્થાન માનવામાં આવે છે. ભૌગોલિક અને જ્યોતિર્વિજ્ઞાનની દૃષ્ટિથી ઉજ્જેનને કાલગણનાનું પ્રમુખ કેંદ્ર માનવામાં આવે છે. અહીં જયપુરના મહારાજાએ બંધાવેલી એક 'વેધશાળા' છે. ૫૧ શક્તિપીઠોમાંની હરસિદ્ધિ શક્તિપીઠ અહીંના રૂપસાગર સરોવર પાસે આવેલી છે. અહીં સતીની કૂર્પર (કોણી) પડી હતી, તે સ્થળે આ શક્તિપીઠ છે. અહીં કૂર્પરની પૂજા થાય છે.

અહીં વિષ્ણુસાગર, ગોવર્ધનસાગર, રુદ્રસાગર, પુરુષોત્તમસાગર, ક્ષીરસાગર, પુષ્કરસાગર અને રત્નાકર સાગર નામનાં સાત પવિત્ર સરોવર આવેલાં છે.

કુંભ-મહિમા

સ્કંદપુરાણના કથનાનુસાર દેવ-દાનવો દ્વારા થયેલ સમુદ્ર-મંથનમાંથી પ્રાપ્ત અમૃત-કલશ (કુંભ)માંથી થોડાંક અમૃતબિંદુ પૃથ્વી ઉપર છલકાઇ પડયાં હતાં. ભારતમાં આવાં પવિત્ર સ્થાન ચાર છે : ૧. પ્રયાગ, ૨. હરિદ્વાર, ૩. નાસિક અને ૪. ઉજ્જેન આ અમૃતબિંદુને કારણે ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી અને ક્ષિપ્રા અમૃતમયી થઇ ગઈ છે.

આ ચાર સ્થાનોમાંથી પ્રયાગ અને હરિદ્વારમાં જ્યારે સૂર્ય, કુંભ રાશિ ઉપર અને નાસિક તથા ઉજ્જેનમાં જ્યારે ગુરુ, સિંહ રાશિ ઉપર હોય છે, ત્યારે તે સ્થળે 'કુંભપર્વ' મનાવવામાં આવે છે. ઉજ્જેનનો કુંભ 'સિંહસ્થ મહાપર્વ' ના નામથી પ્રસિદ્ધ છે, પૌરાણિક માન્યતા છે કે આ સમયે એ પવિત્ર સ્થાનોમાં સ્નાન કરવાથી પાપોથી મુક્તિ પ્રાપ્ત થાય છે. ભૌગોલિક દૃષ્ટિથી આ સંયોગ કેવલ બાર વર્ષમાં એક વાર આવે છે.

સં. ૨૦૩૬ માં આ 'કુંભપર્વ' ઉજ્જેનમાં કરવાનું નક્કી થયું. એનો પ્રારંભ તા. ૩૧-૩-૮૦ થી અને શાહી સ્નાન તા. ૩૦-૪-૮૦ના દિને સં. ૨૦૩૬ના વૈશાખ સુદિ ૧૫ સોમવારના દિને થશે, એ પણ નિશ્ચિત થયું.

પુષ્ટિમાર્ગ અને કુંભપર્વ

શ્રીમહાપ્રભુજીના નિજવાર્તા, ઘરૂવાર્તા અને બેઠકચરિત્ર વાંચવાથી કુંભપર્વ સાથે આપણો-પુષ્ટિમાર્ગીયોનો-શો સંબંધ છે, તે જાણવા મળે છે.

કુલપરંપરા જાળવવાનો શ્રીપ્રથમેશજીનો સંકલ્પ

શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુજી-સ્વીકૃત અને પોષિત પ્રાચીન કુલપરંપરા જાળવવાનો નિશ્ચય કરીને પ્રથમ ગૃહમાં થયેલ 'સોમયજ્ઞ'ને લક્ષ્યમાં લઈ, 'શ્રીવલ્લભાચાર્ય-પંચશતાબ્દી' વર્ષમાં 'કુંભપર્વ' ઉપર વૈષ્ણવ સમુદાયને લઈને ઉજ્જેન પધારવાનો તેમજ સં. ૨૦૩૬માં ત્યાં 'સોમયજ્ઞ' કરવાનો પૂજ્યપાદ શ્રીપ્રથમેશજીએ સંકલ્પ કર્યો.

પૂ. પા. શ્રી પ્રથમેશજીના પુત્ર શ્રી લાલમણિજીના પ્રથમ લાલજી ચિ. મિલનબાવા શ્રી ગિરિધરજીનું પ્રાકટ્ય છે. આથી એઓશ્રીએ સં. ૨૦૩૬ના પવિત્ર સિંહસ્થ વર્ષમાં 'કુંભપર્વ'ની સાથે 'સોમયજ્ઞ'નું આયોજન 'અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ'-કલકત્તા શાખા દ્વારા યોજવાનું નક્કી કર્યું.

પરમ વંદનીય આચાર્યચરણોની આજ્ઞાનુસાર તેમજ શ્રીમદ્ભગવદ્ગીતાના વચનાનુસર नायं लोकोस्त्य यज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम. એટલે કે,

શ્રીમદ્વલ્લભકુલાવતંસ ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (પ્રથમેશ)ની વંશાવલી


જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુજી
(૧૫૩૫ ચૈત્ર વદિ ૧૧)
શ્રીગોપીનાથજી (૧૫૬૭ ભા. વ. ૧૨)
શ્રી વિઠ્ઠલનાથજી (ગુસાંઇજી) (૧૫૭૨ માગ. વ. ૯)
શ્રીપુરુષોત્તમજી (૧૫૮૭ ભા. વ. ૮)
શ્રીગિરિધરજી (૧૫૯૭ કા. સુ. ૧૨)
શ્રીમુલીધરજી (૧૬૩૦ આ.સુ.૪)
શ્રીદામોદરજી (૧૬૩૨ આ.સુ.૧૫)
શ્રીગોપીનાથજી (૧૬૩૪ પો.વ.૬)
શ્રીગિરિધરજી (૧૬૮૯ વૈ. સુ. ૭)
શ્રીગોવિંદજી (જોગિયાવાળા) (૧૬૯૭ માગ. વ. ૧૨)
શ્રીબાલકૃષ્ણજી (૧૭૦૦ શ્રા.સુ.૪)
શ્રીકાકા વલ્લભજી (૧૭૦૩ શ્રા.વ. ૬)
શ્રીદામોદરજી-શ્રી બડે દાઉજી (૧૭૧૧ પો.વ.૮)
શ્રીગિરિધરજી (૧૭૨૮ ચૈ.સુ.૮)
શ્રીમુરલીધરજી (૧૭૩૧ આ.વ.૧૨)
શ્રીગોપાલજી (૧૭૩૩ મ.વ.૨)
શ્રીગોવર્ધનેશજી (૧૭૩૫ કા.સુ.૧૫)
શ્રીગોપીનાથજી (૧૭૩૭ પો.સુ.૪)
શ્રીવ્રજનાથજી (૧૭૪૦ શ્રા.સુ.૬)
શ્રીગોકુલનાથજી (૧૭૫૦ આ.વ.૩)
શ્રીવિઠ્ઠલેશજી (૧૭૪૭ ભા.વ.૩)
શ્રીદ્વારકેશજી (૧૭૭૪ માગ સુ.૧૫)
શ્રીગિરિધરજી (૧૮૦૩ પો.વ.૧૨)
શ્રીદામોદરજી (૧૮૨૦ અ.વ ૪)
શ્રીલાલમણિજી (૧૮૭૨ ફા.સુ.૭)
શ્રીવિઠ્ઠલેશજી-લાલસાહેબ (૧૮૯૨ અ. સુ. ૧૨)
શ્રીમુરલીધરજી (૧૯૧૩ શ્રા. વ. ૮)
શ્રીવલ્લભજી (૧૯૧૫ માગ. સુ. ૨)
શ્રીપુરુષોત્તમજી (૧૯૧૭ કા. સુ. ૬)
શ્રીદ્વારકેશજી (૧૯૪૪ જે.સુ.૯)
શ્રીરણછોડાચાર્યજી (પ્રથમેશજી) (૧૯૮૯ વૈ.વ.૫)
શ્રીલાલમણિજી (ચૈ. વ. ૬)
શ્રીમિલનબાવા (શ્રા. સુ. ૯)
શ્રીશરદબાવા (વૈ. સુ. ૯)

'યજ્ઞ નહીં કરનારને ઐહિક કે પરલૌકિક સુખોની પ્રાપ્તિ થતી નથી.'

પુષ્ટિમાર્ગીય સેવા પણ સાક્ષાત્ બ્રહ્મયજ્ઞ જ છે. શ્રીહરિરાયજીએ 'શિક્ષાપત્ર'માં दैहिकं कर्म निखिलं प्रभुसेवोपयोगिनाम् । એટલે 'દેહનાં બધાં કર્મને પ્રભુસેવામાં ઉપયોગી બનાવવાં' એવો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. શ્રીમદ્વલ્લભાચાર્યજી ભાગવતને પ્રમાણમૂર્ધન્ય માને છે. એઓશ્રી ભાગવતના બીજા સ્કંધના છઠ્ઠા અધ્યાયના શ્લોક ૨૩થી૨૬ સુધીની પોતાની લખેલી સંસ્કૃત સુબોધિની ટીકામાં શ્રીહરિના જ સ્વરૂપમાં દેવોએ યજ્ઞ કર્યો, તેનો ઉલ્લેખ કર્યો છે. આ પ્રમાણે દેવોને યજ્ઞ કેમ કરવો તે પણ યજ્ઞપુરુષ પૂર્ણપુરુષોત્તમે પ્રકટ થઇને બતાવ્યું. અને તેથી પરમ દયાલ શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમમાં શ્રીમહાપ્રભુજીનાં બે નામ એ સંબંધનાં આપ્યાં છે કે 'યજ્ઞભોક્તા' અને 'યજ્ઞકર્તા.' આ રીતે 'સોમયજ્ઞ'નું સમર્થન મળે છે.

સમિતિગઠન

પૂજ્યપાદ શ્રીપ્રથમેશજીનો પ્રથમ કૃપાપત્ર અત્રેની પરિષદ-શાખાના મંત્રીશ્રી ઉપર આવ્યો (જે આ ગ્રંથમાં છપાયો છે) જુલાઇમાં પરિષદની સભા બોલાવી અને આગામી 'કુંભપર્વ' ઉપર અવંતિકા નગરીમાં 'સોમયજ્ઞ' કરવાનું નક્કી થયું.

આપશ્રી પોતે અત્રે બિરાજમાન હોવાથી પરિષદની બીજી સભા મળી, અને તેમાં એક 'કુંભપર્વ-આયોજક સમિતિ'નું નીચે પ્રમાણે ગઠન કરવામાં આવ્યું.

૧. શ્રી કિશનદાસજી મૂંધડા (પ્રમુખ)
૨. શ્રી દ્વારકાદાસ વી. રાણા (ઉપપ્રમુખ)
૩. ;, ચેતનદાસજી મૂંધડા (ઉપપ્રમુખ)
૪. ,, ગિરધરભાઇ ઝવેરી (કોષાધ્યક્ષ)
૫. ,, જયંતીભાઇ ઝવેરી (સહ કોષાધ્યક્ષ)
૬. ,, પરમાનંદ પી. સોની (મંત્રી)
૭. ,, હરકિશનદાસ વી. શેઠ (સહમંત્રી)
૮. ,, સુમનભાઈ શાહ
૯. ,, અરવિંદભાઈ મહેતા
૧૦ ,, મણિકાંત શેઠ
૧૧. ,, ચિમનભાઈ શાહ
૧૨. ,, જયંતીલાલ એ. શાહ
૧૩. ,, જમનાદાસ પી. શાહ
૧૪. ,, પ્રતાપભાઈ ભાટિયા
૧૫. ,, મૂળજીભાઈ ભાટિયા
૧૬. ,, મથુરભાઈ ઘડિયાલી
૧૭. ,, રમણિકભાઇ શાહ
૧૮. ,, મોરારજીભાઇ હિંડોચા
૧૯. ,, ચિમનભાઈ સાંગાણી
૨૦. ,, વનમાલીદાસ ગગલાણી

પૂજ્યશ્રીએ પ્રથમથી જ આ કાર્યનું માર્ગદર્શન આપ્યું હતું. સભામાં વૈષ્ણવોએ કરેલ પ્રશ્નોનું સમાધાન પણ કર્યું હતું. એક સભ્ય કે જેઓ સહકોષાધ્યક્ષ તથા ઉપપ્રમુખ તરીકે રહી ગયા હતા, એમણે પ્રશ્ન કરેલ કે, 'પરિષદની કલકત્તા શાખાએ આ જવાબદારી શા માટે ઉપાડવી?' એના પ્રત્યુત્તરમાં લાગણીવશ થઈને આપશ્રીએ કહ્યું કે, 'જેઓને મેં મારા અંતર્ગત માન્યા છે, તેમને આ જવાબદારી સોંપવાની છે અને ભગવત્કૃપાથી આ બધું કાર્ય સાંગોપાંગ સફળ થશે.'

ત્યારપછી સમિતિના અન્ય સભ્યે બીજો પ્રશ્ન કર્યો કે, 'આ કાર્યની નાણાંકીય જવાબદારી શાખા સ્વીકારશે કે કેમ?' ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે, 'જે શુભ કાર્યનો પ્રારંભ કરવાનો છે, એમાં સંશયનું નામ રાખવું જ નહીં.'

બચુભાઈ ગગલાણી (કલકત્તાવાળા)

આથી ઉપસ્થિત સર્વ વૈષ્ણવોમાં સ્નેહ, ઉત્સાહ, ખંત, અને વિવેક, ધૈર્ય, આશ્રયનો ભાવ ઉત્પન્ન થયો. અને પરિણામે ભંડોળ માટે વૈષ્ણવોને ઘેર ઘેર સેવા માટે નીકળવાનું શરૂ કર્યું.

ભંડોળનું આ કાર્ય બે માસ સુધી તો સારી રીતે ચાલ્યું, પણ પછી જેમ ભરતી પછી ઓટ અને ચડતી પછી પડતી આવે છે, તેમ કાર્યમાં થોડીક શિથિલતા આવી. શ્રીદ્વારકાદાસ રાણાને મુંબઇ જવાનું થયું અને શ્રી અરવિંદભાઈ બહાર ગામ ગયા. તેથી સેવાના આ કાર્યમાં મંદી આવી; તેમ છતાં અન્ય વૈષ્ણવોના સહકારથી શનિવારે અને રવિવારે-અઠવાડિયામાં બે દિવસ-કાર્ય ચાલુ રાખ્યું. ભગવાન વૈશ્વાનરની અસીમ દયાથી હતાશામાં પણ અનેરી આશાનો સંચાર થયો અને સમિતિના સભ્યો ઉત્સાહમાં આવી ગયા.

સેવામાં આવેલી ઓટની હતાશાથી પૂજ્યશ્રીને પત્ર લખ્યો કે, 'આમાં જવાબદારી કેમ વહન કરવી?' પ્રત્યુત્તરમાં ટૂંકો પત્ર આવ્યો કે, 'શ્રીઠાકોરજીનું કામ શ્રીઠાકોરજી કરશે. માહિતી માટે આભાર.'

આથી પૂ. પા. મહારાજશ્રી મદ્રાસ ન પધારી શક્યા, અને અ. સૌ. શ્રી વહુજી બધું કાર્ય સફળતાપૂર્વક પાર પાડી આવ્યાં.

ત્યારપછી 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'નાં આમંત્રણો-પોસ્ટરો વગેરે છપાવ્યાં અને ભારતભરની હવેલીઓ ઉપર તેમજ દેશ-પરદેશમાં વસતા વૈષ્ણવોને આમંત્રણ મોકલાવ્યાં.

પૂજ્યશ્રી કલકત્તા બિરાજતા હોવાથી આપશ્રીના સાંનિધ્યમાં કાર્યની સરલતા વધી ગઈ. એક બાજુ ધનસંચયનું કામ જોરશોરથી ચાલવા લાગ્યું, તો બીજી બાજુ ગો. બાલકોની વ્યવસ્થા, મંડાણ, ઉતારા, વાહનવ્યવસ્થા, પાણી, તંદુરસ્તીની વ્યવસ્થા, પોલિસ બંદોબસ્ત, શાહીસ્નાનની તૈયારી, શોભાયાત્રા, અને શ્રીઠાકોરજીને ઉજ્જેનમાં-શ્રીવલ્લભાચાર્યનગરમાં-પધરાવવાની વિચારણા કરી તેનું રેખાંકન કરી લીધું. મુંબઈથી પરમનંદનીય આચાર્યચરણોની પધરામણી કરવી અને શોભાયાત્રા વગેરેનું નક્કી કરી લીધું.

આ પછી શ્રી દ્વારકાદાસ રાણા તથા શ્રીચેતનદાસજી મૂંધડા ઉજ્જેન ગયા, ત્યારે પૂજ્યશ્રી ઉજ્જેન બિરાજતા હતા. ત્યાંના ધર્મપરાયણ વૈષ્ણવો જેવા કે, શ્રી કાકુભાઈ (ઘનશ્યામભાઈ), શ્રી દેવીદાસભાઈ. અને તેમના કુટુંબના નાના-મોટા દરેક સભ્યો, શ્રી ચાંદદાસ બાગડી, શ્રી રામગોપાલ ચૌધરી, શ્રી અશોક જડીયા, હિંમતભાઇ સોની, શ્રી હરસુખભાઈ બગરીયા, શ્રી કૃષ્ણરાજ ડોસા અને ખાસ અ. સૌ. શ્રી વીણાબહેન-આ બધાંનો ઉમળકાભેર સહકાર સાંપડયો. તે ઉપરાંત સરકાર તરફથી નિયુક્ત થયેલ અમલદારો-શ્રી ભટ્ટસાહેબ, કલેક્ટર શ્રી ત્રિવેદી સાહેબ, મેળા અધિકારી શ્રી અગરવાલ, શ્રી મદનલાલજી દિશાવલ, શ્રી રમેશભાઇ દિશાવલ, શ્રી પ્રફુલ્લભાઈ ત્રિવેદી સાહેબ, ઉદ્યોગખાતાના સચિવ, પોલિસ અધિકારીઓ તથા ત્યાંના નાના-મોટા

મે. અજય ઈન્ડસ્ટ્રીઝ શ્રી ચિમનભાઈ આર. શાહ

સરકારી, બીનસરકારી કાર્યકરોનો તથા PPSની વોલન્ટીયર કોર, શ્રી હરિનારાયણજી નીમા, શ્રી વલ્લભદાસજી નાગર, શ્રી શંકરદાસજી નાગર, શ્રી અનંતનારાયણજી, શ્રી વિષ્ણુપ્રસાદજી, કે જેઓ હોમગાર્ડઝના મુખ્ય હતા. શેઠ ગોકલદાસ ખીમજી, શ્રી ચંદ્રકાંત ખંડેલવાલ, શ્રી લક્ષ્મીનારાયણજી શ્રી પ્રહ્લાદાસજી નીમા, શ્રી દયારામભાઇ પેઈન્ટર કે જેમણે હવેલીમાં મંદિર તથા શ્રી વલ્લભાચાર્ય નગરમાં શ્રી વલ્લભકુલની તેમજ પુષ્ટિમાર્ગની પરિપાટી અનુસાર ચિત્રકામ કરીને આયોજનને ઉજ્જવલ બનાવ્યું. આ બધાનો જે સાથ અને સહકાર મળ્યો, તે ઘણો જ લાભદાયી નીવડયો.

જગ્યાનું સ્થળ જોયું, તેનું આયોજન અને પૂ. પા. મહારાજશ્રીની દોરવણી ઘણી જ અનુકૂલ થઈ પડી.

તંબૂઓ અને બીજી સાધનસામગ્રી માટે મે. લલ્લુજી એન્ડ સન્સ (કાનપુરવાળા)ના સુપુત્ર શ્રી વિનોદકુમારે ખરેખરો વિનોદ કરાવ્યો. પૂજ્યશ્રીને તથા સર્વ વૈષ્ણવોને શ્રી વિનોદભાઇએ ઉજ્જૈનના શ્રી વલ્લભાચાર્યનગરમાં એક માસ સુધી પ્રેમથી વિનોદ કરાવ્યો. તેમની તથા ઈલેક્ટ્રિકવાળા શ્રી સીતારામજી અગરવાલ, શ્રી નેશનલ રેડીઓ સર્વિસવાળાએ સારામાં સારો સહકાર અને ચોવીસ કલાકની સેવા આપી, વૈષ્ણવોની ઉત્તમોત્તમ સેવા બજાવી.

ઉજ્જૈનનો સાંપ્રદાયિક સંક્ષિપ્ત ઇતિહાસ

આ સાંસ્કૃતિક અને ઐતિહાસિક નગરીમાં પુષ્ટિમાર્ગનાં દર્શનીય સ્થાનોનો હવે પરિચય કરીશું.

૧. ઈન્દ્રદમન :

અહીં શ્રીનાથજીનાં ત્રણ સ્વરૂપો-(૧) દેવદમન, (૨) ઇન્દ્રદમન અને (૩) નાગદમન-પૈકી 'દેવદમન' શ્રીનાથજી પ્રથમ શ્રી ગિરિરાજ ઉપર બિરાજ્યા અને હાલમાં રાજસ્થાનમાં શ્રીનાથદ્વાર બિરાજે છે; 'નાગદમન' વડોદરામાં 'ગિરિકુંજ' (ઘડિયાળી પોળ)માં બિરાજે છે; અને 'ઇન્દ્રદમન' અત્રે ઉજ્જૈનમાં બિરાજે છે.

૨. પરમ ભગવદીય શ્રી પદ્મારાવલના વંશજને માથે ગોવર્ધનનાથજીનું સ્વરૂપ બિરાજે છે.

૩, શ્રી પુરૂષોત્તમલાલજીનું મંદિર છે.

૪. શ્રીનાથજીનું બીજું મંદિર સરાફામાં છે.

૫. કોટાવાળા ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ 'પ્રથમેશજી'ના મંદિરમાં શ્રીમદનમોહનલાલજી બિરાજે છે.

આ મદનમોહનલાલજી અલીખાન પઠાણની દૌહિત્રી (દીકરીની દીકરી) લખોના માથે બિરાજતા. વર્તમાન સમયમાં પરંપરાથી લખોના વંશજ નઈમબેગને માથે બિરાજતા; પરંતુ સેવા બરાબર ન થઇ શકવાથી પોતાના ગુરુદેવને ત્યાં પધરાવ્યા. અને પોતાના મકાનમાંથી અર્ધ ભાગ કાઢીને શ્રી ઠાકોરજીને બિરાજવા લાયક મંદિરને માટે અર્પણ કરી દીધો. આજે પણ આપણે જોઇ શકીયે છીએ કે, એક જ મકાનનો અર્ધ ભાગ હવેલીનો અને અર્ધ ભાગ નઇમબેગના રહેવાના મકાનનો છે. આ વાર્તા વાંચીને ભારતેંદુબાબુ હરિશ્ચંદ્રજીની આ કાવ્યપંક્તિ અહીં આપવાથી એની સાર્થકતા લાગશે કે, 'ઇન મુસલમાન હરિજનન પૈ કાટિક હિન્દૂન વારીએ.'

શ્રી કાન્તિલાલ સાકરલાલ મહેતા કાન્તિલાલ બ્રધર્સવાળા

૬. ક્ષિપ્રા નદીના કિનારા ઉપર સાંદીપનિ ઋષિના આશ્રમમાં–ગોમતીકુંડ અંકપાત તીર્થ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે.

શ્રીમહાપ્રભુજી પૃથ્વીપરિક્મા કરતાં કરતાં અત્રે સં. ૧૫૪૬માં સેવક મંડલી સાથે પધાર્યા હતા, ત્યારે ગોમતીકુંડ ઉપર મુકામ કર્યો હતો. ગોમતીકુંડને 'અંકપાત તીર્થ' પણ કહે છે. તેનું કારણ એવું છે કે, દ્વાપરયુગમાં ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે સાંદીપનિ ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરતા, ત્યારે પાટીના અંક ધોવા માટે અહીં પધારતા, ત્યારથી કુંડનું નામ 'અંકપાત તીર્થ' બની ગયું છે.

અહીંનું બેઠકચરિત્ર આ પ્રમાણે છે :

શ્રીમહાપ્રભુજી અત્રે મુકામ કરી, ક્ષિપ્રામાં સ્નાન કરી, ઉજ્જૈનનાં તીર્થદર્શન અને દાનાદિ સત્કૃત્ય કરીને મુકામ ઉપર પધાર્યા. ઉષ્ણકાલ હતો. આસપાસમાં કોઈ વૃક્ષ નહોતું. એવામાં અચાનક પીપળાનું એક પાન ઊડીને આચાર્યશ્રીની પાસે આવ્યું. તે લઈ, શ્રીહસ્તથી ખાડો ખોદીને પાનની ડાળખીને પૃથ્વીમાં રોપી દઈ તેની ઉપર સંધ્યાનું જલ છાંટીને કહ્યું : 'યહાં કછુ છાયા નાહીં હૈ. કલ સબેરે હમ શ્રીભાગવત સપ્તાહ કો પ્રારંભ કરેંગે, તહાં તાંઈ તૂ બડ़ો વૃક્ષ હોય જૈયો.'

પછી શ્રીમહાપ્રભુજી બગીચામાં પધાર્યા અને પાક સિદ્ધ કરી, શ્રીઠાકોરજીને ભોગ સમર્પી ભોજન કર્યું. રાત્રિના સમયે કથા કરી બધાંને આનંદ આપ્યો.

સવારમાં ઊઠીને જોયું તો જ્યાં પીપળાની ડાળખી રોપી હતી ત્યાં એક ઘટાદાર પીપળાનું વૃક્ષ થઈ ગયું હતું ! શ્રીમહાપ્રભુજીના વૈજ્ઞાનિક આવિષ્કારની આ સિદ્ધિથી ત્યાંના લોકો અત્યંત પ્રાભાવિત થઈ આપશ્રીનાં ગુણગાન કરવા લાગ્યા.

અહીં શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ભાગવતની એક સપ્તાહ કરી, માયાવાદનું ખંડન કરી, બ્રહ્મવાદનું સ્થાપન કર્યું હતું અને અનેક પંડિતોની વિનંતીથી તેમને શરણે લઈ સેવકો બનાવ્યા હતા.

ત્યાર પછી નરોત્તમ શર્મા નામના બ્રાહ્મણને સં. ૧૫૪૬ના ચૈત્ર સુદિ ૧ના દિવસે તીર્થ–પુરોહિતનું 'વૃત્તિપત્રક' લખી આપ્યું : विष्णु–स्वामिमर्यादानुगामिना वल्लभेन अवन्तिकायां नरोत्तम शर्मा पौरोहित्येन सम्माननीयः । सं. १५४६ चैत्र शुद्ध प्रतिपदि ।

શ્રી મહાપ્રભુજીએ સિદ્ધ કરેલ પીપળાનું વૃક્ષ થોડા વરસ પહેલાં સૂકાઈ ગયું હતું, ત્યારે ગામના વૈષ્ણવોએ મહાનુભાવી વૈષ્ણવ પંડિતને બોલાવીને શ્રીમદ્ભાગવત સપ્તાહ પારાયણ કરાવ્યું, એટલે ભગવદ્ઇચ્છાથી એ શુષ્ક વૃક્ષના થડમાંથી ત્રણ ફણગા ફૂટ્યા અને પીપળો પુનઃ નવપલ્લવિત થઈ ઘટાટોપ થઇ ગયો !

ઉજ્જૈનમાં ભગવત્કૃપાપાત્ર ભગવદીયો પદ્મારાવલ અને એમનાં પત્ની, કૃષ્ણભટ્ટ અને તેમના પુત્રો ગોકુલભટ્ટ તથા ગોવિંદભટ્ટ, માવજી પટેલ અને એમનાં પત્ની વીરજો તથા અલીખાન પઠાણનાં દૌહિત્રી લખો આદિ પ્રાતઃસ્મરણીય ભગવદીયો બિરાજતા.

પરિષદની શાખાઓ અને વૈષ્ણવોની સેવા

પરિષદની શાખાઓ ઘણી જ છે. પરંતુ

લીલાધર દોશી, અ. સૌ. કુસુમ બહેન

આમાંની કેટલીક શાખાઓ તો જાગ્રત રહી પ્રશંસનીય રીતે સાંપ્રદાયિક કાર્ય કરે છે. અન્ય શાખાઓને નિષ્ક્રિય તો ન કહી શકાય; પરંતુ ઉત્સાહી યોજકને અભાવે કાર્યશીલ નથી.

નીચેની શાખાઓએ ઉજ્જેનમાં તન–મન–ધનથી 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'ના કાર્યમાં સહકાર આપ્યો છે, તે ધન્યવાદને પાત્ર છે.

૧. આગર શાખા : શ્રી બાસંતીલાલજી પંડ્યા એમણે ઘણી જ દીનતા સહ સ્નેહભાવથી ૩૦ બોરી અનાજની સેવા કરી હતી.

૨. ભોપાલ શાખા : શ્રીબ્રિજમોહનદાસજી, શ્રી ગોપાલ ટ્રેડીંગ કું.વાળા મારફત રૂ. ૧૫૭૫૧–૦૦ની સેવા ઉપરાંત ઘઉં, ચોખા, ખાંડ, ઘીની સેવા પણ કરી હતી.

૩. બારાગાઁવ શાખા : શ્રી બુધરામજી બારાવાલા, એમણે તન–મન–ધનની સેવા કરવા ઉપરાંત એક માસ સુધી ઉજ્જેનમાં કુટુંબ સહિત રોકાઈને વૈષ્ણવોની ટહેલ કરી હતી.

૪. મનોહરથાણા શાખા : આ શાખાના સભ્ય વૈષ્ણવોએ ઉજ્જેન-શ્રીવલ્લભાચાર્યનગરમાં આવી સર્વપ્રથમ પાલ બુક કરાવેલ.

૫. પીપરિયા શાખા : શ્રી રામનિવાસજી હુરકર, શ્રીરાધેશ્યામજી રાઠી, એમણે એક માસ પર્યંત રોકાઈને તન–મન–ધનપૂર્વક સહાય કરેલી.

૬. જીરાપુરા શાખા : આ સભ્યોએ પાલ બુક કરાવીને એક માસ પર્યંત વૈષ્ણવોની જલની સેવા કરી હતી.

૭. શુજાલપુર શાખા : શ્રીબ્રિજમોહનદાસજી તથા ગિરિરાજ વિજયવર્ગી–આ વૈષ્ણવ બંધુઓએ પોતાના વોલન્ટીયરો સાથે અત્રે આખો મહિનો રોકાઈને રાત–દિવસ ચોકી–પહેરાની તથા જવરલ વ્યવસ્થા કરી હતી.

૮. બિયાવરા શાખા : શ્રી મિશ્રીલાલ ગોરધન, શ્રીબદરીલાલ ગુપ્તા, શ્રી કૃષ્ણદાસ–આ ભાઈઓએ તન–મન–ધન પૂર્વક સેવા કરી હતી.

નીચેની શાખાઓએ પણ પોતપોતાની રીતે સેવા કરીને પરિષદનું નામ ઉજ્જવલ બનાવ્યું હતું.

૯. ખુજનેરશાખા–ધારશાખા, ૧૦ ખિલચીપુરશાખા, ૧૧. કોટાશાખા, ૧૨. ઇન્દોરશાખા, ૧૩. બડોદિયાશાખા, ૧૪. ખરગોનશાખા, ૧૫. ધરોણિયાશાખા, ૧૬. વૈષ્ણવ મહિલામંડલ–ઇન્દોર, ૧૭. ગુનાશાખા, ૧૮. ભવાનીમંડી.

ઈન્દોરથી શ્રીવિઠ્ઠલદાસ જમનાદાસજી નીમા, સહકુટુંબ આવ્યા હતા અને ત્યાંના વૈષ્ણવ મહિલા મંડળનાં બહેનો, વૈષ્ણવ મિત્રમંડલ, શ્રી વલ્લભદાસ નાગર અને કુમનદાસજી ઝાલાની તથા શ્રી લક્ષ્મીદાસ માલપાણીની સેવા અતિશય ઉલ્લેખનીય ગણી શકાય.

શ્રી વિઠ્ઠલદાસજીએ આખા માસ દરમિયાન દરેક વૈષ્ણવોને સવારે ચ્હા અને બપોરે શરબતની સેવા કરી હતી. તદુપરાંત તેઓ તન–મન–ધનથી ચોવીસ કલાક સેવાપરાયણ રહ્યા છે. જ્યાં જ્યાં સેવા લેવા જતાં ત્યાં ત્યાં સાથ સહકાર આપીને સારો ફાળો કરી આપ્યો હતો.

શ્રી વ્રજલાલ સુંદરલાલ સોનીની સેવા પણ શ્લાઘનીય કરી શકાય.

શ્રી સત્યનારાયણ ખંડેવાલ કે જેમને ગત

મદનજી મેઘરાજ હ. જયંતીભાઈ ઝવેરી



શ્રીવલ્લભાચાર્યનગર (ઉજ્જેન) વેદદ્વાર–ભક્તિદ્વાર–કૃષ્ણભદ્રદ્વાર
શ્રીવલ્લભાચાર્યનગર (ઉજ્જેન) (તંબુઓ સહિત વિહંગાવલોકન)

અ. ભા. પુ. વૈષ્ણવ પરિષદનું અધિવેશન
(પરામર્શ કરતા આચાર્યશ્રીઓ)
ગો. શ્રી શ્યામમનોહરજી, ગો. શ્રી પ્રથમેશજી, ગો. શ્રી વ્રજાધીશજી (અધ્યક્ષશ્રી)

કુંભનો અનુભવ હતો. તેમણે પૂરો એક માસ અત્રે રોકાઈ કાર્યકર્તાઓની સાથે રહી, રાત્રિ-દિવસ સરકારી કે બીનસરકારી કામમાં અંગત રસ લઇને તે કાર્યો સાંગોપાંગ પાર પાડવામાં ઘણી જ સહાય કરી હતી.

શાહીસ્નાનના સ્થાન અંગે પણ તેઓ કાર્યકર્તાઓ સાથે તથા ચતુઃ વૈષ્ણવ સંપ્રદાય સંઘ સાથે વાર્તાલાપ કરી, પૂજ્યપાદ આચાર્યશ્રીનું પ્રથમ જે સ્થાન હતું તેને કાયમી બનાવવા અથક મહેનત લઈ નિશ્ચિત કર્યું.

શ્રી કે. કે. શાહ શ્રી મૂળજીભાઈ વગેરે વૈષ્ણવોએ 'કુંભપર્વ' અને ખાસ કરીને 'સોમયજ્ઞ'ની સેવામાં તન-મન-ધનપૂર્વક કિંમતી ફાળો આપેલ છે. તેમજ મુખ્ય કાર્યકર્તાઓની સાથે જઇને પૂ. પા. આચાર્યચરણની તેમજ શ્રીઠાકોરજીના વિવિધ મનોરથોની સેવા આનંદપૂર્વક કરાવેલ. તેમણે અન્ય સેવાઓ ઉપરાંત આજુબાજુના વૈષ્ણવો પાસેથી સેવા-ટહેલ ફાળો મેળવવામાં સારી મદદ કરેલી. પરિણામે ગ્વાલિયર ઓઈલમિલવાળાએ રૂ. ૫૦૦૦-૦૦ની અને કૃષ્ણ ઓઇલમિલવાળાએ રૂ. ૨૦૦૦-૦૦ની સેવા કરેલી.

આ ઉપરાંત શ્રી મૂળજીભાઇએ ઇન્દોરથી પધારેલા ગો. બાલકોનું ભાવભીનું સ્વાગત કરેલું અને પોતાથી શકય એટલી તન-મન-ધનની ટહેલ કરેલી. એક મહિના સુધી મંડાણમાં પ્રસાદ લીધા પછી વૈષ્ણવોને છાશની સુંદર વિતરણ-વ્યવસ્થા પણ એમણે જ કરી હતી.

ઈન્દોરના વૈષ્ણવોનો આ ભગવત્કાર્યમાં સારામાં સારો સહકાર પ્રાપ્ત થયો હતો.

શ્રી સત્યનારાયણ ખંડેલવાલે સાથે આવીને ઉજ્જેનના વૈષ્ણવો પાસેથી સારામાં સારી સેવા કરાવી હતી. તદુપરાંત તેમણે ઇન્દોર પણ સાથે આવીને જે સાથ સહકાર આપ્યો તે અતિશય પ્રશંસનીય ગણાય. શ્રીવલ્લભના પ્યારા અને શ્રીવલ્લભીય સૃષ્ટિનાં દિવ્ય દર્શન અમને ઉજ્જેનના 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'નાં આયોજન સમયે થયેલાં છે, તે અવિસ્મરણીય રહેશે.

કલકત્તાના વૈષ્ણવોનો ઉલ્લેખનીય સાથ સહકાર મળ્યો હતો. શ્રી ચેતનદાસજી મૂંધડા, શ્રી નેવરાજી અને ગોપીનાથ મૂંધડા, શ્રીમતી ચાંદબાઇ તાપડિયા, શ્રી માધવદાસજી મૂંધડા અને સમસ્ત મૂંધડા પરિવારનો સંપૂર્ણ સાથ સહકાર સાંપડતાં 'કુંભપર્વ'ના કાર્યમાં અનેરો વેગ આવ્યો! તેમાં પણ શ્રીચેતનદાસજીએ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી, પોતાના સમાજમાં ઘેર ઘેર જઇ મહાન પ્રચારકાર્ય કર્યું, અને પરિણામે કલકત્તા બડા બજારમાં ઉત્સાહ આવતાં સેવામાં અઢળક દ્રવ્ય આવ્યું અને ઘણા પાલ બુક થયા.

બડી જાતિવાળાની ભાવના

શ્રી મદનમોહનજી ઠાકોરજી ઉજ્જેનમાં અલીખાન પઠાણની દીકરીની દીકરી લખોના માથે બિરાજતા હતા. બડી જાતિના હોવા છતાં લખોના વંશજો લખોના પ્રાણપ્રેષ્ઠ શ્રીમદનમોહનજીની ભાવથી પુષ્ટિમાર્ગીય રીત્યઅનુસાર સેવા કરતા હતા. યવન હોવા છતાં એમના મુખેથી શ્રીયમુનાષ્ટકનો પાઠ સાંભળતાં હિંદુઓ ધન્ય બની જતા! લખો પહોંચી ગયા પછી પણ એમના વંશજો-પરિવારના સભ્યો પોતાના ઘરમાં

શ્રી ઠાકોરજીની સેવા અપરસમાં જ કરતા; પરંતુ સમય જતાં વર્તમાન વંશજોમાં થોડી ધર્મભિરુતા આવી અને આખરે મીરઝા નઈમબેગે શ્રીઠાકોરજીને પરિશ્રમ ન પડે એટલા માટે પોતાના શ્રીગુરુદેવને ત્યાં પધરાવ્યા. અને પોતાના મકાનનો અર્ધોઅર્ધ ભાગ શ્રીઠાકોરજીના મંદિર માટે કાઢી આપ્યો. પછી તો મંદિરના માલિક શ્રીવલ્લભકુલના બાલક નઈમબેગને ત્યાં રાજભોગ પછી પ્રસાદની એક પાતળ નિયમિત મોકલાવતા.

આજે પણ શ્રીમદનમોહનજીની હવેલી સરાફા બજારમાં મીરઝા નઈમબેગના ઘરની લગોલગ એક જ ભીંતે આવેલી છે; તો પણ આ બડી જાતવાળા શ્રીઠાકોરજીની માન-મર્યાદા અને વલ્લભકુલ પ્રત્યે પોતાની પૂજ્ય ભાવના જાળવી રહ્યા છે. હાલમાં તેમને ત્યાં રાજભોગની પાતળ જતી નથી; પરંતુ હજી પણ લખોના વંશજો વૈષ્ણવો સાથે ખભેખભો મિલાવીને એકતાનું પ્રતીક જાળવી રહ્યા છે. કદાચ કોઇ ખાનગીમાં શ્રીયમુનાષ્ટકનો પાઠ પણ કરતા હશે

કુંભમેળો અને સ્નાન

'કુંભપર્વ'નું પ્રથમ સ્નાન તા. ૩૧-૪-૮૦ ના દિવસે હતું, એટલે તે પહેલાં તા. ૨૩-૪-૮૦ ના દિને પૂ. પા. શ્રીપ્રથમેશજીની સાથે મુંબઇથી શ્રીમહાપ્રભુજી (સ્વરૂપ)ની પધરામણી થઈ અને શ્રીમહાપ્રભુજીના સ્વાગત-શોભાયાત્રાનો કાર્યક્રમ અત્યંત ભવ્ય રીતે સંપન્ન થયો અને અવંતિકા નગરી સાક્ષાત્ કુમુદ્વતી બની ગઈ! સ્વાગત-શોભાયાત્રાની ભવ્ય તૈયારી માટે શ્રીદ્વારકાદાસ રાણા તથા શ્રી જયંતીભાઇ ઝવેરી કલકત્તાથી વહેલાસર ઉજ્જૈન આવી પહોંચ્યા હતા.

ભવ્ય શોભાયાત્રા

તા. ૩૦-૩-૮૧ના દિવસે શ્રીમહાપ્રભુજી અને પૂ. શ્રીપ્રથમેશજીની ભવ્ય શોભાયાત્રા ઉજ્જૈનના રાજમાર્ગ ઉપર નીકળી, ત્યારે સડક, શેરી, ગલી, બજાર દર્શનાર્થીઓથી ઊભરાઇ ગયા હતાં! દર્શનાર્થીઓમાં બધી જાતના લોકો ઉપસ્થિત હતા. લોકોએ ઠેર ઠેર પુષ્પવૃષ્ટિ કરીને નગરના રાજમાર્ગ ઉપર ફૂલની શૈયા બિછાવી દીધી હતી! અવનવાં વસ્ત્રાભૂષણો ધારણ કરીને મસ્તક ઉપર શ્રીફળયુક્ત મંગલકલશ લઇને બહેનો મંગલગીતો ગાતાં ચાલી રહ્યાં હતાં, તેથી એમ લાગતું હતું કે, જાણે દેવાધિદેવને દેવાંગનાઓ વધાવવા જઇ રહી છે!

શ્રીઠાકોરજી મદનમોહનજી અને પૂજ્ય આચાર્યચરણની શોભાયાત્રા શ્રીમદનમોહનજીની હવેલીએથી નીકળીને શ્રી વલ્લભાચાર્યનગરમાં આનંદપૂર્વક આવી હતી.

પ્રથમ સ્નાન

તા. ૩૧-૪-૮૦ના પ્રથમ સ્નાનની ગૌરવભેર તૈયારી કરી. વાજિંત્ર, નિશાન, ડંકા સાથે સાત હાથી હતા. બહારગામના ૫૦૦ વૈષ્ણવો અને ૩૦૦૦ સ્થાનિક લોકો સાથે પૂ. પા. શ્રીપ્રથમેશજી પવિત્ર ક્ષિપ્રાના તટ ઉપર સ્નાન માટે પધાર્યા.

આપશ્રી સ્નાન કરવા પધાર્યા ત્યારે કાર્યકરો શ્રીવલ્લભાચાર્યનગરના શણગારને અંતિમ ઓપ આપી રહ્યા હતા.

શ્રી હર્ષદરાય એન. દોશી





શ્રી મહાપ્રભુજીની અને શ્રી મદનમોહનજીની શોભાયાત્રા
શ્રી મદનમોહનલાલજીની હવેલી (ઉજ્જૈન)થી શ્રી વલ્લભાચાર્યનગરમાં પધરામણી.

શ્રી વલ્લભાચાર્યનગરનું ઉદ્‌ઘાટન
(પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના વરદ હસ્તે તા. ૩૦-૩-૮૦)

શ્રી વલ્લભાચાર્યનગરમાં

શ્રી વલ્લભાચાર્ય નગરમાં પૂજ્યશ્રીની સૂચનાનુસાર નીચેનો કાર્યક્રમ ગોઠવાયો હતો.

પ્રાતઃ ૫થી૬ સુધી સ્વસ્તિવાચન, વેદધ્વનિ
,, ૬ થી ૭ ,, કીર્તનની ટેપરેકોર્ડ
,, ૭ થી ૭-૩૦ સુધી મંગલાનાં દર્શન
,, ૮ થી ૯-૩૦ સુધી શ્રી નથુશંકર શાસ્ત્રીજીની શ્રીમદ્‌ભાગવત-કથા
મધ્યાહ્નપૂર્વ ૧૦ થી ૧૧ સુધી પૂ.પા.ગો. શ્રી પ્રથમેશજીનું પ્રવચન.

વૃંદાવનથી હરગોવિંદ સ્વામીની 'રાસમંડલી' ને ખાસ બોલાવી હતી તે આવી ગઇ હતી. જો કે, આમાં સ્વામીજી પોતે આવી શકયા ન હોતા; પરંતુ એમના પુત્રરત્ન શ્રી રામપ્રસાદ શર્માજી અને તેમની સાથે ૧૭ થી ૧૮ સ્વરૂપો આવ્યાં હતાં. અહીં નવો રંગમંચ તૈયાર થતાં સુધીમાં અન્ય ૪-૫ રાસમંડલીઓના રાસ થયા હતા. હજારો ધર્મપ્રેમીઓ, સારસ્વતકલ્પની લીલાનો પ્રત્યક્ષવત્ આનંદ લેતા હતા.

રંચમંચ તૈયાર થતાં વૃંદાવનની રાસ-મંડલીનો કાર્યક્રમ પ્રારંભ થયો. મંડલીનાં મુખ્ય સ્વરૂપો-શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં સ્વરૂપ એટલાં બધાં આકર્ષક, મોહક અને સર્વપ્રિય હતાં કે, દર્શન કરતાં જ દર્શકો દેહાનુસંધાનરહિત થઇ જતા હતા! અન્ય સ્વરૂપો પણ મોહક તેમજ દીનતા અને ભાવનાયુક્ત હતાં. કાર્યક્રમ પ્રારંભ થતાં પહેલાં તો સમગ્ર મંડપ દર્શનાર્થીઓથી સંપૂર્ણ ભરાઇ જતો!

સંગીતમાં 'શ્રીવલ્લભલીલા' કહેનારા શ્રીમેવારામજી તથા તેમની સાથે શ્રીગોકુલદાસજી આવ્યા હતા. નિત્ય સંગીત સાથે ત્રણથી ચાર સુધી 'શ્રીવલ્લભલીલા' થતી ઘણો જ આનંદ આવતો.

ત્યાર પછી નિત્ય સાંપ્રદાયિક વિદ્વાનોનાં પ્રવચનો તેમજ આચાર્યશ્રીનાં વચનામૃત થતાં. તા. ૧-૪-૮૦ થી તા. ૧૪-૪-૮૦ સુધી નિત્ય રાત્રિના ૭ થી ૮ સુધી પૂ. પા. શ્રીપ્રથમેશજીનાં ધારાવાહી, રસમય, ચેતનાત્મક અને પ્રેરક વચનામૃતો થતાં.

બીજું સ્નાન

તા. ૧૧-૪-૮૦ના દિવસે પરમવંદનીય આચાર્યચરણોના પ્રાદુર્ભાવ-દિવસે બીજું સ્નાન થયું. જયંતીના દિવસે આચાર્યચરણનાં સ્વરૂપને ફૂલોથી શણગારેલી જીપમાં ફૂલની ગાદી બિછાવી, તેના ઉપર શ્વેત મલમલનાં કેસરની કિનારીવાળાં વસ્ત્રો ધરાવીને પધરાવ્યા હતા.

આ શોભાયાત્રામાં બબ્બે બેન્ડપાર્ટી, સાત હાથી, નિશાન, ડંકા અને શોભાયાત્રાની શોભામાં વૃદ્ધિ કરતા પૂ. પા ગો. શ્રી કલ્યાણરાયજી, ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી, શ્રી ગોકુલોત્સવજી, પૂ. શ્રી નવનીતબા, અ. સૌ. લીનાબેટીજી અને શ્રી સ્મિતાબેટીજી, શ્રી આચાર્યવંશજ તરીકે શોભી રહ્યાં હતાં.

ત્રીજું સ્નાન

તા. ૧૩-૪-૮૦ મેષસંક્રમણ

ચોથું સ્નાન

તા. ૧૫-૪-૮૦ ચૈત્રી (વ્રજ-વૈશાખી) અમાવાસ્યા

પાંચમું સ્નાન

તા. ૧૭-૪-૮૦ અક્ષયતૃતીયા

છઠ્ઠું શાહી સ્નાન

તા. ૩૦-૪-૮૦ વૈશાખી પૂર્ણિમાનું હતું.

શ્રી વૃંદાવનદાસ હંસરાજ

આવી રીતે ચૈત્રી પૂર્ણિમાએ પ્રારંભ થયેલ 'કુંભપર્વ' આજે વૈશાખ પૂર્ણિમાએ પૂર્ણ થયો. પ્રત્યેક સ્નાન વખતે શોભાયાત્રાનું સુંદર આયોજન થયું હતું.

॥ श्रीरामकृष्णाभ्यां नमः ॥

श्री पंच निर्मोही अनि अखाड़ा का 'शाही स्नान' का कार्यक्रम

सिंहस्थ कुंभ मेला, उज्जैन

दिनांक १४-४-१९८०

अखिल भारतीय श्रीपंच निर्मोही अनि अखाड़े के अन्तर्गत चलने वाले खालसों का शाही स्नान जुलूस जो बुधवार दिनांक ३०-४-१९८० को सुबह ९ बजे अंकपात क्षेत्र से चलकर रामघाट जाएगा । उसका क्रम इस प्रकार है —

१. श्री पंच अनि अखाड़े का बोर्ड
२. नौबत- ऊँट के उपर
३. घोड़े - २
४. बैन्डबाजा
५. छड़ीदार
६. खिलाड़ी
७. निशान
८. श्रीवल्लभाचार्यजी - विष्णुस्वामि सम्प्रदाय
९. श्रीमहन्त रामदासजी कानपुर खालसा
१०. श्रीवल्लभाचार्य सम्प्रदाय के आचार्य प्रथमेश श्रीरणछोड़लालजी सवारी के साथ अथवा पैदल
११. श्रीघमण्डदेवाचार्यजी महन्त सूरदासजी
१२. श्रीहितहरिवंश खालसा श्री महन्त रूपकिशोरदासजी
१३. श्रीगिरिराज खालसा श्री महन्त जानकीदासजी

नोट — जुलूस में चलने के समय जो भी निर्देश श्री महन्त अनि अखाड़ा करे, उनका तुरन्त पालन करना । साथ में दादूपंथी चलेंगे ।

(निर्मोही अनि)
प्रधानमन्त्री
महन्त अयोध्यादासजी
सहायमन्त्री
महन्त रामदासजी

मुहर
सिंहस्थ मेला
उज्जैन
२३-४-८०

(निर्मोही अनि)
श्री महंत रामलखनदासजी
'सिंहस्थभूषण'
श्री महंत नंदरामदासजी

અજયકુમાર નેવરજી અને અ. સૌ. શીલાબહેન



૧. પૂ. પા. શ્રી પ્રથમેશજી દીપ પ્રકટાવીને ચિત્ર પ્રદર્શનનું ઉદ્દઘાટન કરે છે.
૨. 'ચિત્ર-પ્રદર્શન' (પૂ. પા. શ્રી મથુરેશ્વરજી પ્રદર્શન નિહાળે છે.)



૧. અષ્ટછાપ-સંગીત સંમેલન
(પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી)
૨. પંડિત શ્રી જસરાજજી

'અખિલ ભારતીય પંચ નિર્મોહી અનિ અખાડા' તરફથી ઘણો જ સાથ સહકાર મળ્યો હતો. પૂ. પા. શ્રી પ્રથમેશજીએ નાસિક કુંભ વખતે શ્રીઆચાર્યચરણનું સ્થાન દરેક કુંભમાં પ્રથમ હતું અને તે यावच्चन्द्रदिवाकरौ પ્રથમ રાખવાના શક્ય પ્રયાસ કરી, શ્રી ગોવર્ધનવાળા પોતાના આત્મીયજનસમાન શ્રી જાનકીદાસજીને પ્રતિનિધિત્વ આપ્યું અને ત્યાં જ તેમની સાથે સમજૂતી કરીને સ્ટેમ્પ-કરારનામું કરીને પુષ્ટિ-સંપ્રદાયનો પ્રથમ દરજ્જાનો-સ્નાનનો કાયમી હક્ક રહે-તેમ નક્કી કર્યું. કેમકે, પ્રથમ આચાર્યો અને પછી જ સંત-મહંતોના અખાડા રહે.

આમ આજે મેષ સંક્રમણ હોવાથી આજની શોભાયાત્રામાં પૂજ્ય શ્રી પ્રથમેશજી, શ્રીવિઠ્ઠલેશરાયજી, શ્રી કલ્યાણરાયજી, શ્રી ગોકુલોત્સવજી અને રાજનગરવાળા ગો. શ્રી વ્રજરાયજી મહારાજના લાલબાવા શ્રી વ્રજેન્દ્રકુમારજી, અસંખ્ય વૈષ્ણવો અને ધર્મપ્રેમીઓ સાથે ક્ષિપ્રા તટે પધાર્યા હતા અને ત્યાં શ્રી વલ્લભકુલકમલ દિવાકરોએ તથા વૈષ્ણવોએ સ્નાન કર્યું હતું.

સ્નાન કરીને આવતાં શ્રીનાથજીની હવેલીમાં ઉજ્જૈનના તેમજ ઇન્દોરના વૈષ્ણવોએ લિંબુના શરબતથી સર્વનો શ્રમ દૂર કર્યો હતો. શોભાયાત્રા દોઢ વાગ્યે શ્રીવલ્લભાચાર્યનગરમાં પાછી આવી હતી.

આચાર્યશ્રીઓ ભોજન કરવા પધાર્યા પછી સર્વ વૈષ્ણવોને મંડાણમાં પ્રેમપૂર્વક પ્રસાદ લેવડાવ્યા હતા.

બપોરના વિશ્રામ પછી ૩-૩૦ વાગ્યે શ્રી 'વલ્લભલીલા'ની સંગીતમય કથાનો પ્રારંભ થયો હતો.

સંગીત સભા

તા. ૧૩-૪-૮૦ના દિને રાત્રિના ૮-૩૦ થી પૂ. શ્રી પ્રથમેશજીની આજ્ઞાથી ચાર દિવસ માટે 'સંગીતસભા'નું આયોજન કરેલ. તે પ્રમાણે આજે રાત્રિના ૮-૩૦ થી સંગીતસભા રાખવાની હોવાથી 'રાસમંડલી'નો કાર્યક્રમ સાંજના ૫-૦૦ થી ૮-૦૦નો રાખ્યો હતો.

'સંગીતસભા'ના પ્રથમ દિવસે જ શ્રી લક્ષ્મણજી જૈન, ઇન્દોરવાળા પવારબંધુઓ, શ્રીગોકુલોત્સવજી, શ્રીવિઠ્ઠલેશરાયજી અને પૂ. પા. શ્રીપ્રથમેશજીએ સભામંડપમાં હવેલી સંગીતનો રાત્રિના ૧-૦૦ વાગ્યા સુધી રસાસ્વાદ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય વ્યવસ્થા

સરકાર તથા ઉજ્જૈન કોરપોરેશન અને બસપરિવહન સંસ્થા તરફથી થયેલ સુંદર વ્યવસ્થાને લીધે સર્વ વૈષ્ણવો એક કલાકમાં પોતપોતાના સ્થાને પહોંચી જતા હતા.

ખાસ ઉલ્લેખ તો ઉજ્જૈનના જાગ્રત શ્રી ડી. એસ. પી. સાહેબની સેવાનો કરવો જોઈએ. એમણે સમગ્ર શ્રીવલ્લભાચાર્યનગરની સુરક્ષા માટે તા. ૩૧-૩-૮૦ થી તા. ૨-૫-૮૦ સુધી ચાર હથિયારધારી પોલિસનો બંદોબસ્ત કરી આપ્યો હતો. આ પ્રજાસેવકોએ રાત્રિ દિવસ હોમગાર્ડ્ઝ તથા PPS વાળાને સાથ આપી પોતાની કામગીરી સુંદર રીતે બજાવી, કાર્યક્રમને શોભાવ્યો હતો.

અષ્ટછાપ-સંગીત સંમેલન

'સંગીતસભા'ની સાથે પૂ શ્રી પ્રથમેશજીએ 'અષ્ટછાપ-સંગીત સંમેલન'નું પણ સરસ આયોજન કર્યું હતું. તા. ૧૪-૪-૮૦ તથા

નટવરલાલ હરગોવિંદદાસ

તા.૧૫-૪-૮૦ મુંબઈથી ખાસ બોલાવેલા કલાકાર પંડિત જસરાજનો કાર્યક્રમ અત્યંત રસદાયક રહ્યો હતો. એમણે પોતાની સંગીત કલાને હવેલી સંગીતમાં-અષ્ટછાપવાણીમાં વણી લઈને શ્રોતાજનોને રસતરબોળ બનાવી દીધા હતા.

નિત્ય રાત્રિના શાસ્ત્રીજીઓવાં વ્યાખ્યાનો થતાં અને દુતિયાવાળા શ્રી ગોવિંદસ્વામી તથા તેમનાં અ. સૌ. ધર્મપત્નીએ શ્રીવલ્લભાચાર્યજી અને શ્રીગુસાંઈજીનાં લીલાચરિત્રોનું સંગીતમાં વર્ણન કરતા, તે અવર્ણનીય હતું.

ઉજ્જેન-કુંભપર્વમાં કલકત્તાના વૈષ્ણવોની સેવા

પૂજ્યશ્રી આચાર્ય તથા બાલકોનું સ્વાગત, સેવા-ટહેલ

પ્રમુખ

૧, શ્રી કિશનદાસજી મૂંધડા
૨. શ્રી દ્વારકાદાસ રાણા

ઉપપ્રમુખ

૩. શ્રી ચેતનદાસજી મૂંધડા
૪. શ્રી સુમનભાઇ શાહ

કોષાધ્યક્ષ

૫. શ્રી જયંતીભાઈ ઝવેરી
૬. શ્રી ગિરધરભાઈ ઝવેરી

મંત્રી

૭. શ્રી પરમાનંદ પી. સોની

સહમંત્રી

૮. શ્રી હરકિશનદાસ વી. શાહ

કાર્યોની જવાબદારી સાથે તન-મન-ધનથી સેવા,

મુખ્ય જવાબદારી

૧. શ્રી દ્વારકાદાસ રાણા
૨. શ્રી પરમાનંદ પી. સોની

જનરલ કાર્યવાહી

૩, શ્રી ચેતનદાસજી મૂંધડા

મંડાણ

૪. શ્રી પ્રતાપભાઇ ભાટીઆ
૫. શ્રી હેમંત સોની
૬. શ્રી અશોકભાઇ જડિયા
૭. શ્રી હસમુખભાઈ બાગડિયા

હિસાબ-નાણાંકીય જવાબદારી

૮. શ્રી પરમાનંદ પી. સોની
૯. શ્રી મણિકાન્ત સી. શેઠ
૧૦ શ્રી જમનાદાસ પી. શાહ

પાલની દેખરેખ

૧૧. શ્રી મથુરભાઈ ઘડિયાળી
૧૨. શ્રી જયંતીભાઈ એ. શાહ

નિત્ય કાર્યક્રમનું આયોજન

૧૩. શ્રી ચિમનભાઇ આર. શાહ

પૂજ્યશ્રી તથા આચાર્ય બાલકોનું સ્વાગત,

સેવા-ટહેલ

૧૪. શ્રી મૂળજીભાઇ ભાટીઆ
૧૫. શ્રી નવનીતજી
૧૬. શ્રી મનહરભાઈ

વિઠ્ઠલદાસ રૂગનાથ મોટરવાળા





૧. સોમયજ્ઞની પૂર્ણાહુતિ (તા. ૨૦-૪-૮૦)

૨. વર્તમાન સમયમાં સોમયજ્ઞના સફલ સંચાલક
પૂ. પા. દીક્ષિત શ્રી રણછોડાચાર્યજી મહારાજ (પ્રથમેશ)

સોમયજ્ઞની સેવા

૧૭. શ્રી હરકિશનદાસ વી. શાહ
૧૮. શ્રી ચિમનભાઇ સાંગાણી
૧૯. શ્રી સુમનભાઇ શાહ
૨૦. શ્રી વનમાલીદાસ ગગલાણી

મંદિર તથા મનોરથો

૨૧. શ્રી જમનાદાસભાઈ (મુંબઇ)
૨૨. શ્રી નથ્થીલાલજી અધિકારી
૨૩. શ્રી બસંતીલાલજી પંડયા

શોભાયાત્રા, સ્નાનવિધિ

૨૪. શ્રી દ્વારકાદાસ રાણા
૨૫. શ્રી સત્યનારાયણ ખંડેલવાલ

આચાર્ય બાલકોની સરભરા, સેવા-ટહેલ

૨૬. શ્રી કાકુભાઈ
૨૭. શ્રી દેવીદાસભાઈ

ભંડાર

૨૮. શ્રી કરણજી-જતીપુરા
૨૯. શ્રી મોહનજી-જતીપુરા

મુખિયાજી

૩૦. શ્રી નાથુલાલજી-કલકત્તા
૩૧. શ્રી ચતુર્ભુજજી-ઉજ્જેન

ભીતરિયા

૩૨, શ્રી સત્યનારાયણજી
૩૩. શ્રી શ્યામ
૩૪. શ્રી શરણ

જલઘરિયા

૩૫. શ્રીનાનકાજી

ખવાસ

૩૬. શ્રી રમેશચંદ્રજી

અધિકારીજી

૩૭. શ્રી નથ્થીલાલજી-જતીપુરા

સ્વાસ્થ્ય, પાણી, વીજળી, પાલ, રસ્તા અને પોલિસ બંદોબસ્ત

૩૮. શ્રી મદનલાલજી દિશાવલ
૩૯. શ્રી રમેશભાઈ દિશાવલ
૪૦. શ્રી વિનોદકુમાર, લલ્લુજી એન્ડ સન્સવાળા
૪૧. શ્રી સીતારામજી અગ્રવાલ
૪૨. શ્રી કૃષ્ણરાજ ડોસા
૪૨. અ.સૌ. વીણાબહેન
૪૩. શ્રી ગિરિરાજ વિજયવર્ગી
૪૪. શ્રી જયંતીલાલ ગાંધી
૪૫. શ્રી PPS.ના વોલન્ટીયરો

◆

સોમયજ્ઞ

શ્રી ગુસાંઇજીના જ્યેષ્ઠપુત્ર શ્રી ગિરિધરજીના તૃતીયપુત્ર શ્રી ગોપીનાથજી 'દીક્ષિત' દ્વારા થયેલ. 'સોમયજ્ઞ' બાદ લગભગ સાડા ત્રણસો વર્ષ પછી એઓશ્રીના જ વંશજ પૂ. પા. શ્રી પ્રથમેશજી દ્વારા આ 'સોમયજ્ઞ' થઇ રહેલો હોવાથી વૈષ્ણવોના ઉત્સાહ અને આનંદનો પાર નહોતો!

'સોમયજ્ઞ' માટે શ્રૌતયજ્ઞના નિષ્ણાત આચાર્ય શ્રીમૃદાચાર્યજીને, પૂ. પા. શ્રી પ્રથમેશજીનાં અ. સૌ. શ્રી વહુજી મદ્રાસ પધારીને તેમની વરણી કરી, 'સોમયજ્ઞ' માટે નક્કી કરી આવ્યાં હતાં.

તા. ૧૨, ૧૩, ૧૪-૪-૮૦ના દિને નીચેના વિદ્વાનો આવી ગયા હતા :

૧. શ્રીમૃદાચાર્ય-કુટુંબસહિત, મદદનીશ શ્રીનિવાસન શાસ્ત્રીજી

શાંતિલાલ હરિભાઈ પારેખ રાજકોટ.

૨. શ્રીરાઘવાચાર્યજી
૩. શ્રી વીરરાઘવન્
૪. શ્રી કલ્યાણસુંદરમ્
૫. શ્રી નારાયણમ્
૬. શ્રી વી. કે. શરન
૭. શ્રી લક્ષ્મીનારાયણમ્
૮. શ્રી રંગાનાથન્
૯. શ્રી કે. એસ. શ્રીનિવાસન્
૧૦. શ્રી એસ. શ્રીનિવાસન્
૧૧. શ્રી સાડા ગોપાલબરી
૧૩. શ્રી સુન્દરમ્
૧૪. શ્રી જયરામન્
૧૫. શ્રી રામકૃષ્ણમ્
૧૬. શ્રી રાજગોબાલાની
૧૭. શ્રી રાજલક્ષ્મી
૧૮. શ્રી શેષાદ્રી
૧૯. શ્રી સંમપારી
૨૦. શ્રી બાલારાજન્
૨૧. શ્રી કેમી બાવાલી
૨૨. શ્રી વી. પી. નાથન્

'સોમયજ્ઞ' કરાવનાર પંડિતોને શ્રીવલ્લભાચાર્યનગરમાં મંદિરની બાજુમાં ચાર મોટા તંબુઓમાં નિવાસ આપ્યો હતો, તેઓ પોતાની સાથે પાચકો (રસોઇયાઓ), સેવકો અને યજ્ઞની પૂજનવિધિની સામગ્રી લઈ આવ્યા હતા.

યજ્ઞની વેદીની રચના કરતાં પહેલાં યજ્ઞભૂમિને ગોમૂત્ર અને ગોમયથી લિંપીને શુદ્ધ કરવામાં આવી હતી, ત્યારબાદ તે ઉપર ઇંટોથી વેદીઓની રચના કરવામાં આવી હતી.

તા. ૧૫-૪-૮૦ના દિને સાંજના ૪ પછી વૈદિક વિધિ અનુસાર 'સોમયજ્ઞ'નો પ્રારંભ થયો હતો.

આ વેળાએ કાર્યકર્તાઓને પૂજ્યશ્રીએ નીચેની અગત્યની સૂચનાઓ આપી હતી.

૧. કોઇ પણ વૈષ્ણવે અહીં પૈસો ફેંકવો નહીં, તેમ ધરવો નહીં.

૨. 'સોમયજ્ઞ'ના દર્શનાર્થે આવનાર પુરુષે ધોતી પહેરેલી હોવી જોઈએ. અને સ્ત્રીઓએ સાડી પહેરવી જોઇએ, જેને આવો પહેરવેશ ન હોય તેઓ બહારથી ખુલ્લા પગે ઉભા રહી દર્શન કરી શકે છે.

૩. જે વૈષ્ણવો અપરસમાં હોય અને જેમણે ધોતી બંડી પહેરેલ હોય, તે ખુલ્લા ચરણે વેદી પાસે પ્રવેશી શકે છે.

તા. ૧૬-૪-૮૦ના દિવસે સવારે ૮-૦૦ વાગ્યે અરણીમંથન દ્વારા અગ્નિપ્રાકટ્યનો વિધિ હતો. જેના દર્શન માટે પૂજ્યપાદશ્રીએ તથા અ.સૌ. શ્રી વહુજીએ કૃપાભરી યાદી કરીને સોમયજ્ઞની જવાબદારી લેનાર કાર્યકર્તાઓને તેમજ પોતાના આત્મીય અંગત જીવોને અગ્નિપ્રાકટ્ય સમયે નિકટ બોલાવી લીધા હતા અને એ પ્રાચીન વૈદિક વિધિનાં દર્શન કરાવ્યાં હતાં.

આ 'સોમયજ્ઞ'માં ગાયનું શુદ્ધ ઘી ત્રણ ડબા, ચોખા, તલ, જવ તથા બીજું ધાન્ય અને સમીધ વૈષ્ણવો દ્વારા આવી ગયાં હતાં.

સોમયજ્ઞકર્તા વંદનીય યુગલ સ્વરૂપને માટે પણ યજ્ઞના નિયમો અનિવાર્ય હતા. પૂજ્યશ્રીએ મૂંડન કરાવીને મસ્તક ઉપર ચોટી રાખી હતી. કોઈના પણ ચરણસ્પર્શ સ્વીકારતા નહીં; દૂરથી દર્શન અને દંડવત્ થઈ શકતાં. વ્યાઘ્રચર્મ ઉપર બિરાજવું પડતું. ભોજનમાં દૂધ અને દૂધઘર આવતું. ચોવીસ કલાક યજ્ઞભોક્તા પૂર્ણપુરુષોત્તમનું સ્મરણ-ભજન-મનન-વિદિધ્યાસન ચાલતું.

અવભૃથ સ્નાન

ચોથે દિવસે અગ્નિની સ્થાપના તથા અન્ય વેદોક્તવિધિ થયા પછી પૂજ્યની વૈષ્ણવમંડળ સાથે 'અવભૃથ સ્નાન' માટે પધાર્યા. એમાં પણ થોડું વિઘ્ન આવેલું, પણ પૂજ્યશ્રીની ચતુરાઈભરી સૂચનાઓથી સર્વ કાર્ય નિર્વિઘ્ન સિદ્ધ થયું.

વિષ્ણુપંથવાળા નિર્માણી મહંતની સ્નાન માટે પરવાનગી જોઇએ. પરંતુ તેના પ્રત્યુત્તરમાં પૂજ્યશ્રીએ સૂચન કર્યું કે 'આ સ્નાનને અને કુંભપર્વના સ્નાનને કશું લાગતું વળતું નથી. આ તો યજ્ઞાંતે થતું અવભૃથ સ્નાન છે.'

આ ઉત્તરથી સમાધાન થઈ ગયું. પોલિસ ઓફિસની પણ પરવાનગી મળી ગઈ. ખુદ પોલિસ અફસરો પણ આ મંગલ સ્નાનમાં જોડાયા હતા. ૪-૦૦ વાગ્યે વૈષ્ણવસમુદાય અને જનસમુદાયની વચ્ચે પૂજ્યશ્રી ક્ષિપ્રાના ગંગાઘાટે પધાર્યા. વિદ્વાન આચાર્ય દ્વારા વૈદિક વિધિ પ્રારંભ થયો અને પૂજ્યશ્રીએ સ્નાન કર્યા પછી જનતાએ સ્નાનનો લાભ લીધો. પછી સર્વ ૭-૦૦ વાગ્યે શ્રી વલ્લભાચાર્યનગર પધાર્યા.

શ્રીવલ્લભની અનુકંપાનો અનુભવ

સોમયજ્ઞની પૂર્વતૈયારીમાં આવેલ વૈષ્ણવો પૈકી શ્રી જયંતીભાઈ શાહ કે જેઓ ચતુર્થ ઘરના-શ્રીગોકુલનાથજીના સેવક છે અને જેમનામાં પોતાની માતાની વાત્સલતા, ગોપીજનોની ભાવના, સ્નેહ અને આચાર્યદર્શનની આર્તિ તીવ્ર છે, તેઓ તા. ૫-૪-૮૦ના દિને ઉજ્જૈન આવ્યા.

એમને ગોસ્વામી બાલકોના પાલ સ્વચ્છ, સુઘડ બનાવી, ગોબરથી લિંપાવીને તૈયાર કરવાનું તેમજ સોમયજ્ઞની ભૂમિને પણ ગોબરથી લિંપાવીને શુદ્ધ કરવાની સેવા સોંપવામાં આવી. પ્રથમ એમણે પાલમાંથી અને યજ્ઞભૂમિમાંથી કાંકરા વીણી કાઢ્યા. પછી બહેનોની સાથે રહીને પાલની તેમજુ યજ્ઞભૂમિને લિંપાવીને એવી તો સુંદર અને મૃદુ બનાવી દીધી કે એના ઉપર ગાલીચો કે શેતરંજ બિછાવવાની પણ જરૂર ન રહે !

જેમ દૂધમાંથી દહીં અને એ દહીં વલોવીને નવનીત કાઢે, તેમ તન, મન અને એકનિષ્ઠાથી નિઃસાધનપણે સુંદર સેવા કરી. તદુપરાંત મંડાણમાં પ્રસાદ લેતા વૈષ્ણવોને સાંજ-સવાર કૂપનવિતરણની તેમજ અન્ય પણ સારી સેવા કરી.

તા. ૨૫/૨૬મીએ એઓ ઉજ્જૈનથી પરત એક લૉરીમા ખંડવા જવા માટે નીકળ્યા. એમને મોટર બસ મળી જતાં એમાં ગયા. આ બસને રસ્તામાં અકસ્માત થયો, તેમાં સાત માણસો મરણ પામ્યાં, પણ શ્રી જયંતીભાઈને ઉની આંચ ન આવી ! એમને તથા એક બહેનને પગમાં અને માથામાં સહેજ ઈજા થઇ. આવા જવા માટે વાહનની વાટ જોતા હતા, ત્યાં એક લૉરી નીકળી, તેમાં આ ભાઈ અને પેલાં બહેન બેસી ગયાં. પરગજુ શ્રી જયંતીભાઇએ પોતાને થયેલી ઈજાની પરવા કર્યા વિના સાથેના બહેનના માથા ઉપર પોતાનો ટુવાલ

બાંધી દીધો. પરંતુ કસોટી હવે જ શરૂ થઈ. અર્ધે રસ્તે જતાં મોટર લૉરીના ડ્રાયવર–કંડકટરની દાનત બગડી, અને શ્રી જયંતીભાઈને તરત જ નીચે ઉતારી મૂક્યા. પેલાં બહેનને લઇને લૉરી આગળ વધી.

જ્યાં ભક્તરક્ષક શ્રીમહાપ્રભુજી જ સ્વયં ભક્તની રક્ષા કરી રહ્યા હોય ત્યાં રક્ષાનું સાધન અનાયાસ પ્રાપ્ત થાય એમાં કશું આશ્ચર્ય નથી! હજી તો શ્રી જયંતીભાઈ આગળ વધવા માટે વિચારી રહ્યા છે, ત્યાં બીજી લૉરી આવી અને એમને બેસાડીને જબલપુર સ્ટેશને ઉતારી દીધા. પેલાં બહેન પણ ભગવત્કૃપાથી હેમખેમ રીતે પોતાને મુકામે પહોંચી ગયાં હતાં.

ગાડીમાં માંડ માંડ જગ્યા મળી. શ્રી જયંતીભાઇએ ટી. ટી ને રૂ. ૧૦/–આપ્યા કે જેથી કલકત્તાની ટિકિટ રીઝર્વ કરી આપે. ટી. ટી. એ રકમ લઈને ખિસ્સામાં મૂકી અને એમની પાસે બેસીને ચા મંગાવી; ટી. ટી. જેવા ચા મોઢે માંડે કે ગળું ચોક થઈ જાય! ગળે ઊતરે જ નહી! આમ ટી. ટી. એ બે–ત્રણ વાર ચા પીવા પ્રયત્ન કરી જોયો, પણ ગળા નીચે ઊતરે જ નહીં! એમણે પોતાની પાસે બેઠેલા જયંતીભાઇ સામું જોયું અને કારણ સમજાઇ ગયું! તરત જ એમણે શ્રી જયંતીભાઈ ને કહ્યું કે, 'ભાઈ! આ તમારા દશ રૂપિયા પાછા લઈ લો.' જયંતીભાઇ કહે કે, 'ના.' પરંતુ ટી. ટી. એ પરાણે એમના ખિસ્સામાં દશ રૂપિયા મૂકયા પછી જેવી ચા પીવા માંડી કે તરત જ ગળા નીચે ઊતરી ગઈ!

આમ શ્રીવલ્લભનું સ્મરણ–ધ્યાન કરતાં શ્રી જયંતીભાઈ કલકત્તા આવ્યા. ગાડી મોડી હતી અને બીજી ગાડીઓ પણ આવી હોવાથી મુસાફરોની ભીડ ઘણી હતી. તરત જ કુલીને બોલાવી, પોતાનો સામાન આપીને કહ્યું : 'હવે બીજાનો સામાન લેવા ન જતા.' કુલીએ તરત જ ભાઈનો સામાન લીધો અને સ્ટેશન બહાર આવી ટેકસી શોધવા લાગ્યા, પણ ભીડ જોતાં ટેકસીનો પતો ખાય એમ નહોતું. થોડા નિરાશ થયા, પણ તરત જ કુલીએ કહ્યું : 'તમે મૂંઝાશો નહીં. હું હમણાં જ ટેકસી લાવી દઉં છું.' તરત જ કુલી ટેકસી લેવા ગયો. અને એક સરદારજીની ટેકસી લઇને આવી પહોંચ્યો. નહીં જાણ કે પહેચાણ, અને સરદારજી કહે કે, 'બેસી જાઓ. હું તમને જ લેવા આવ્યો છું.' કુલીએ ટેકસીમાં સામાન મૂકયો એટલે શ્રી જયંતીભાઇએ એને રૂ. ૫/– આપવા માંડયા, પણ કુલીએ તો માત્ર રૂ. ૧/– લઈને બીજા પરત કર્યા અને ચાલતો થયો. ભાઈને થયું કે આ તો મજૂર માણસને ઘણું જ નુકસાન થયું કહેવાય. તેઓ તેમને શોધવા પાછળ ચાલ્યા, પણ કુલી મળ્યો જ નહીં!

સરદારજી ટેકસીને લઈને ઘર સુધી આવી પહોંચ્યા. શ્રી જયંતીભાઇને હતું કે, આજની ભીડ જોતાં સરદારજી રૂા ૨૦/– સિવાય ઓછું નહીં લે. આમ વિચારીને કોઈ રકઝક ન થાય એટલા માટે શ્રી જયંતીભાઇએ સરદારજીના હાથમાં રૂ. ૨૦/–ની નોટ મૂકી, તરત જ સરદારજી બોલી ઊઠયા : 'અરે, ભાઈ સાહેબ! મારે વીસ રૂપિયા નહીં જોઈએ, ફક્ત સાત રૂપિયા જ આપો,' અને રૂ. ૭/– લઈને એ તો રવાના થઇ ગયો!

ઘરમાં જઇને શ્રી જયંતીભાઈએ શ્રીમતીજીને

કહ્યું કે, 'આજે તો શ્રી વલ્લભે મારી ઉપર કરુણાનો સાગર વરસાવી દીધો!' આમ કહીને આજની બનેલી બધી ઘટનાઓ કહી સંભળાવી. અપરસમાં સ્નાન કરીને શ્રીઠાકોરજીની સેવામાં બેઠા કે, શ્રીઠાકોરજીએ અદ્ભુત ઝાંખી આપી!

આ છે, શ્રીવલ્લભની અસીમ કરુણાનો પ્રતાપ!

સંધ્યાનું અને ઝારીજીનું જલ

આ દિવસો દરમિયાન શ્રીવલ્લભની કૃપાનો બીજો અસાધારણ અનુભવ થયો. મદ્રાસથી શ્રીવિઠ્ઠલદાસજી નામક એક વૈષ્ણવ 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'નો આનંદ લેવા આવેલા.

એક દિવસે પૂજ્ય શ્રીપ્રથમેશજી પ્રવચન માટે પધારી રહ્યા હતા, ત્યાં કાર્યકર્તાઓએ ખબર આપ્યા કે, 'કૃપાનાથ! મદ્રાસવાળા શ્રી વિઠ્ઠલદાસજીને હૃદયરોગનો હુમલો આવ્યો છે. તરત જ આપશ્રીએ એમની તબિયત જોઈ કોરોમાઇન ઇંજેકશન અને દવાઓની ઉપસ્થિત ડૉકટર-વૈદ્યોને સૂચના આપી. એનાથી ફાયદો ન થતાં, સારા નર્સિંગહોમમાં ખસેડયા-કાર્યકર્તાઓ શ્રી અશોકભાઈ જડિયા, શ્રી હેમંત સોનીએ ઘણી જ મહેનત લીધી. પૂજ્યશ્રીને દર્દીની પરિસ્થિતિની કલાકે કલાકે ખબર આપતા. આવા પુનિત સ્થાનમાં આવા વૈષ્ણવનો બગાડ ન થાય તે માટે આપશ્રી કૃતનિશ્ચયી બન્યા. રાત્રિના બાર વાગ્યે 'મૃત્યુંજય યજ્ઞ' કરી, એક વૈષ્ણવ સાથે સંધ્યાનું તેમજ ઝારીજીનું જલ મોકલાવ્યું. જલ લેવડાવ્યા પછી રાત્રિના ૧–૩૦ કલાકે કોઈ ચમત્કાર સર્જાય તેમ શ્રી વિઠ્ઠલદાસજીએ આંખ ખોલી, ત્યાં ઉપસ્થિત પોતાનાં પત્ની તથા વૈષ્ણવોને સાંત્વન આપ્યું કે, 'શ્રીવલ્લભની-કૃપાથી મને રાહત છે.'

૭ દિવસ પછી આ વૈષ્ણવ પાલ ઉપર આવ્યા. અને વિશેષ આરામ કરવા મદ્રાસ જવા માટે પૂજ્યશ્રીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી, આજ્ઞા માગી. આપે અમી વરસાવતી આંખે આજ્ઞા આપી, અને આ દંપતી આપના કૃપામૃતનું રટણ કરતા મદ્રાસ ગયા. ત્યાં જઇને ટેલીફોન કર્યો કે, 'આપની કૃપાથી હવે મને ઘણું જ સારું છે.'

શ્રીવલ્લભની કૃપાથી શ્રી વિઠ્ઠલદાસભાઈ મોટા વિઘ્નમાંથી નિર્વિઘ્ન પાર ઊતરી ગયા!

પૂ. ગો. બાલકોની પધરામણી

આ શુભાવસરે નીચે લખેલા ગો. બાલકોએ પધારી, પ્રસંગને શોભાવ્યો હતો. (૧) ગો. શ્રી વ્રજજીવનલાલજી, અ. સૌ. શ્રી વહુજી સહિત (કાંદાવલી–મુંબઇ), (૨) ગો. શ્રી શ્યામમનોહરજી (વિરલે પારલે–મુંબઈ), (૩) ગો. શ્રી વ્રજધીશજી (મુંબઇ), (૪) શ્રી વ્રજેન્દ્રકુમારજી (રાજનગર), (૫) શ્રી ગિરિધરલાલબાવા (કામવન), (૬) વીરમગામવાળા શ્રી ચંદ્રગોપાલજીના લાલજી, (૭) શ્રી લાલમણિજી (મુંબઇ), (૮) ગો. શ્રી મધુરેશ્વરજી મહોદય (વડોદરા), (૯) શ્રી રમેશ-બાવા (ઘાટકોપર–મુંબઇ), (૧૦) ગો. શ્રી રઘુનાથલાલજી (વિલેપારલે, મુંબઈ), (૧૧) શ્રી કલ્યાણરાયજી (ઇન્દોર), (૧૨) શ્રી વિઠ્ઠલેશરાયજી (ઇન્દોર), (૧૩) શ્રીગોકુલોત્સવજી (ઇન્દોર). તદુપરાંત શ્રી બેટીજીઓ અને શ્રી લાલાજીઓ પણ પધાર્યા હતા.

વિદ્વાનોની ઉપસ્થિતિ

આ મંગલ પ્રસંગે નીચેના વિદ્વાનોની ઉપસ્થિતિ ધ્યાન ખેંચતી હતી.

(૧) શ્રી ગોવિંદ સ્વામીજી (દુનિયા), (૨) શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી (નડિયાદ), (૩) શ્રી રમણુલાલ જયેઠારામ શાસ્ત્રી (ઉમરેઠ), (૪) શ્રી દયારામભાઈ શાસ્ત્રી (નડિયાદ), (૫) શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી (વડોદરા), (૬) ડૉ. ગજાનન શર્મા (ધાર), (૭) શ્રી મનોહરલાલ શાસ્ત્રી (મથુરા) (૮) શ્રી મદનલાલજી શાસ્ત્રી (મન્દસૌર), (૯) શ્રી દ્વારકાદાસજી પાટોડિયા, (૧૦) શ્રી ગોકુલચંદ્ર શાસ્ત્રી (જતીપુરા) (૧૧) શ્રી નારાયણભાઈ ઠક્કર (કલકત્તા), (૧૨) શ્રી હરગોવિંદ સ્વામી-રાસધારી (વૃંદાવન)- આ ઉપરાંત બીજા પણ પંડિતો પધાર્યા હતા. આમાંના મોટા ભાગના વિદ્વાનોનાં પ્રવચનોનો લાભ ધર્મપ્રેમી જનતાને મળ્યો હતો.

તા. ૨૦-૪-૮૦નું સવાર થયું. આજે સોમયજ્ઞની પૂર્ણાહુતિ હતી. યજ્ઞનો છેલ્લો દિવસ હોવાથી દર્શનાર્થીઓનો માનવમહેરામણ ઊભરાતો હતો! કાર્યકર્તાઓ પોતાનું નિત્ય-કર્તવ્ય પતાવીને વહેલી સવારથી જ યજ્ઞમંડપ પાસે સેવા લેવા માટે ઊભા હતા. પૂજ્યશ્રી યુગલ સ્વરૂપે વેદી પાસે બિરાજતા હતા. વેદની ઋચાઓના સુમધુર ધ્વનિ સાથે શ્રીફળનો હોમવિધિ પ્રારંભ થયો. શ્રીફળ હોમાયું અને તે સાથે જ વાતાવરણમાં જે ગરમી હતી. તે તરત જ શાંત થઇ ગઇ! યજ્ઞાંતે આકાશમાં દેવનાં દુંદુભિ વાગતાં હોય તેમ આકાશમાં મેઘનો ગડગડાટ થયો, અને સાથે સાથે વરસાદની મંદમંદ અમૃતધારા સમગ્ર શ્રી વલ્લભાચાર્યનગર ઉપર સાત મિનિટ સુધી વરસી રહી. વાતાવરણ સ્નિગ્ધ અને શીતલ બની ગયું! પ્રખર તાપમાં નગરમાંથી અકળાઇને શ્રીવલ્લભાચાર્યનગરમાં દર્શનાર્થે આવનાર તો અહીંના આ અદ્ભુત વાતાવરણથી દિગ્મૂઢ બની ગયા! સોમયજ્ઞની સફળતાનો સૌ કોઇએ પ્રત્યક્ષ અનુભવ કર્યો.

પ્રત્યક્ષ પ્રભાવ

શ્રી...ના ફૂલઘરની સેવા-ટહેલ કરનાર એક બહેનના ભાઇને ઘણા સમયથી કંઇક વળગાડ હતો. અનેક ઉપાયો કરવાં છતાં વળગાડ દૂર ન થયો. ઘરનાં બધાંને આની બહુ જ ચિંતા હતી. 'સોમયજ્ઞ'ના દર્શનાર્થે આ ભાઈને લાવવામાં આવેલા. એક સવારે રાબેતા મુજબ એમનું તોફાન શરૂ થયું. એક કાર્યકર્તા ભાઇને આની ખબર થતાં તેઓ પૂજ્યશ્રી સંધ્યામાં બિરાજતા હતા, ત્યાં ગયા અને હકીકત નિવેદિત કરી. આપશ્રીએ આજ્ઞા કરી કે 'યજ્ઞના અક્ષત ભીના કરી એ ભાઇના મોઢામાં આપો, જે હશે તે બોલશે. અને યજ્ઞની ભસ્મ તેમના કપાળે લગાડો, ભગવત્કૃપાથી બધું સારું થઈ જશે.'

આજ્ઞાનુસાર જેવા યજ્ઞપ્રસાદીઅક્ષત એ ભાઈના મોઢામાં ગયા, અને કપાળે ભસ્મ લગાવી કે તરત જ વળગાડ હતો તે દેહમાંથી બહાર નીકળવા વિનંતિ કરવા લાગ્યો, અને ભગવત્કૃપાથી બધાની વચ્ચે એ ભાઇના શરીરમાંથી વળગાડ સદાને માટે દૂર થયો.

આ પછી તો સોમયજ્ઞની ભસ્મ અને અક્ષત માટે જે પડાપડી થઈ હતી, તે દૃશ્ય અભૂત-

---

માધવદાસજી મૂંધડા



અવભૃથ સ્નાન

સોમયજ્ઞના ચોથા દિવસે પંડિતો તથા બધા વૈષ્ણવો સાથે ક્ષિપ્રા સ્નાન (તા. ૧૯-૪-૮૦)

બાલ સંસ્કાર શિબિર

(૧) વૈષ્ણવ બાલિકાઓ

(૨) વૈષ્ણવ બાલકો (તા. ૨૨-૪-૮૦ થી ૨૬-૪-૮૦)

પૂર્વ હતું.!

ખાસ કરીને કુંભ સ્થાપન કરેલ હતો, તેનું જલ બધા ઉપર છાંટવામાં આવતું અને બાકી રહેલું થોડા વૈષ્ણવોને પ્રાપ્ત થયેલું. પછી અપ્રાપ્ય બન્યું.

બાલશિબિર

સોમયજ્ઞની સમાપ્તિ પછી પરિષદના પ્રચાર પ્રસાર અર્થે ડૉ. ગજાનન શર્મા (ધાર) તથા શ્રી દ્વારકાદાસ પાટોડિયાના નેતૃત્વમાં 'બાલાશિબિર'ની યોજના તા. ૨૨ થી ૨૬-૪-૮૦ ચાર દિવસ સુધી કાર્યાન્વિત બની.

'બાલશિબિર'માં કુલ ૧૮૦ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ (૧૦ ધોરણથી નીચેના)એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઇન્દોર, સુજાલપુર અને આસપાસનાં ગામોમાંથી આ વિદ્યાર્થીઓ પોતાના શિક્ષક-શિક્ષિકાઓ સાથે આવ્યા હતા. પરિષદે તેમના ઉતારા અને પ્રસાદ લેવા વગેરેની સુંદર વ્યવસ્થા કરી હતી.

નિત્ય પ્રાતઃકાળ ૫-૩૦ વાગ્યે માઈક ઉપર સ્વસ્તિવાચનના મંગલશ્લોકોનો ધ્વનિ થતો અને વિદ્યાર્થીઓ જાગી જતા. તરત જ સમૂહપ્રાર્થના થતી અને પછી નિત્યનિયમથી પરવારી નાહી-ધોઈ તિલક-ચરણામૃત કરી ધ્વજવંદન માટે બધા ચોગાનમાં કાર્યાલય પાસે એકત્ર થતા. ધ્વજગીત ગવાયા પછી બધાને વ્યાયામ યોગાસનોની-જેમકે સૂર્યનમસ્કાર, પ્રણાયામ, દંડબેઠક અને પદ્માસનની પૂરી સમજ આપવામાં આવતી.

૮-૩૦ કલાકે સર્વ વિદ્યાર્થીઓ માટે ચહા. દૂધ, નાસ્તાની વ્યવસ્થા મંડાણમાં થતી. ત્યારપછી ૯-૩૦ પૂજ્યશ્રી શિબિરમાં પધારે અને વિદ્યાર્થીઓને શ્રીયમુનાષ્ટક, બાલબોધ, ચતુઃશ્લોકી અને મંગલાચરણના શ્લોકો શુદ્ધ રીતે બોલાવે, અને એનો ભાવાર્થ, બાળકોને સરસ રીતે સમજાય એવી બાલભાષામાં સમજાવે. સ્તોત્રો, મંગલાચરણ વગેરે આપશ્રી તાલબદ્ધ રીતે એવા સુમધુર લયમાં બોલાવતા કે વિદ્યાર્થીઓ મુગ્ધ બની જતા! સાંભળનારા અન્ય શ્રોતાઓને તો જાણે ભાવસમાધિ લાગી જતી!

પછી પુષ્ટિમાર્ગીય જીવના કર્તવ્ય વિષે અત્યંત સરળતાથી સમજાવતા અને બાળકોમાં સારા સંસ્કાર સુદૃઢ બને, અને તેઓ આચાર-વિચાર પરાયણ બને એ વિષે જે સદ્બોધ આપતા તે અનિર્વચનીય જ કહી શકાય!

આપણા સમર્થ વિદ્વાન આચાર્ય, સર્વકલાચતુર ગોસ્વામી બાલક, બાલકોની શિક્ષામાં પણ કેટલા બધા પ્રવીણ છે, એ 'બાલશિબિર'માં એઓશ્રીના હૃદય-કપાટને ઉદ્ઘાટિત થતા નિહાળનાર ધન્ય બની જતા!

શ્રી...ની સેવા બાલભાવથી થાય, એ આજના કલિકાલના સમયમાં કુમળા બાળકોના મન ઉપર ઠસાવી, સેવાના સંસ્કારો તેમનામાં જાગ્રત થાય, તો આગળ ઉપર જતાં એ વાવેલું બીજ વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરે.

ડૉ. ગજાનન શર્મા તથા શ્રી દ્વારકાદાસ પાટોડિયાએ બાલશિક્ષાની પોતાની આગવી પદ્ધતિ અનુસાર જે શિક્ષાકાર્ય કર્યું છે, તે ઘણું જ સુંદર કહી શકાય.

શિક્ષણવર્ગનો સમય પૂર્ણ થતાં ૧૨ થી ૧ વાગ્યા સુધીમાં બધા શિક્ષાર્થીઓને મહાપ્રસાદ

લેવા બેસાડતા. અહીં પણ બાળકો પ્રારંભથી જ સ્વાશ્રયી બને તે ઉપર સારું ધ્યાન અપાતું. વિદ્યાર્થીઓ જ બધાની પાતળ પરોસતા, જલની સેવા કરતા, સ્નેહથી બધા પ્રસાદ લેતા અને પાતળો પણ ઉઠાવતા. ત્યારપછી તેમને એક કલાકનો વિશ્રામનો સમય અપાતો.

હવેલી સંગીત

બપોરના ૨–૩૦ થી પુષ્ટિમાર્ગીય 'હવેલી સંગીત'નો કાર્યક્રમ ચાલુ થયેલ. આ કાર્યક્રમમાં શ્રી લક્ષ્મણપ્રસાદ જૈન તથા શ્રી પરમાનંદ સોની–બંનેએ શ્રીમહાપ્રભુજીના ગુણાનુવાદનું એક કીર્તન ગાયું. તાનપુરા સાથે ગાન કરતા જાય અને એનો રાગ, તાલ, સ્વર આદિની સમજણ આપે. પ્રથમ તેઓ ગાય અને પાછળ બાળકો એક એક કડી ઝીલે, એવી જ રીતે શ્રીઠાકોરજીને જગાવવાનાં કીર્તન, પછી કલેઉ, શ્રીજમુનાજીનાં, પછી મંગલમંગલમ્‌, અને મંગલાનાં દર્શન ખૂલે ત્યારે, ઋતુ ઋતુ અનુસારનાં કીર્તન કેવી રીતે ગવાય તેની સમજણ આપતા હતા. રાગ ભૈરવ, બિભાસ, યમન, કલ્યાણ વગેરે રાગ વિષે પણ સમજાવતા.

બાળકોનું મન નવનીત સમાન કોમળ હોવાથી કીર્તનની અસર એમના મન ઉપર જલદી થતી. કીર્તનગાન થાય તે એક જ વારમાં મોઢે થઈ જતું.

બીજે દિવસે શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીએ સવારના ૭–૩૦ થી બાલ અધ્યયનનું કાર્ય હાથમાં લીધું હતું. શાસ્ત્રીજીને આ વૈષ્ણવ બાળકોમાં જસોદા મૈયાના બંને લાલ, અને શ્રીદામા, મનસુખા, સુબલ વગેરેનાં દર્શન થતાં. અને જે બાલિકાઓ બાળશિબિરમાં આવી હતી તે તો જાણે તાદૃશ ગોપીઓ, નંદાલયમાં કનૈયાનાં દર્શને આવી હોય તેમ લાગતું હતું. બાળકોમાં ઉચ્ચ ભાવનું આરોપણ કરીને શ્રી શાસ્ત્રીજીએ પોતાનો પાઠ સર્વેને હૃદયંગમ બનાવ્યો હતો. શ્રી શાસ્ત્રીજીએ સર્વેને મનુષ્ય જીવનમાં-વૈષ્ણવ જીવનમાં મહત્ત્વનું પ્રભુસ્મરણ, ભજન, ધ્યાન, અને અષ્ટાક્ષરનું રટણ અત્યંત આવશ્યક છે એ સરળ ભાષા શૈલીમાં સમજાવ્યું હતું.

ત્રીજા દિવસે સંપ્રદાયના પરમ વિદ્વાન આચાર્ય ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીએ વિદ્યાર્થીઓને પોતાની સુમધુર વાણીમાં અને રસમયી શૈલીમાં વચનામૃત કરી, રસતરબોળ કર્યા હતા.

ત્યારપછી શ્રીશ્યામમનોહરજીએ ષટ્‌ઋતુનાં દર્શન હવેલીમાં થાય છે, તેમાં– નિત્યક્રમ, મંગળા, ગ્વાલ, શૃંગાર, રાજભોગ, ઉત્થાપન, ભોગઆરતી અને શયન, અને માનનાં કીર્તનો પછી 'દૃઢ ઇન ચરણન કેરો' આટલાં કીર્તનો ખાસ ગવાય છે. આ બધાં કીર્તનોની ઊંડી સમજ આપી હતી.

પુષ્ટિમાર્ગમાં સાહિત્ય, સંગીત અને કલાનું અનોખું સ્થાન છે. સાહિત્ય એટલું બધું છે કે કોઈ ભાગ્યે જ એ બધું વાંચી શકે છે. આ તો 'નેતિનેતિ' જેવું લાગે છે.

સંગીત એ તો શ્રીઠાકોરજીને રીઝવવાનું નિઃસાધન ભક્તોનું ગાન છે. જેમ એક નાનું બાળક, માતાના વાત્સલ્યભર્યાં હાલરડાંથી ઊંઘી

ચેતનદાસજી મૂંધડા

જાય છે, તો આ તો લાખોનો તારણહાર બાલભાવે પ્રકટ્યો છે તો યશોદામૈયા એને સંગીતનાં લાડ કેમ ન લડાવે?

ઋતુ અનુસાર જુદાં જુદાં વસ્ત્રો, ડિઝાઇન, જાતજાતની આરતી, છઠ્ઠીના દિવસે જે કાળા પાટિયા ઉપર શ્રી....ની છઠ્ઠી ચીતરવામાં આવે છે તે, સાંઝીના જુદા જુદા પ્રકારો–રંગની, ફૂલની, ફળની, સૂકામેવાની, ધાન્યની–આમ સાંઝીના પ્રકારો દર્શન કરનારને મોહમુગ્ધ કરી દે છે! બગીચાનું દર્શન, પુષ્પવિતાન, પનઘટ, દાનએકાદશી, જન્માષ્ટમી, પલના, ડોલ, અન્નકૂટ, હટડી, કોટ, અને કારતક સુદિ એકાદશીના દિવસનું જાગરણ–આ બધી સેવાની પરિપાટી સૂક્ષ્મરીતે આચાર્યચરણોએ અને વિસ્તૃત રીતે પરમ દયાલ શ્રી ગુસાંઇજીએ દાખલ કરી છે, તેની આજે પણ હવેલીઓમાં ઝાંખી થાય છે.

છેલ્લા દિવસે 'બાલ શિબિર'નું કાર્ય પૂર્ણ થતાં વિદ્યાર્થીઓ વિદાય થતા હતા, ત્યારે એવું દૃશ્ય સર્જાયું હતું કે જાણે કૃષ્ણ–બલરામ ગોકુલ છોડીને મથુરા પધારી રહ્યા છે! પૂજ્યશ્રી પ્રથમેશજીને અને ઉપસ્થિત ગો. બાલકોને દંડવત્ કરીને પૂજ્યશ્રીના આશીર્વાદ લઇને વિદ્યાર્થીઓ વિદાય થયા ત્યારે આચાર્યશ્રીઓનાં અને વૈષ્ણવોનાં નેત્રો અશ્રુભીનાં બની ગયાં હતાં!

પરિષદનું અધિવેશન

તા. ૨૭થી ૨૯મી સુધી 'અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ'નું અધિવેશન ભરાયું હતું, તેમાં મધ્ય પ્રદેશની લગભગ ૩૦ શાખાઓના પ્રતિનિધિઓ આવેલા. તદુપરાંત મુંબઈ, કલકત્તા, નાગપુર, અમદાવાદ, કાલોલના સભ્યો પણ ઉપસ્થિત હતા.

પ્રથમ દિવસે ઉપ-પ્રમુખ પૂ. પા. ગો. શ્રી ગિરિધરલાલ બાવાના અધ્યક્ષસ્થાને કાર્યકારિણીની સભા થઈ હતી. શ્રી કુમનદાસજી ઝાલાની, અને શ્રી મુકુંદભાઇએ આજસુધીની પ્રગતિનો હેવાલ વાંચ્યો હતો અને પરિષદની પ્રગતિ સંબંધી ચર્ચા-વિચારણા કરી હતી.

ત્યારબાદ જનરલ સભા થઈ હતી. તેમાં હાલમાં પરિષદનું મુખપત્ર 'શ્રીવલ્લભ વિજ્ઞાન' બંધ છે. તે પુનઃ પ્રારંભ કરવાની ચર્ચા-વિચારણા થઈ હતી. અને ગો. શ્રી ગિરિધરલાલજી બાવાશ્રીના સૂચન ઉપર ચર્ચા કરતાં પ્રત્યેક સભ્યે ઓછામાં ઓછી રૂા. ૧૦૦૧/–ની રકમ કાયમી ભંડોળમાં આપવી કે જેથી તેનું સંચાલન ક્યારેય અટકે નહીં.

હાલમાં અખિલ ભારતમાં પરિષની ૧૧૪ શાખાઓ છે. આ પવિત્ર કુંભપર્વ ઉપર ડો. જેરામભાઈ પટેલ અને અ.સૌ. શ્રી રસિકાબાળા બહેને પરિષદની એક શાખા યુનાઇટેડ કિંગ્ડમ-લંડનમાં સ્થાપવાનું નક્કી કરી, પરિષદના ઇતિહાસમાં એક સોનેરી સોપાન ઉમેર્યું છે.

બીજા દિવસે સભા મળી ત્યારે જે શાખાના સભ્યો ઉપસ્થિત હતા, તેમણે 'કાયમી પ્રકાશન ભંડોળ'માં રૂ. ૧૫,૦૦૦/–નાં વચનો આપ્યાં હતાં. મુખ્ય મંત્રી શ્રી કુમનદાસ ઝાલાનીજી તથા ડો. ગજાનન શર્માએ પોતાના વક્તવ્યમાં એવો ભાર મૂક્યો હતો કે આ કાર્ય ત્વરિત ગતિએ આગળ વધારી 'શ્રીવલ્લભ વિજ્ઞાન'નું પ્રકાશન સવેળા ચાલુ કરવું.

નવીનભાઈ આર. શાહ તથા મુકુંદભાઈ શાહ

ત્યાર બાદ કાર્યકારિણીની સભા મળી હતી, જેમાં પરિષદના ત્રણ વર્ષના હિસાબો રજૂ કરી શકયા નહોતા. બીજા પ્રશ્નો ઉપર ચર્ચા-વિચારણા કરી, સ્થળ ઉપર જ અધ્યક્ષશ્રી ગો. શ્રી વ્રજાધીશજી મહારાજ તથા પ્રચારાધ્યક્ષ પૂ. શ્રી પ્રથમેશજી અને ગો. શ્રી શ્યામમનોહરજીના સાંનિધ્યમાં ઉકેલ લાવી શકાયો હતો.

તા. ૨૮/૨૯-૪-૮૦ના દિને પરિષદનું ખુલ્લું અધિવેશન હતું, જેમાં આમંત્રિત વૈષ્ણવો તથા સ્થાનિક વૈષ્ણવો અને પરિષદના શાખા સભ્યો તથા નગરજનોથી સભામંડપ પૂરો ભરાઈ ગયો હતો. એમાં જુદા જુદા વક્તાઓએ પોતપોતાના વિચારો રજૂ કરી પરિષદને મજબૂત બનાવવા ઉપર ભાર મૂક્યો હતો.

આજના જમાનામાં આપણા માર્ગ ઉપર બહારના અવૈષ્ણવો દ્વારા ખોટા પ્રહારો, આક્ષેપો, અને ટીકાઓ થતી હોઈ, તેનાથી બહારના સમાજમાં ગેરસમજ ઊભી થાય છે, તેને પડકારરૂપ ગણી યોગ્ય પગલાં લેવા જરૂરી છે. જેમ કે, પૂ. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ–રાજનગરવાળા ઉપર 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના એડિટર શ્રીખુશવંતસિંગે પૂ. મહારાજશ્રી ઉપર અને વૈષ્ણવ Cult ઉપર જે અસત્ય આક્ષેપો કર્યા હતા, તેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ અકળાઈ ઊઠ્યો હતો. પરંતુ કલકત્તાના વૈષ્ણવોએ સંગઠન સાધીને એડિટર ઉપર કલકત્તા હાઈકોર્ટમાં બદનક્ષીનો દાવો નોંધેલો. પરિણામે તંત્રીએ બીનશરતી માફી માગેલી અને કોર્ટનો ખર્ચ પણ એમને જ આપવો પડેલો. આવી રીતે દાખલાઓ બેસાડી, માર્ગની નિંદા–મશ્કરી કરનારાઓ સામે લાવબત્તી ધરવી જોઇએ. સાથે સાથે આપણે સજાગ રહેવું જોઇએ.

પુષ્ટિમાર્ગના પ્રચાર–પ્રસાર અર્થે તેમજ આજના યુવાન વર્ગને આકર્ષવા તથા ઊગતા બાળકોમાં ધર્મનું સીંચન થાય તે માટે પ્રત્યેક શાખાએ 'ગોલખ યોજના' શરૂ કરવી જોઇએ કે જેમાં નિત્ય યથાશક્તિ દૈવી ધન પધરાવવામાં આવે, અને તે પણ ત્રણ કે પાંચ વાર અષ્ટાક્ષર મંત્ર બોલીને. તેથી પ્રચારમાં સહયોગ આપવા સાથે મંત્ર–સ્મરણનો લાભ પણ મળે.

આ ઉપરાંત પરિષદ તરફથી જે ત્રણ પ્રકાશનો–દિલ્હીથી 'વલ્લભસ્વર' (હિંદી માસિક) મુંબઈથી 'શ્રીવલ્લભ સંદેશ' (ગુજરાતી માસિક), અને કલકત્તાથી 'શ્રીવલ્લભવાણી' (અંગ્રેજી માસિક) પ્રકાશિત થાય છે, તે માટે કેન્દ્રિય મંત્રીએ ગાઈડ લાઈન નક્કી કરી જે તે શાખા ઉપર મોકલવી કે જેથી અસરકાર પ્રચાર–પ્રસાર થાય.

વિવિધ મનોરથો

'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ' દરમિયાન પૂ. પા. શ્રી પ્રથમેશજીની પ્રેરક આજ્ઞાથી શ્રીમદનમોહનજીના વિવિધ મનોરથો થયા હતા, જેમાં ઉપસ્થિત વૈષ્ણવોએ સ્નેહભાવપૂર્વક પરમ દૈન્યથી સાથ સહકાર આપી, પોતાની વૈષ્ણવતાને સાર્થક કરી હતી. તા. ૨૫મીએ નાવનો મનોરથ, તા. ૨૬મીએ શ્રી યમુનાજીના કાંઠે ચીરહરણનો, તા. ૨૭મીએ છાકનો મનોરથ, રાત્રિએ ફૂલમંડલી ત્યાર પછી બગીચા અને પુષ્પવિતાનના દર્શનીય મનોરથો થયા હતા. છેલ્લો પુષ્પવિતાનનો મનોરથ અતિ ઉત્સાહપૂર્વક અને ભવ્ય રીતે થયો હતો.

મનહરભાઇ શ્રોફ

ભક્તની રક્ષા

તા. ૨૮મીએ સવારે મંગલામાં મુખિયાજી જ્યાં શ્રીજીના મંદિરમાં પ્રવેશ્યા અને કૂલર ચાલુ કરવા ગયા, ત્યાં જ એમને વીજળીનો આંચકો લાગ્યો ! પરંતુ ભક્તરક્ષૈકદક્ષ શ્રીમદનમોહનજીએ પોતાની અદૃશ્ય શક્તિથી એમની રક્ષા કરી. એમના હાથ આકસ્મિક છૂટી ગયા ! બીજા ભીતરિયાઓએ આવીને એમને લાકડાની પાટ ઉપર સૂવડાવી દીધા. હાથ-પગ હલાવીને બેઠા થઈ ગયા અને શ્રીજીની સેવામાં સંલગ્ન થઈ ગયા. સર્વને મંગલાનાં દર્શન કરાવ્યાં.

આ બનાવથી શ્રીમદનમોહનજીની સેવામાં સાવધાનતા રાખવાનો ગૂઢ સંકેત બધાંને મળી ગયો. છતાં પૂ. પા. મહારાજશ્રીએ કાર્યાલય ઉપર સૂચન મોકલાવેલ કે, ' શ્રી....ની સેવા પુષ્ટિમાર્ગીય પરિપાટી અનુસાર સાવધાનીપૂર્વક થતી નથી. અને મુખિયા, ભીતરિયા, જલઘરિયા વગેરે ભાંગનો નશો કરે છે. આથી પ્રમાદ વધે છે.' આ સૂચનનો અમલ કરવા માટે કાર્યાલયના એક અંગીકૃત વૈષ્ણવ ભાઈ તપાસ કરવા ઊપડ્યા તો તેમને જણાયું કે, ભીતરિયો ભાંગનો નશો કરતો હતો અને જલઘરિયો તેમાં ભાગ લેતો હતો. મુખિયાજી ઉજ્જૈનના હોવાથી દવાની માત્રામાં થોડીક ભાંગ લેવાનું વ્યસન પડી ગયેલું. પરિસ્થિતિ જોયા પછી બધા મુખિયા ભીતરિયાઓને તાકીદ કરવામાં આવી કે 'શ્રીમહાપ્રભુજીની મેંડ-મર્યાદા અને પુષ્ટિમાર્ગીય પરિપાટી અનુસાર સેવા કરવી હોય તો ખુશીથી કરો; નહીંતર અપરસમાંથી નીકળી જાઓ.' આની ધારી અસર થઈ. તરત જ બધાએ પોતાના અપરાધની, ભૂલની ક્ષમા માગી અને સર્વ સેવામાં તત્પર બની ગયા.

उज्जैन-नगरपालिका निगम की ओर से

पू. पा. गो. श्री प्रथमेशजी का स्वागत–संमान

राधेश्याम उपाध्याय
बी. ए., एलएल बी.,
उज्जैन–नगरपालिका निगम

६०, गणेशनिवास, हरसिद्धि मन्दिर,
योगीपुरा, **उज्जैन** (म.प्र.)
दिनांक, २६ अप्रैल १९८०

परम श्रद्धेय,

'उज्जैन-नगरपालिका निगम' ने भारतीय संस्कृति के अनुसार सिंहस्थ महापर्व के शुभ अवसर पर आपका स्वागत करने का संकल्प पारित किया है ।

स्वागत समारोह दिनांक २८ अप्रैल १९८० को संध्या ६ बजे, 'कालिदास-मण्डप', दत्त अखाड़ा, मेला क्षेत्र में आयोजित किया जा रहा है ।

कृपया, हमें आपका स्वागत करने की स्वीकृति प्रदान कर कृतार्थ करें । इससे 'उज्जैन-नगरपालिका निगम' स्वयं को गौरवान्वित अनुभव करेगा ।

विनीत,
राधेश्याम उपाध्याय

વિઠ્ઠલદાસ ખીશાની

સ્વાગત-સંમાન

આ શુભાવસરે ઉજ્જૈન નગરપાલિકા નિગમે એક ઠરાવ પસાર કરીને પૂ. પા. શ્રીપ્રથમેશજીનું 'સ્વાગત-સંમાન' કરવાનો નિશ્ચય કર્યો હતો, એના મૂળ પત્રની પ્રતિલિપિ અહીં આપવામાં આવી છે.

શાહી સ્નાન

હવે 'શાહી સ્નાન'ની તૈયારીનો પ્રારંભ થયો. તા. ૨૩-૪-૮૦ના દિવસે 'અખિલ ભારતીય પંચ નિર્વાણી અનિ અખાડા' તરફથી જણાવવામાં આવ્યું કે, પૂજ્ય આચાર્યશ્રીનું સ્થાન, નિશાન, ડંકા, હાથી અને ત્યારબાદ પૂ. આચાર્યશ્રી, બૅન્ડ, શરણાઈ અને વૈષ્ણવો સાથે આગળ રહેશે. પછી તા. ૨૫-૪-૮૦ના બીજા પત્રથી અખાડાવાળાએ જણાવ્યું કે, પૂજ્ય આચાર્યશ્રીનું સ્થાન દશમું એટલે કે ત્રીજું રહેશે. પ્રથમ ચતુઃસંપ્રદાયવાળા નિર્મોહી, નિર્વાણી, પછી અખાડાના સાધુ સંતો અને ત્યારબાદ આચાર્યશ્રી રહેશે. આ ઉપર પૂજ્ય પ્રથમેશજીની આજ્ઞાથી શ્રીસત્યનારાયણ ખંડેલવાલ, શ્રી દ્વારકાદાસ રાણા અને શ્રી પરમાનંદ સોની- આ ત્રણેય અંતરંગ વૈષ્ણવો અનિ અખાડાના મહંત શ્રી રામદાસજીને મળ્યા અને વિગતે ચર્ચા કરીને મહંતશ્રીને સમજાવ્યા. આખરે તા. ૨૯-૪-૮૦ના દિવસે પોલિસ કમિશ્નરની કચેરીમાં બધાની સભા બોલાવવામાં આવી. એમાં અતિ કુનેહથી ચર્ચા કરતાં, સ્ત્રીઓને શાહી સ્નાનમાં સામેલ ન કરવાની શરત ઉપર સર્વપ્રથમ પૂ. પા. આચાર્યશ્રી, ત્યારપછી ચતુઃ વૈષ્ણવ સંપ્રદાય, નિર્મોહી નિર્માણી અખાડાઓ રહે તેમ ઠરાવવામાં આવ્યું. અને આ સ્નાનનો પ્રથમ હક્ક, કાયમને માટે શ્રીવલ્લભ સંપ્રદાયને મળ્યો. અને જ્યારે જ્યારે, જ્યાં જ્યાં કુંભપર્વ યોજાય ત્યાં શાહી સ્નાનમાં અગ્રસ્થાન આચાર્યશ્રીનું રહેશે.

આ રીતે શાહીસ્નાનમાં પ્રથમ નિશાન, ડંકા, ચૌદ હાથી, પોલિસની વાન, ત્યારબાદ બૅન્ડપાર્ટીઓ અને પછી પૂ પા. આચાર્યશ્રીઓ ગો. શ્રીશ્યામમનોહરજી, ગો. શ્રીગોકુલોત્સવજી તથા વિદ્વાનો, પંડિતો, કીર્તનમંડલીઓ અને વૈષ્ણવો અને છેલ્લે પોલિસવાનો હતી. શાહી સ્નાનની શોભાયાત્રા ૮-૦૦ વાગ્યે નીકળી હતી, અને લગભગ ૧૧-૦૦ વાગ્યે રામઘાટ પહોંચી હતી. સ્થળે-સ્થળે આચાર્યશ્રીઓને પુષ્પવૃષ્ટિ વડે અને પૂજન-આરતીથી સન્માન થતું હતું. સંપૂર્ણ શોભાયાત્રાની લંબાઈ સાડા પાંચ કિલોમીટર હતી.

શાહી સ્નાન પછી પૂ. પા. આચાર્યશ્રીઓ સહિત સર્વ વૈષ્ણવો શ્રીનાથજીની હવેલીએ થોડીકવાર બિરાજ્યા હતા. પછી ૨-૦૦ વાગ્યે બધા શ્રીવલ્લભાચાર્યનગર ઉપર આવ્યા હતા.

મંડાણમાં પહોંચતાં જ વૈષ્ણવોને મહાપ્રસાદની પાતળો ધરવામાં આવી. ચારેક વાગ્યે પ્રસાદ લઈને બધા વિશ્રામ કરવા ગયા.

જેની મહિનાઓ થયા વાટ જોઈ રહ્યા હતા, એ કુંભપર્વનો સમય ક્યારે આવ્યો, અને ક્યારે પૂર્ણ થઈ ગયો, એની નિત્યની વિવિધ પ્રવૃત્તિઓમાં કોઈને ખબર ન પડી અને મેની ૧લી તારીખ આવી ગઈ !





'શાહી સ્નાન' ૧. શાહી સ્નાનની શોભાયાત્રા (તા. ૩૦-૪-૮૦)
૨. પૂ. શ્યામમનોહરજી, પૂ. શ્રીપ્રથમેશજી, મહંતશ્રી અને વૈષ્ણવો.





ક્ષિપ્રા સ્નાન
૧. પૂ. શ્રીપ્રથમેશજી અને વૈષ્ણવો
૨. પૂ. શ્રીલાલમણિજી બાવા, પૂ. શ્રીગોકુલોત્સવજી

આગલે દિવસે જ્યાં બે-ત્રણ હજાર વૈષ્ણવો હતા, તેમાંથી આજે શાહી સ્નાન પછી આશરે પંદરસો રહ્યા હશે.

છેલ્લું પ્રવચન

આજે સવારે ૮–૩૦ વાગ્યે પૂ. પા. શ્રીપ્રથમેશજીનું છેલ્લું પ્રવચન હતું. સર્વપ્રથમ નિત્યક્રમ અનુસાર ધ્વજવંદન થયું હતું. ત્યાર પછી મંગલા અને પછી શ્રીનથુશંકરજીના શ્રીમદ્‌ભાગવતની પૂર્ણાહૂતિ રાખેલ. સર્વ વૈષ્ણવો ચાતકની પેઠે પૂજ્યશ્રીનાં વચનામૃત સાંભળવા આતુર થઈ રહ્યા હતા.

પૂજ્યશ્રી બરાબર ૯–૩૦ વાગ્યે સભામંડપમાં પધાર્યા. એઓશ્રીએ 'કુંભપર્વ'નું મહત્ત્વ અને શ્રીમદ્‌ભાગવતની સર્વોદ્ધારકતા વિષે અત્યંત પ્રેરક પ્રવચન કરી, શ્રોતાજનોને આનંદિત કર્યા હતા.

છેલ્લે આપશ્રીએ ભાવભરી વાણીમાં વચનામૃતો કરતાં કહ્યું કે, 'આ આયોજનમાં કાર્યાલય તરફથી કે કાર્યકર્તાઓથી જાણ્યે-અજાણ્યે કોઈને મનદુઃખ થયું હોય તો સર્વ ઉદાર હૃદયે ક્ષમા કરશો.' પત્રિકા છપાવીને આપશ્રીએ એમાં પણ આ પ્રમાણે જ જણાવ્યું હતું.

કાર્યાલય તરફથી પણ એક પત્રિકાનું પ્રકાશન કરીને એમાં કોઈને મનદુઃખ થયું હોય, અડચણ પડી હોય, તો ઉદાર હૃદયે ક્ષમા આપવાનો અનુરોધ કર્યો હતો અને 'કુંભપર્વ' તેમજ 'સોમયજ્ઞ'માં તન-મન-ધનની સહાય કરનાર તમામનો આભાર માન્યો હતો.

શ્રીમદનમોહનજી અને શ્રીમહાપ્રભુજીની યથાસ્થાન પધરામણી

આજરોજ સાંજે પવન મંદ મંદ વાતો હતો. વાતાવરણ શાંત, શીતલ, અને આહ્લાદક હતું. સવારના જ પૂ. શ્રીપ્રથમેશજી મહારાજનું સૂચન થયું હતું કે, આજે શ્રીઠાકોરજી મદનમોહનજીને ઉજ્જૈન નગરમાં હવેલીએ પધરાવવા અને સાથે સાથે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને પણ પધરાવવા.

નિશાન, ડંકા, ધ્વજા, પાલખી, હાથી, અને બેન્ડપાર્ટીઓ સાંજના ૪ વાગ્યે આવી ગઈ હતી. પરંતુ ભગવદ્‌ઇચ્છા કંઈક જુદી જ હતી.

સાંજના સાડાચાર અને પાંચની વચ્ચે ધૂળની ડમરીઓ સાથે થોડો થોડો વરસાદ શરૂ થયો. પાલમાં અને શ્રીવલ્લભાચાર્યનગરમાં થોડી વાર તો હલચલ મચી ગઈ ! કેમકે, આજે પ્રાણપ્રેષ્ઠ શ્રીમદનમોહનલાલજી સ્વસ્થાને પધારવાના હતા. વૈષ્ણવોને શ્રીઠાકોરજીનો વિયોગ ગમતો નહોતો, તેમ શ્રીઠાકોરજીને પણ વૈષ્ણવોનો વિયોગ ગમતો નહોતો. આથી થોડોક વધારે સમય વૈષ્ણવોની વચ્ચે રહી શકાય એ માટે શ્રીઠાકોરજીએ પોતાની પ્રકૃતિનટી પાસે થોડુંક નાટ્ય કરાવ્યું !

વાતાવરણમાં પરિવર્તન થયાની જાણ કરતા એક વૈષ્ણવ પૂજ્યશ્રીની સંમુખ પહોંચ્યા અને સદૈન્ય વિનંતી કરી કે, 'કૃપાનાથ ! આવા સંજોગોમાં શોભાયાત્રા શી રીતે કાઢી શકીશું ?' આપશ્રીએ વૈષ્ણવની વાત સાંભળી લઈ થોડી વાર મૌન રહીને બેન્ડના સુમધુર સ્વરો સાંભળીને મુખિયાજીને આજ્ઞા કરી : 'શ્રીઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવો.' આજ્ઞા કરીને આપશ્રી મોટરમાં બિરાજ્યા. અને કીર્તનો સાથે શ્રીઠાકોરજીની શોભાયાત્રા શ્રીવલ્લભાચાર્યનગરથી હવેલીએ જવા માટે વિદાય થઈ. ઠેર-

ઠેર જયઘોષ થતા હતા. વૈષ્ણવોનો સમુદાય ઘણો જ હતો. લગભગ સાતેક વાગ્યે શ્રી...ની શોભાયાત્રા હવેલીએ પહોંચી. શ્રી...ને પરિશ્રમ પડ્યો હોવાથી મનોહર ભોગ આવ્યો. શ્રીજી પ્રેમથી આરોગ્યા. ત્યારબાદ લગભગ આઠ વાગ્યે શયનનાં દર્શન સર્વ વૈષ્ણવોએ કર્યાં.

આ બાજુ શ્રીવલ્લભાચાર્યનગર ખાલી થવા લાગ્યું. જ્યાં જ્યાંથી જે જે માલસામાન આવ્યો હતો, તે સર્વને સાવધાનીપૂર્વક પહોંચતો કરવામાં આવ્યો. પૂજ્યશ્રીનો સામાન અને હવેલીનો સામાન પણ યથાસ્થાન પહોંચાડવાની વ્યવસ્થા થઈ ગઈ. પાલવાળા, ઇલેક્ટ્રિકવાળા, અને માઈકવાળા—બધાએ પણ પોતપોતાનો સામાન સંભાળી લઈ પોતપોતાના સ્થાને રવાના કરી દીધો. હિસાબો ચૂકતે કરવામાં આવ્યા.

તા. ૨-૫-૮૦ના દિવસે શ્રી દ્વારકાદાસ રાણા મુંબઈ જવા રવાના થયા. એમણે સર્વ કાર્યકર્તાઓની ક્ષમા માગી અને પૂજ્યશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, પોતાની કોઈ ક્ષતિ થઈ હોય તો ક્ષમા આપવા પ્રાર્થના કરી. આપશ્રીએ એમને શુભાશીર્વાદ આપી વિદાય કર્યા. જેઓ સર્વપ્રથમ ઉજ્જેન આવ્યા હતા, તેઓ ઉજ્જેનથી સર્વપ્રથમ વિદાય થઈ રહ્યા હતા. એમણે બધો હવાલો શ્રી સોનીને સોંપીને અશ્રુભીની આંખે વિદાય લીધી.

હિસાબનું કામ શ્રી પરમાનંદ સોનીએ વ્યવસ્થિત સંભાળી, બધાની ક્ષમા માગી હિસાબો રજૂ કર્યા અને પૂજ્યશ્રીની આજ્ઞા લેવા ગયા. યુગલસ્વરૂપે એમને સાશ્રુનયને આશીર્વાદ પ્રદાન કર્યા. શ્રી સોનીની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા. તેઓ તા. ૪-૫-૮૦ના દિને મુંબઈ જાવા રવાના થયા.

પૂજ્યશ્રીએ મુખિયાજી, ભીતરિયા, તથા અન્ય જે કોઈ આ કાર્યમાં સામેલ હતા, તે બધાને યોગ્ય પુરસ્કાર આપી, શુભાશીર્વાદ આપ્યા, અને આપશ્રી તા. ૧૦-૫-૮૦ના દિવસે ઉજ્જેનથી મોટર રસ્તે કલકત્તા પધાર્યા. મંદિરમાં વૈષ્ણવોએ આપશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. તા. ૧૧-૫-૮૦ના રોજ મંગલાનાં દર્શન કરીને કલકત્તાના વૈષ્ણવો આનંદિત થયા.

આ 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'ના દર્શનાર્થે બહારગામથી દોઢેક લાખ વૈષ્ણવો આવ્યા હતા. ટ્રેઈન દ્વારા આવતા વૈષ્ણવોની સુવિધા માટે રેલ્વે સ્ટેશને સ્વયંસેવકો સેવા-માર્ગદર્શન આપતા હતા. એ સિવાય નાગદા સ્ટેશને પણ આવી સેવાનો પ્રબંધ ગોઠવેલો.

આભાર

આ 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'ના અવસરને પોતાના ઘરનો જ મંગલ અવસર માનીને નીચેના વૈષ્ણવો કાર્યકરો અને સંસ્થાઓએ જે સહયોગ આપ્યો છે, તે બધાનો અત્રે આભાર માનતાં હૃદય આનંદ-પુલકિત બને છે, એ બધાના ઉત્સાહભર્યા કાર્યની અમર ગાથા ચિરસ્મરણીય રહેશે.

૧. શ્રી મે. લલ્લુજી એન્ડ સન્સ, શ્રી વિનોદભાઈ, પાલનો કોન્ટ્રેક્ટ, કાનપુર

૨. શ્રી સીતારામજી અગરવાલ, નેશનલ ઇલેક્ટ્રિકલ્સ, ઉજ્જેન.

કિશનભાઈ ઝવેરી, મુંબઈ

(૧) પરિષદની કાર્યકારિણી સમિતિ (તા. ૨૭-૪-૮૦)

(૨) શ્રીવલ્લભાચાર્યનગરમાં સમૂહ યજ્ઞોપવીત (તા. ૨૭-૪-૮૦)
(પૂ. પા. શ્રી પ્રથમેશજી સાથે બટુકો)

કાર્યવાહક સમિતિ

(૧) શ્રી દ્વારકાદાસ રાણા, શ્રી હરસુખભાઈ બાગડી, શ્રી પરમાનંદ સોની, શ્રી મણિકાંત સી. શેઠ,
શ્રી જમનાદાસ પી. શાહ

(૨) શ્રી પ્રતાપભાઈ ભાટિયા (મંડાણ), શ્રી દ્વારકાદાસ રાણા (મુખ્ય સંચાલન),
શ્રી જમનાદાસ પી. શાહ (હિસાબ, ઑફિસ)

---

૩. અ. સૌ. વીણાબહેન કે જેઓ સર્વપ્રથમ પ્રેરણારૂપ બન્યાં, કાર્યકરોમાં એમણે પુષ્ટિરસનું સીંચન કરી, શ્રીવલ્લભાચાર્યનગરનું કાર્ય ગતિશીલ બનાવવામાં એમનો ફાળો મહાન છે.

૪ થી ૧૦. શ્રીઘનશ્યામભાઈ, કાકુભાઈ, મે. જેઠાલાલ હીરજીનો પરિવાર, શ્રી દેવીદાસભાઈ, મહેન્દ્રભાઈ, ગોપાલભાઈ, દિલીપભાઈ, વામનભાઈ, કાકુભાઈ, બચુભાઈ વગેરે રાત-દિવસ જોયા વિના ખડે પગે ઊભા રહી, જે વસ્તુ જોઈએ તે તરત જ હાજર કરી દેતા હતા.

૧૧ થી ૨૧. શ્રી હસમુખભાઈ બાગડિયા, હેમંત સોની, અશોકભાઈ જડિયા, વિષ્ણુપ્રસાદ, શ્રીગિરિરાજ વિજયવર્ગી, શ્રીવલ્લભદાસજી, શ્રીહુરકટજી, શ્રી વિઠ્ઠલદાસજી, શ્રી સત્યનારાયણ ખંડેલવાલ, શ્રી ચેતનદાસજી મૂંધડા વગેરેનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

ખાસ આભાર અને ઋણ સ્વીકાર તો પૂ. પા. શ્રી પ્રથમેશજીનો જ કરવો જોઈએ કે જેઓશ્રીએ અસીમ કૃપા કરીને પુષ્ટિમાર્ગના ગુણગૌરવની અસાધારણ વૃદ્ધિ કરનાર 'કુંભપર્વ' અને 'સોમયજ્ઞ'નાં અલભ્ય દર્શનનો કૃપાલાભ આપ્યો છે. આ પ્રસંગે એઓશ્રીએ કાર્યકર્તાઓને પુષ્ટિમાર્ગની પરિપાટી, મેંડ અને પ્રાચીન આચાર્યરીતભાતની જે ઝાંખી કરાવી છે, એ જિંદગીનો અમૂલ્ય લ્હાવો બની ગયેલ છે.

૨૨. ઉજ્જેનની 'નાગર જ્ઞાતિ'એ તથા 'મહેશ્વરી સમાજે' શ્રીવલ્લભાચાર્યનગરનાં 'વૈષ્ણવ મંડળ' માટે વાસણની સંપૂર્ણ સગવડ નિઃસ્વાર્થભાવે આપી છે, તે બદલ તે તે સંસ્થા અને એના કાર્યકર્તાઓનો આભાર માનતાં પરમ હર્ષ અનુભવીએ છીએ.

અત્રે પધારેલા આચાર્યશ્રીઓના ભોજન-તપેલીની બધી વ્યવસ્થા શ્રી શર્માજીનાં વહુજીએ સંભાળી લીધી હતી, તે બદલ આભાર.

આ ઉપરાંત શ્રીબેઠકજીમાં વૈષ્ણવોના ઉતારાનો સુપ્રબંધ કરવામાં આવ્યો હતો, એટલે તેના સંચાલકોનો તેમજ પરિષદની જે જે શાખાએ સહકાર આપ્યો છે, તે તમામનો આભાર.

પૂજનીયા અ.સૌ. શ્રી વહુબાજીની સંપૂર્ણ દેખરેખ નીચે સાંપ્રદાયિક આરતીઓની વિવિધ કલાઓનું પ્રદર્શન, તેમજ ચિત્ર પ્રદર્શન તથા અમદાવાદવાળા શ્રી શર્માજી દ્વારા શ્રીવલ્લભના જીવનને સંપૂર્ણ સમજાવતા ચિત્રનું પ્રદર્શન, સંપ્રદાયના ગૌરવ સમાન હતું. આ બદલ તે તે મહાનુભાવોનો આભાર.

આ સંપૂર્ણ સુઅવસરની ફિલ્મ ઉતારવામાં આવી છે.

અત્રે શરતચૂકથી કે અસાવધાનીથી કોઈ સેવાભાવી કાર્યકરનું વ્યક્તિગત નામ ન આપી શકાયું હોય તો તે તમામ નામી-અનામી સેવાભાવી કાર્યકર્તાઓની સેવા બદલ આભાર માનીએ છીએ.

ઉપસંહાર

પરમ વંદનીય શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીની અહૈતુકી કૃપાથી અને પૂ. પા. શ્રીપ્રથમેશજીની ઉચ્ચ ભાવના અને ધગશથી પુષ્ટિમાર્ગના ગૌરવમાં અસાધારણ વૃદ્ધિ કરતો 'કુંભપર્વ'નો

નાથાભાઈ દાવડા, મુંબઈ



સુમંગલ અવસર અને તે સાથે સાથે પોણા ચારસો વર્ષ પછી થયેલો 'સોમયજ્ઞ' પણ નિર્વિઘ્ન પરિપૂર્ણ થયો. લાખોની સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ આ બંને આયોજનનાં અત્યંત ઉમંગથી ઉત્સાહપૂર્ણ રીતે દર્શન કર્યાં.

ફલાશારહિત નિષ્કામ કર્મ હંમેશા સફળ થાય છે.

'યજ્ઞભોક્તા' અને 'યજ્ઞકર્તા'એ આ દિવ્ય મનોરથ ઉપજાવ્યો, અને એઓશ્રીએ જ સંપૂર્ણ સિદ્ધ કર્યો, એમાં એઓશ્રીનો કૃપા કટાક્ષ જ કારણભૂત છે. ઇતિ શમ્ ।



દિનેશચંદ્ર પટેલ એન્ડ બ્રધર્સ (ગુજરાત મૉટર્સવાળા) ઈન્દોર

અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-કલકત્તા શાખા

શ્રી કુંભ આયોજન ખાતું (સને ૧૯૮૦, સંવત ૨૦૩૬)

૩૧મી માર્ચ, ૧૯૮૦ થી ૩જી મે, ૧૯૮૦

આવક – જાવકનો હિસાબ

આવક

શ્રી કુંભઆયોજન ખાતે	રૂ.
કલકત્તા શાખા	૧૨૫૦૦૦-૦૦
મુંબઈ શાખા	૨૫૫૦૧-૦૦
ઈન્દોર શાખા	૩૫૧૦૧-૦૦
ઉજ્જૈન શાખા	૧૫૫૦૧-૦૦
ભોપાલ શાખા	૧૭૬૩૧-૦૦
પીપરિયા શાખા	૫૮૮૧-૦૦
ગ્વાલિયર શાખા	૩૨૨૧-૦૦
કોટા શાખા	૭૮૫૧-૦૦
મનોહર થાણા શાખા	૯૨૦૧-૦૦
નાગપુર, રાજકોટ, જામનગર વગેરેના	૩૭૩૫૧-૦૦
સુવેનિયર ખાતે	૧૫૫૦૧-૦૦
સુજાલપુર, ખીલચીપુર, આગર, બરોનીયા, બીયાવરા, તથા અન્ય બીજી શાખાઓના	૪૧૭૫૧-૦૦
બીજી સેવા, ભેટ વગેરેના મનોરથો	૧૩૨૬૩૧-૦૪
	રૂ. ૪,૭૨,૧૨૨-૦૪

જાવક

શ્રી પાલ-શમિયાણા,	રૂ.
,, મંડપ ખાતે	૧૨૬૮૪૬-૦૦
,, વીજળી, કોલસા, બળતણ	૩૭૬૪૬-૭૦
,, લાઉડસ્પીકર ખાતે	૯૩૫૦-૦૦
,, ભંડાર ખર્ચ ખાતે	૮૭૫૮૬-૬૫
,, તાર-ટપાલ, ટેલિ. છપામણી	૨૪૦૨-૧૫
,, મોટરવાહન, મુસાફરી, તથા પરચૂરણ રીપેરીંગ ખાતે	૨૦૭૨૦-૦૮
,, દવાખાના ખર્ચ	૨૦૪૨-૧૦
,, સ્ટેશનરી, છપામણી વગેરે	૫૧૭૨-૯૫
,, પહેરામણી ખર્ચ	૨૧૯૪૩-૯૦
,, રાસધારી મંડલી ખાતે	૧૪૭૧૨-૦૦
,, પરચુરણ ખર્ચ	૯૨૯૭-૫૧
,, સુવેનિયર ખાતે	૮૦૦૧-૦૦
,, મનોરથ, શોભાયાત્રા વ.	૨૯૦૬૮-૦૫
ગૌશાળા ખાતે	૨૨૬૭-૦૦
સોમયજ્ઞ ખાતે	૮૧૭૯૦-૯૫
સંગીતસભા ખાતે	૫૭૭૫-૦૦
ફોટોગ્રાફી, ફિલ્મ ખાતે	૭૫૦૦-૦૦
	રૂ. ૪,૭૨,૧૨૨-૦૪

પરમાનંદ સોની	**જયંતીભાઈ ઝવેરી**	**દ્વારકાદાસ રાણા**	**સુમનભાઈ શાહ**
(મંત્રી)	(ખજાનચી)	(પ્રમુખ)	(ઉપપ્રમુખ)

वल्लभ संप्रदाय के प्रथम पीठाधीश्वर का

सार्वजनिक वक्तव्य

H. H. PRATHMESH

श्री वल्लभाचार्यनगर
उज्जैन, दि० ५-४-१९८०

भारतीय संस्कृति की यह द्रढ़ मान्यता है कि हमारे आचार्य श्री प्रभु के विभिन्न कार्यों को मूर्तस्वरूप प्रदान करने के हेतु उन्हीं के श्री विग्रह से प्रकट हुए हैं। श्री शंकराचार्य रुद्रावतार, श्री निम्बार्क सुदर्शनावतार, और मध्व वायु, एवं श्री वल्लभाचार्य अग्नि अवतार हैं। इन सभी आचार्यों ने मानवजाति के पतन को प्रत्येक दिशा से रोकने का अधिकारानुसार आशीर्वाद प्रदान किया है। अतः इनमें वैषम्य बुद्धि की कल्पना वैदिक आस्था के अनुकूल नहीं है। धर्म का विविधाँगी विचार ही भारत की विशेषता और मौलिकता है जिसमें भगवान् के विभक्त में भी अविभक्त स्वरूप के दर्शन साकार होते हैं। इतना ही नहीं, धर्मशास्त्रीय सदाचार का साम्य हम समस्त भारत में देख भकते हैं। इसीसे आज हमारी छवि परम उज्ज्वल बनी है। जहाँ संत दुस्संगका निवारण करते हैं। वह उनसे दुर्भावना की आशंका कैसे की जा सकती ? सहज स्वभाव के कारण किसी के द्वारा उनके मन में आशंका हो तो उसका निवारण विवेक से करना चाहिए। धर्म में रुचि का वैचित्र्य प्रभु के ही ललित स्वरूप की अनोखी अभिव्यंजना है। इसलिए हमारी संतरूपी दैवी शक्ति का देश ही नहीं, विश्वनिर्माण में बहुत बड़ा उपयोग है। इसके प्रति आज समाज उदासीन है। फिर भी हमें द्रढ़ता से धर्म एवं धार्मिक समाज की विश्वजनीन उपयोगिता सिद्ध करनी है। वर्तमान समय से पूर्व ही धर्म पर आक्षेप कर भारतीय जनों की आस्था हिलाने का प्रयास पाश्चात्य शासन ने व्यवस्थित रूप से किया था, किन्तु उसकी विफलता का कारण हमारे समाज की द्रढ़ता और आत्मीय अनुशासन वृत्ति ने ही की थी। फिर भी इसका प्रत्यक्ष प्रभाव आधुनिटता में स्पष्ट दिखाई देता है। जहाँ धर्म एवं धर्मशास्त्र में विषम बुद्धि से विचार करने की फेशन ही बन गई है। ऐसी स्थिति में अपनी मौलिकता की रक्षा करते हुए हमारे समाज की एकता स्थापित करनी है। यही हमारे वैष्णव द्रष्टिकोण का सही प्रतीक है। वेद और प्रभु का यही हमें अनादि संदेश सतत प्राप्त हो रहा है। आशा है, धार्मिक आदरणीय संतगण इस पर मनन कर देश की जनता का इस जड़वादी विज्ञान के युग में समवेत आशीर्वादात्मक मार्ग दर्शन करेंगे। यही श्री लीलापुरुषोत्तम एवं श्री मर्यादापुरुषोत्तम सरस स्वरूप की समन्वयात्मक साक्षात् सिद्धि है। आशा है, जनसमुदाय और सरकारी विचारक अपने देश की इस अमूल्य निधि की गंभीरता से पहचानने का प्रयास करके समादरणीय संतों के आशीर्वाद सच्चे हृदय से प्राप्त करेंगे। स्वधर्म पालन में व्यवधान एवं विक्षेप तो गणतंत्र का उचित पतीक नहीं है। एवं ऐसा व्यवहार अपने आपमें प्रतिकूल है यह हमें अंतर से समझना चाहिए। शेष भगवत्कृपा।

☆